# શીવ-કાંચન કલ્પતરુ



ભારતી દિપક મહેતા

A

## ॥ श्री नवकार मंत्र ॥

𑀡𑀫𑁄 𑀅𑀭𑀺𑀳𑀁𑀢𑀸𑀡𑀁

𑀡𑀫𑁄 𑀲𑀺𑀤𑁆𑀥𑀸𑀡𑀁

𑀡𑀫𑁄 𑀆𑀬𑀭𑀺𑀬𑀸𑀡𑀁

𑀡𑀫𑁄 𑀉𑀯𑀚𑁆𑀛𑀸𑀬𑀸𑀡𑀁

𑀡𑀫𑁄 𑀮𑁄𑀏 𑀲𑀯𑁆𑀯𑀲𑀸𑀳𑀽𑀡𑀁


𑀏𑀲𑁄 𑀧𑀁𑀘𑀡𑀫𑀼𑀓𑁆𑀓𑀸𑀭𑁄

𑀲𑀯𑁆𑀯𑀧𑀸𑀯𑀧𑁆𑀧𑀡𑀸𑀲𑀡𑁄

𑀫𑀁𑀕𑀮𑀸𑀡𑀁 𑀘 𑀲𑀯𑁆𑀯𑁂𑀲𑀺𑀁

𑀧𑀠𑀫𑀁 𑀳𑀯𑀇 𑀫𑀁𑀕𑀮𑀁

॥ ब्राह्मी लिपि ॥



ઉગે ને આથમે વર્ષો, ઓટ ને ભરતી ભર્યા...
સ્નેહથી સંચર્યા સાથે, તેહ દંપતિ ખરું તર્યા!
આપ છો કુલ મહત્તરા, સંસ્કૃતિની પરંપરા
અર્પજો આશીષ અમ સૌને ઔચિત્યભર્યા!

# શીવ-કાંચન કલ્પતરુ



ભારતી દિપક મહેતા

## Shiv-Kaanchan Kalpataru

A biographical sketch of my parents' inspirational life.
By Bharti Deepak Mehta


## ©Bharti Deepak Mehta



82, Gautam Buddha Apts.,
Opp. Shastri Medan,
Shri Kanji Swami Marg,
Rajkot-360001.
+9198252 15500
bharti@mindfiesta.com



## First edition:

March - 2016 | Pages : 150
For private circulation

## Publishers:

thinkFIESTA PUBLICATION
team@mindfiesta.com

## Concept & Design:

fiesta designs SIMPLIFY | INNOVATE | CREATE

www.fiestadesigns.in
team@fiestadesigns.in

## e-Book available on:

www.navkarday.com
www.fiestaflip.com

## Printers:

Pragati Offset Pvt. Ltd.
Hyderabad.
www.pragati.com

# ધરતી અને આકાશની કવિતા

– પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સર્વ મનોરથ પૂર્ણ કરનાર હોય છે કલ્પતરુ. જીવનમાં મનોરથ જાગે છે સંજોગો અને સંસ્કારથી અને એની પૂર્તિ થાય છે વ્યક્તિગત પુરુષાર્થથી. ઊર્ધ્વ જીવનના આકાશમાં ઉમદા મનોરથોનું સર્જન-સંમાર્જન કરે છે માતાપિતા. એવા 'શીવ-કાંચન કલ્પતરુ' સમાન પિતા શીવલાલભાઈ અને માતા કંચનબહેનને ધર્મનિષ્ઠ, સંસ્કારપૂર્ણ અને ભાવનાશીલ પુત્રીએ કરેલી આ શબ્દવંદના છે. માતાપિતાના જીવનમાં શીળો, મીઠો અને લાગણીભર્યો છાંયડો તો પુત્રી આપતી હોય છે અને એવી પુત્રીએ અહીં માતાપિતાને ભાવભર્યું શબ્દતર્પણ કર્યું છે.

મહર્ષિ વેદવ્યાસ રચિત 'મહાભારત'નાં વનપર્વમાં યુધિષ્ઠિર યક્ષને ઉત્તર આપતાં કહે છેઃ

। माता गुरूतरा भूमेः पितोच्चतरस्तथा ।
માતાનું ગૌરવ પૃથ્વીથી પણ અધિક છે અને
પિતા આકાશથી પણ ઊર્ધ્વ છે.

આકાશની કોઈ કવિતા હોય તો તે તારા અને ચંદ્ર છે અને જો ધરતી પરની કોઈ કવિતા હોય તો તે માતા અને પિતા છે. એ આપણા અસ્તિત્વની આસપાસ સદૈવ વીંટળાયેલા રહે છે. માતા-પિતા આપણા જીવનમાં અજર-અમર હોય છે. એ કદીય અસ્ત થતા નથી. એમનું શાશ્વત વહાલ ક્ષણેક્ષણે આપણી આસપાસ વહેતી હવાની લહરીઓમાં વીંટળાઈને સંતાનને આલિંગન આપતું હોય છે.

માતા અને પિતા માત્ર વાત્સલ્ય આપતા નથી, કિંતુ એને અવિરતધારે વરસાવે છે. કોઈ વ્યક્તિ પોતાના જીવનમાંથી માતાપિતાની બાદબાકી કરે, તો પછી બાદબાકી કરીને પોતાની જાતનો સરવાળો કરવા જાય તો ખબર પડે કે એ પછી કશું ઝાઝું શેષ રહેતું નથી. ચીનના મહાન ચિંતક અને

ધર્મસ્થાપક કન્ફ્યુશિયસનું બોધવાક્ય છેઃ હું મારી માતાનું જ પ્રતિબિંબ છું. અને અન્યત્ર કહે છેઃ 'જીવંત માતા-પિતા પ્રત્યે પ્રેમ અને આદર સેવવા અને જો તે સ્વર્ગીય હોય તો તેમના પ્રત્યે શોક વ્યક્ત કરવો તે પ્રત્યેક મનુષ્યનું પરમ પાવન કર્તવ્ય છે.' સામે પક્ષે યહૂદી ધર્મ તો પોકારી પોકારીને કહે છે કેઃ 'જે વ્યક્તિ માતાપિતાની અવજ્ઞા કરે છે, તેનો પોતાનો દીપક બુઝાઈ જાય છે અને એના જીવનમાં ઘોર અંધકાર પ્રગટે છે.'

હકીકત એ છે કે માતા અને પિતા શબ્દોનું ઉચ્ચારણ થાય, એ સાથે જ વાતાવરણમાં ઉજાસ પથરાઈ જાય છે અને ભીતરનો 'માંહ્યલો' ઝળાંહળાં થઈ ઊઠે છે. આવા એક તેજસ્વી પિતા શીવલાલભાઈ અને ધર્મનિષ્ઠ માતા કંચનબહેન વિશેનું 'શીવ-કાંચન કલ્પતરુ' માર્મિક પ્રસંગો, હૃદયસ્પર્શી ઘટનાઓ અને ચોટદાર શૈલીમાં લખાયેલી સ્નેહગાથા છે પણ અગરબત્તીની સુવાસ જેમ આસપાસ સર્વત્ર પ્રસરે, તે રીતે આ સ્નેહગાથામાંથી પરિવારનાં ઐક્યની અલૌકિક સુગંધ ફોરે છે અને એમાંથી સર્વજનહિતાયની વિચારસરણીથી ભરેલું વાતાવરણ સર્જાય છે. આર્થિક ભીંસ, બીમારીઓનો ભરડો, સ્વજનોનાં અણધાર્યાં મૃત્યુ અને આસમાની-સુલતાની જેવી ઊથલપાથલોની વચ્ચે આ કૌટુંબિક સ્નેહ સહુને એક તાંતણે જોડીને જીવનઉત્કર્ષની પ્રેરણા આપે છે.

બ્રિટનના એક સમયના મજૂરપ્રધાન ઍન્યુરિન બિવને એક વાર કહ્યું હતું કેઃ 'મને ભારતની કુટુંબપદ્ધતિ જોઈને ભારે ઈર્ષા આવે છે.' આપણે જાણીએ છીએ કે જગતની ઘણી સંસ્કૃતિઓ નાશ પામી, પણ ભારતીય સંસ્કૃતિ એનાં મૂલ્યો સાથે આજે અડીખમ છે એનું કારણ એની કુટુંબપ્રથા અને એના મૂળમાં સમર્પણશીલ માતા છે.

આમ તો ભારતીબહેનના પિતા શીવલાલભાઈ વિભાજન પૂર્વે કરાંચીમાં લશ્કરમાં કામ કરતા હતા. એમને કરાંચી છોડીને ભારત આવવું પડ્યું ત્યારે ચાલીસ હજાર જેટલા લોકોને કરાંચીથી વિમાનમાર્ગે કે સ્ટીમરમાં ભારત મોકલવાની સગવડ કરી આપી. ચોપાસ આગ, લૂંટ, હત્યા અને બળાત્કારની ઘટનાઓ વચ્ચે જીવ મુઠ્ઠીમાં લઈને ભૂખ, તરસ અને યાતના

વેઠીને ભારત તરફ ભાગતા લોકોને એમણે સધિયારો જ આપ્યો નહીં, પણ હેમખેમ સ્વદેશ પહોંચવાની સુવિધા કરી આપી. કરાંચીમાંથી એ ચાલીસ હજાર લોકો ગયા પછી જ શીવલાલભાઈ અને એમના મોટાભાઈએ કરાંચી છોડયું. પોતાના પ્રાણ કરતાં દેશબંધુઓ એમને વધુ પોતીકા લાગ્યા હતા. ખુમારી અને ખુદ્દારીના પ્રતીક સમા શીવલાલભાઈની સ્મૃતિમાં અત્યારે ભારતીય મિલિટ્રીમાં બેસ્ટ કેડેટને 'શ્રી શીવલાલ ટ્રૉફી' આપવામાં આવે છે. એમણે મિલિટ્રીમાં યુનિયનની સ્થાપના કરી, સહુ સ્નેહ અને સદ્‌ભાવથી રહે તે માટે એમ.ઈ.એસ.ફોરમની સ્થાપના કરી. કર્મક્ષેત્રે આવો માનદંડ સ્થાપ્યા પછી ધર્મક્ષેત્રમાં પણ એ ઊણા ઊતર્યા નહીં. બે સોસાયટીની રચના કરી, જેમાં તદ્દન સસ્તી કિંમતે પોતાના સાધર્મિક ભાઈઓને નિવાસસ્થાનો અપાવ્યાં. સૌનાં આત્માની આરાધના માટે બે સુંદર જિનાલયોનાં નિર્માણ માટે પણ એમણે સિંહફાળો અર્પ્યો.

શીવલાલભાઈની ખુમારી અને માતા કંચનબહેનની ભાવના ગુજરાતની ઉત્તમ નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના વિધાચતુર અને ગુણસુંદરીના ઘરસંસારનું સ્મરણ કરાવે છે. ગુણસુંદરીની મુગ્ધતા વિદ્યાચતુરની બૌદ્ધિકતાના સ્પર્શે ઝળહળી ઉઠે છે. એ જ રીતે શીવલાલભાઈની ખુમારી અને માતા કંચનબહેનની ભાવનાશીલતા એ વિરહ, બીમારી અને મુશ્કેલીઓની વચ્ચે દાંપત્યજીવનની શીળી છાંયા ફેલાવતું રહ્યું.

પિતાએ સમાજ, પરિવાર, દેશ અને ધર્મની સેવા કરી; તો માતા કંચનબહેનને જીવનમાં કુટુંબપ્રેમ, સર્વ પ્રત્યે સ્નેહ અને સહુ પ્રત્યે સદ્‌ભાવ દાખવીને ધર્મની હરિયાળીનું સર્જન કર્યું. શીવલાલભાઈ અને કંચનબહેનના પત્રોમાં યૌવનની મુગ્ધતાની સાથોસાથ પરસ્પરના હૃદયને એકતંતુએ બાંધતી સમજણમાંથી પ્રગટતું બે આત્માઓના ઐકયનું સંગીત સંભળાય છે. પરિવારમાં સર્જાતી ભરતી અને ઓટની ઘટનાઓ વચ્ચે કેવા નૈપુણ્યથી જીવનનૌકા આગળ ધપાવી શકાય, એના દૃષ્ટાંત રૂપે શીવલાલભાઈ અને કંચનબહેનના સ્નેહજીવનની ગાથાને ગણી શકાય. એમના રોજિંદા જીવન પ્રસંગોમાંથી પ્રગટતી લાગણીની લહેરખીનો સ્પર્શ લેખિકા ભારતીબહેન

ભાવકોને સુપેરે કરાવી શક્યાં છે. આજે ૮૬ વર્ષે પણ કંચનબહેનના જીવનમાં પ્રસન્નતાનો અવિરત વહેતો ધોધ જોવા મળે છે. સામાન્ય રીતે યુવાનીમાં અતિવેગે વહેતો પ્રસન્નતાનો ધોધ વૃદ્ધાવસ્થામાં ક્ષીણ ધરો બની જાય છે. આજે માતુશ્રી કંચનબહેન મોકળાશથી હાલીચાલી શકતાં નથી. કશું અન્ન લેવું હોય તો એને પ્રવાહી જેવું પાતળું કરીને લેવું પડે છે, પણ નવાઈની વાત એ છે કે દેહની આવી પરિસ્થિતિમાં પણ એમના ભીતરની પ્રસન્નતા અને આત્માનો તેજપ્રકાશ વધુ ને વધુ નિખરતો જાય છે.

ધર્મપરાયણ ભાવનાશીલ વ્યક્તિ જીવનનાં દુઃખો, શરીરની અગવડો કે મૃત્યુના ભયને કઈ રીતે પાર કરી શકે તેનું દૃષ્ટાંત તેમનું જીવન છે. શ્રી ભારતીબહેન દિપકભાઈ મહેતાએ માતાપિતાની કથાની સાથોસાથ કંચનબહેનના બંધુ અને મારા આદરણીય સ્વજન, ઉદ્યોગપતિ અને એથીય વિશેષ તો ધર્મનિષ્ઠ એવા શ્રી સી.કે.મહેતાના જીવનપ્રસંગોની થોડી ઝલક આપી છે, જે પારિવારિક સબંધોનું મહિમાગાન કરે છે.

શ્રી ભારતીબહેન મહેતાએ આ અગાઉ પોતાનાં સાસુ વિશે 'નામ મધમીઠું અનુપમા' પુસ્તક લખ્યું. સસરા એવા અત્યંત ધર્મપરાયણ અને નવકાર મંત્રના આરાધક શ્રી શશીકાંતભાઈ મહેતા વિશે 'અધ્યાત્મરવિની પિતૃછવિ' પુસ્તક લખ્યું. એ પછી એમણે ગુરુસમાન પ.પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજનું 'પારસમણિ' નામે ચરિત્ર લખ્યું. અને હવે પોતાના માતપિતાનું ચરિત્ર આલેખીને કરેલું કાર્ય ભારતીય સ્મૃતિઓના પ્રાચીન એવા સામાજિક વ્યવસ્થાના ગ્રંથ 'મનુસ્મૃતિ'(૨-૨૨૮)ની યાદ આપે છે: 'મનુષ્યના જન્મ અને પાલનપોષણ માટે માતપિતા જે કષ્ટ સહન કરે છે તેનો બદલો સેંકડો વર્ષો(સેવા કરીને)માં પણ આપી શકાય નહીં. આ બંનેની તથા આચાર્યની સેવાશુશ્રૂષા કરવી જોઈએ. એ ત્રણની પ્રસન્નતા મળે, તો સઘળાં તપ સિદ્ધ થઈ જાય છે.'

ભારતીબહેનની સરસ્વતીસાધનાની આવી તપશ્ચર્યા પ્રત્યે પારાવાર પ્રસન્નતા.

અમદાવાદ - **કુમારપાળ દેસાઈ**

૧૬.૦૨.૨૦૧૬

# અભયનાં દાતા માતા-પિતા

માતા-પિતાનાં જીવન વિશે કંઈક આલેખું એવો વિચાર હજુ આવ્યો તે સાથે જ તેનું નામ જાણે નિર્ણિત જ થઈ ગયું: 'શીવ-કાંચન કલ્પતરુ'. માતા-પિતા એટલે આપણાં સર્જક, સંવર્ધક, પોષક અને તારક તત્ત્વો. આપણી દરેક ઈચ્છાઓ પૂરી કરનાર કલ્પતરુ. અનંતકોટિ આ બ્રહ્માંડમાં માત-પિતાનાં નિશ્રાપર્વ થકી જ જીવન સ્વયં બની જાય છે એક ઉત્સવ. તેઓ બંને શબ્દનાં ક્ષેત્રની બહાર અને માત્ર અનુભૂતિનું જ વિશ્વ છે એ આ કલ્પતરુની છાંવમાં લેખિની લઈને બેઠી ત્યારે વધુ સ્પષ્ટ રીતે ફલિત થયું. મારાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્પંદનો શબ્દની પકડમાં આવી શકે તેમ નથી તે સત્યની પ્રતીતિ સંગે ૐ શબ્દ એ બાવન અક્ષરોમાંનો એક શબ્દ નથી એ પણ આ સંદર્ભમાં સહજ સ્મૃતિવંત થયું.

સ્વતંત્રતા મળ્યા પહેલાનાં સમયની પશ્ચાદ્‌ભૂમાં શરૂ થયેલી તેઓની જીવનકથા અમરેલી કે સાવરકુંડલાથી શરૂ કરી કરાંચી થઈ મુંબઈથી વળી વડોદરામાં વિરમી. એમાં સંઘર્ષ છે, સંજોગો સાથે સમજૂતિ છે, પણ સૌથી વધુ તો છે શીવ-કાંચન ઉપરાંત તેમનાં બે પરિવારોની મઘમઘતાં પારિજાત સમી પરિપ્લાવિત થયેલી મૈત્રીસુગંધ. અમારી ભાવિ પેઢી માટે અમુક પ્રસંગોનું દસ્તાવેજીકરણ કરતી વેળાએ દરેક સંબંધોને સુવર્ણ સમા ને કલ્યાણકારી બનાવવાની કળા જેઓને છે હસ્તગત તેવા મારા માત-પિતાથી હું નવી રીતે અભિભૂત પણ થઈ. ભીતરનાં ચિદાકાશમાં આ લેખિનીને કારણે તેમનાં નામસ્મરણની અખંડ દીપમાળા પ્રગટી ને એમાંથી હું એક અદ્‌ભૂત્ ચૈતસિક ઉર્જા પણ પામી. આજે ૬૦ વર્ષની સમીપ છું ત્યારે ય એ જ માંગવાનું છે કે:

'ચહું જન્મોજન્મે શિશુ તુજ હું, ને માત-પિતા હો મુજ તમે જ.'

હિમાલયનાં ઉત્તુંગ પહાડ જેવા ઉન્નત, ગંભીર અને અવિચળ હતાં અમારા પિતા અને તેની સમીપ વહેતી નદી સમાન અમારી માતા, જેની

કાંચન સરવાણીને કિનારે ટ્યૂલિપ સમા ઉગ્યા છીએ અમે. મૂર્ધન્ય લેખકશ્રી ધૂમકેતુની કથામાં પોતાની દિકરી મીરિયમની ટપાલની રાહ જોતાં-જોતાં જાણે તીર્થયાત્રા કરતાં હોય તેમ કોચમેન અલીની પૉસ્ટ ઑફિસની નિત્ય મુલાકાત લેવી એ દ્રશ્ય મુજ મનોજગતનાં સાતમા સ્તર સુધી કંડારાઈ ગયેલું છે કારણકે એ વાર્તા સૌ પ્રથમવાર કહેલી મને મારા પપ્પાએ જ - આંખમાં આંસુ સાથે. જો કે એ અશ્રુનાં અર્થજગતમાં ત્યારે જ પ્રવેશી શકી હું, જ્યારે મારી દિકરીઓ બહાર ભણવા ગઈ અને હું રોજ ટપાલીની રાહ જોતી... ૧૯૯૮ પછીનાં એ વર્ષોમાં!

કવિવર્ય બોટાદકરે પ્રયોજેલ વ્યતિરેક અલંકાર મુજબ જ મધ ને મેઘ કરતાં પણ વધુ મીઠી માતા, જગથી જૂદેરી જાત સહિતની મનોહારી માતા અમારી પણ છે તે વધુ દ્રઢતાથી પ્રતીત થયું આ આલેખન કરતાં-કરતાં. પરિવેશો બદલાયા હોય છતાં ય આજે ૮૫ વર્ષનાં અમ જનનીની અ-મૃતા માધુર્યઝરતી શાશ્વતી વાત્સલ્ય લીલા અમે ય માણી છે તેની ગરિમા છે. વળી તેનાં પાલવમાં આજે ય જગત તીર્થોત્તમ મળે છે અમને.

માતા-પિતાનાં સમગ્ર જીવનનું પ્રાંજલ દર્શન કરાવવાનો મનોરથ હતો ઘણાં સમયથી. તેઓની સંઘર્ષગાથા તથા નિ:સ્વાર્થ સ્નેહનું અનવદ્ય સૌંદર્ય કોતરવું હતું ક્યારેક શબ્દશિલ્પમાં. આજે ‘શીવ-કાંચન કલ્પતરુ’ એક શિલ્પ ઉપરાંત દીર્ઘકાવ્ય સમું લાગે છે મને. તે કાવ્યનાં ઉત્તરાર્ધમાં સ્નેહીજનોનાં સંવેદનો સાંકળ્યાં ત્યારે તે કાવ્ય પરિપૂર્ણ બન્યું હોય તેમ અનુભવાયું.

હું એ તમામ પરત્વે કૃતજ્ઞતા વ્યકત કરું છું જેઓનાં સહયોગથી આ યાત્રા પ્રસન્નતાપૂર્વક તય કરી શકાઈ. જે વાંચીને માતાપિતાનો ‘nameless love’ કે ‘અસંજ્ઞેય પ્રેમ’ જડી આવે છે તે કવિવર યીટ્સની કલાત્મક અભિવ્યક્તિ મને બહુ પ્રિય છે:

To murmur name upon name, as a mother names her child
when sleep at last has come... on limbs that had ran wild.

આ સ્નેહગાથાને પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈનાં મધુર સહસ્ત્ર આશીર્વચનોની સંપદા પ્રાપ્ત થઈ અને મને લાગ્યું જાણે તેઓ થકી આ કલ્પતરુની શીળી છાંવમાં કેસર-બરાસની સુરભિ સંગે સાક્ષાત્ પૂર્ણ ભગવદ્કૃપા ઉતરી આ કૃતિ ઉપરે! સાદર હર્ષાલંકૃત થઈ તેઓનો હાર્દિક આભાર માનું છું.

આ લેખન એક રીતે માત-પિતાનાં જીવનની બોધકથા તો બીજી રીતે મારા અસ્તિત્વની શોધકથા રૂપ સાબિત થઈ. આલેખતી વેળાએ સ્મૃતિદોષથી કે મારી અણસમજથી રહી ગયેલી દરેક ભૂલો માટે ક્ષમા પ્રાર્થીને મુજ જીવનકિનારે જેઓનાં કૃપાશીષને સથવારે મોક્ષપ્રતિની યાત્રામાં ‘ચરૈવતિ... ચરૈવતિ’ નો મંત્ર સિદ્ધ થઈ રહ્યો છે તેવા માત-પિતાનાં ચરણકમળમાં તેમની જ જીવનગાથા અર્પણ કરતાં હું આજે હર્ષાન્વિત બનું છું.





M

# શીવ-કાંચન કલ્પતરુ



| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧ | અમરવલ્લી | ૦૧ |
| ૦૨ | સ્થાનાંતર | ૧૧ |
| ૦૩ | પત્રમહેંક | ૨૧ |
| ૦૪ | પુનર્મિલન | ૨૯ |
| ૦૫ | સ્નેહસેતુ | ૩૭ |
| ૦૬ | ફલશ્રુતિ | ૪૫ |
| ૦૭ | અલ્લાબેલી | ૫૫ |
| ૦૮ | કૃતનિશ્ચયી | ૬૩ |
| ૦૯ | પરિવર્તન | ૭૧ |
| ૧૦ | વાતમેળો | ૭૯ |
| ૧૧ | ઋણાનુબંધ | ૯૩ |
| ૧૨ | તથાસ્તુ | ૧૦૫ |
| ૧૩ | સ્નેહમિલન | ૧૧૩ |
| ૧૪ | જીવનનૌકા | ૧૨૯ |


કંચનબહેનનાં
માતા-પિતા
શ્રી ખીમચંદભાઈ
તથા સમરથબેન

## 01 અમરવલ્લી

**કંચન અને ગેરુ, ગ્રામલક્ષ્મી, ભાગ્યચક્ર, ભારેલો અગ્નિ, ત્રિશંકુ, કાલભોજ વગેરે નામે નવલકથા લખનાર મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ર.વ.દેસાઈ સૌરાષ્ટ્રનાં અમરવલ્લી સમા અમરેલી ગામનાં સૂબા બનેલાં તે પૂર્વે આઠ વર્ષ સુધી જેમણે સુબાસાહેબનું દીવાનપદું સંભાળેલું તે એટલે અમારા નાનાજી શ્રી ખીમચંદ મૂળચંદનાં દાદાજી શ્રી વચ્છરાજ મહેતા. ખીમચંદભાઈ તથા સમરથબહેનનાં સંતાન કંચનબહેન એટલે અમારા મમ્મીજી - ૫ મે, ૧૯૩૦નાં જેઓનું અવનિ ઉપર થયેલું અવતરણ.**

વડી અને ઠેબી નદીનાં કિનારે નાનો ભાઈ ચીમન જ્યારે લખોટી અને મોઈ-દાંડિયો રમે ત્યારે નાની કંચન પણ હેટ-મોજાં પહેરીને રમવા પહોંચી જ જાય. સૌથી નાની બહેન રસીલા સમરથમાને કામ કરાવતી હોય ત્યારે 'કંચન'નાં નામની બૂમો તો પડે પણ તેની નામરજી જોઈ બાપુજી તેની આ વ્હાલી દિકરીને કામ કરવામાંથી બચાવવા કહી દે: 'એ... કંચન નહીં આવી શકે. તે મારું કામ કરે છે.' બહેન કંચનથી સૌથી મોટો ભાઈ રમણ ૬ વર્ષ અને બહેન નિર્મળા ૩ વર્ષ મોટા. તેઓ બંને જવાબદારી સમજે તેવા. ચીમન અને રસીલા વચ્ચે જન્મેલ પુત્ર હિંમત પાંચ-છ વર્ષનો થયો, ત્યારે એકવાર તેને ખૂબ પેટ ચડેલું. નાનીમા એનાં પેટ ઉપર દવા જ ચોપડયાં કરે, પણ ટૂંકી માંદગીમાં જ એકાએક હિંમતે વિદાય લઈ લીધી.

કંચન ૧૧ મહિનાની હતી ત્યારે બાપુજી બે વર્ષ માટે કલકત્તા ગયેલ અને એક વર્ષ કામ કરવા માટે જાપાન પણ ગયેલાં. નિર્મળા સાત વર્ષની થઈ ત્યારે ગામમાં એકવાર ઓરીનાં ભારે વાયરા નીકળ્યાં. રમણ, કંચન, ચીમન અને નિર્મળાને પણ ઓરીનો ચેપ લાગ્યો. સૌ ત્યારે ગભરાઈને મોસાળ જીરા ગામે જતાં રહ્યાં. ભારે તાવમાં નિર્મળાએ તો દિવસો સુધી આંખો જ ન ખોલી... અને ખોલી ત્યારે તેની એક આંખમાંથી દ્રષ્ટિ જતી રહેલી. મોસાળમાં વજુમામા ને નાગરમામા તો ભાણીની આ સ્થિતિ જોઈ ખૂબ વલોવાઈ ગયા. આ વાતની બાપુજીને

ખબર પડી મુંબઈ. મા ને ખૂબ ખીજાયા પણ બાળકોની સારસંભાળમાં ગૂંચવાયેલા હતાં મા લાચાર. જીરા ગામ તો સાવ નાનું. બાપુજી આવ્યા, નિર્મળાને લઈ ગયા અમદાવાદ. ત્યાંનાં તબીબોએ કહ્યું કે આંખમાં દ્રષ્ટિ તો પાછી આવે તેમ જ નથી પણ ૧૨ વર્ષની ઉંમરે તમે પાછી લઈ આવજો, ત્યારે અમે કાચની ખોટી આંખ નંખાવી દઈશું. તેમ જ થયું. રાત્રે ડબ્બીમાં આંખ કાઢીને મૂકી દેવાનું યે તેણીએ શીખી લીધું. નિર્મળાએ ઘરનું કામ ખૂબ કરેલું. મા ને દિન-રાત મદદમાં આવે તેવી આ દિકરીને પરણાવી આંબા ગામે જવા ગાડામાં બેસીને વળાવી ત્યારે સમરથમાનું મજબૂત હૈયું પણ આર્દ્ર બની ગયું. સાસરે આણું વાળીને મોકલી ત્યારે નાની બહેન કંચન પણ સાથે ગઈ.

૬ એપ્રિલ, ૧૯૩૨, ચૈત્ર સુદ એકમ, ગુડી પડવાનાં દિને મોસાળનાં જીરા ગામે જન્મેલ પોતાનાથી પોણા બે વર્ષ નાનો અનુજ ચીમન બાળપણમાં ખૂબ ભારાડી ને તોફાની, પણ કંચનને ખૂબ વ્હાલો. પોતાનાં મા જ તેડીને શાળાએ મૂકવા આવે તેવી જીદ કરવાનાં દિવસો પૂરા થયા ત્યાં તો ચીમન અમરેલી ગામનાં નાનાં-નાનાં કૂવાઓની પાળને દૂ...રથી દોડીને આવી ઠેકી જતો થઈ ગયેલો. પિતાની નજરમાં એકદા દિકરાનું આવું નિડર પરાક્રમ આવી ગયું અને ગભરાઈને મોસાળમાં રહેવા મોકલી દેવાયો. લખોટી રમવામાં બે દિવસ વિતાવ્યા પણ અમરેલીની ધૂળી નિશાળમાં ભણતાં-ભણતાં રમાતી રમતો અને દોસ્તો યાદ આવ્યા, ને ભાઈ થઈ ગયાં ઘરભેગા - હવે એવા તોફાન ન કરવાની શરતે!

બીજા ધોરણમાં હતો અને એકવાર કંચનને ચિંતા થઈ કે ચીમન કેમ તેનું પરિણામ લઈને હજુ ઘરે આવ્યો નહીં? માતા અને બહેન બહારની શેરીઓમાં શોધવા નીકળ્યાં. પૂછતાં-પૂછતાં કોઈએ કહ્યું કે: ‘ચીમન તો નાપાસ થયો છે ને નિશાળેથી નીકળી તેને નદી તરફ જતો જોયો છે.’ કોઈને દોડાવાયાં નદી તરફ અને ઘર તો બન્યું ચિંતાતુર! કોઈ સગડ ન મળતા સૌનો મુંઝારો વધતો ગયો... ત્યાં જ બે કલાક પછી આ હોંશિયાર વિદ્યાર્થી આવ્યો ઘરે અને મા વઢે એ પહેલાં જ કહેવા માંડ્યું: ‘મા, મારાં પરિણામ પત્રમાં ‘નાપાસ’ એવું વાંચીને હું તો ઉપડેલો સીધો જ અમારા શિક્ષકનાં ઘરે. ત્યાં જઈને જોયું તો પોતે મજાનાં હિંડોળે બેઠા-

બેઠા સૂડીથી સોપારી કાતરતાં હતાં. મેં તો કહી જ દીધું કે હું ફૂલ્લીપાસ ન હોઊં તેવું બને જ નહીં. તમે અત્યારે ને અત્યારે જ ઉભા થાઓ અને મારા બધા વિષયોનાં ગુણની ફેરતપાસ કરો. અને જૂઓ મા, સાચ્ચે જ તેમાં ભૂલ નીકળી અને હું તો ફૂલ્લીપાસ જ થયો છું.' થોડા મહિના પછી એકદા સાસરેથી પિયર મળવા આવેલી નિર્મળાને જોઈને આનંદીત થયેલા સમરથમાને કુંડાળું વળીને પાંચે બાળકોએ સમરથમાને પોતાના બાપુજી કઈ રીતે મોટા થયા, મુંબઈ ગયાં અને પછી શું-શું થયું તેની વાત પૂછી. મા એ જાણે કથા માંડી:

''તમારા મૂળચંદદાદાનો સ્વર્ગવાસ થયો ત્યારે તેઓનાં બીજીવારનાં પત્ની એટલે રૂપરૂપનાં અંબાર સમા હરિ મા એ સમયમાં વૈધવ્ય પ્રાપ્ત થયા પછી પણ પાઠશાળા

સો ટચનાં સોના સમી નવયૌવના બહેન કંચન



ભણાવવા જાય. દિકરા ભાઈચંદભાઈ અને તમારા બાપુજી તો ત્યારે ત્રણ અને પાંચ જ વર્ષનાં. ત્યારે ઘર હતાં નવા ને પાકા રંગવાળા. મકાનની બહારની દુકાનો સોનીને ભાડે આપેલી. એક દિવસ એવું થયું કે દુકાનની અંદરનાં દીવા ઠારવાના ભૂલાઈ ગયા અને ઉંદરોને કારણે સળગતી દિવેટવાળા દીવા ઊંધા પડયાં. તાજા પાકા ઑઈલ પેઈન્ટને કારણે લાગી મોટી બધી આગ, જેને આખી શેરી સુધી પહોંચતાં ન લાગી વાર. સૌ બરાડવા લાગ્યા: 'મોભે આગ લાગી છે... ભાગો... ભાગો! શેરી સળગી છે... દોડો દોડો!' શેરીમાં તમારા બાપુજીનાં કાકા-બાપાનાં ૭ ભાઈઓ રહે. ભોગીભાઈ, ગીરધરભાઈ, મનુભાઈ, ગુલાબચંદભાઈ વગેરે બધાનાં ઘર એક જ ડેલીમાં ક્રમસર. બધા ઘર બળીને ભસ્મ થઈ ગયા. ભોગીબાપાનાં ત્રણ ભાઈઓ પણ રહે... તે આ દોડાદોડીમાં ભૂલી ગયા કે ઘરની અંદર સૂતેલો ગુલાબચંદનો શિશુ ચંદુ તો ઘોડીયામાં જ રહી ગયો છે! સળગતી આગ વચ્ચે કોઈએ જઈને તે બાળકને બચાવી લીધો. બધા પરિવારોએ ગામની બહાર અમરેલીની ધર્મશાળામાં પાંચ રૂમ રાખીને થોડાં વર્ષ રહેવું

ભગિનીત્રિપુટી
નિર્મળાબહેન, ચિ.રસૂલ
તથા બહેન કંચન



પડ્યું. સૌ પહેરેલે કપડે જ નીકળી ગયેલા. પાસે એક પૈસો પણ નહીં. તેથી કપડા, અનાજ અને માટીનાં વાસણો સગા તથા પડોશીઓ આપી ગયા તેનાથી જ ઘર ચલાવ્યા. બધા પોતપોતાની ઓરડીમાં રસોઈ કરે. નાણાંકીય રીતે સખત ખેંચાયેલા સૌ પરિવારો. ભસ્મીભૂત થઈ ગયેલાં તે ઘરોની જગ્યાએ 'નવી ડેલી' તો ઘણાં વખત પછી બની.

એકવાર ભાજીની ૧ પૂણીમાં બે લોટા પાણી નાંખીને બનાવેલા શાક સાથે રોટલો ખાતાં-ખાતાં ૧૬-૧૭ વર્ષની વયનાં થયેલા તમારા બાપુજીએ પોતાનાં એક મિત્ર સાથે અંદરોઅંદર વાત કરી: 'શું મારા હોવા છતાં પરિવારને આમ ભૂખે મારીશ?' અને આ વાત ઝીલી લઈને એકવાર લાગ જોઈને બંને મિત્રો ચડી ગયા એક ઝાડ ઉપર. રોજનાં નિયત સમયે એ ઝાડ નીચેથી જેવી ટ્રેન પસાર થવા લાગી કે બંને મિત્રોએ ઠેકડો માર્યો ટ્રેન ઉપર! નસીબજોગે કોઈ ટિકિટચેકરનાં ધ્યાનમાં તેઓ આવ્યા નહીં ને મુંબઈ સ્ટેશને નીચે ઉતરી હેમખેમ બહાર પણ નીકળી જવા પામ્યા. બાપુજીનાં આ પરમ મિત્ર એટલે શામળજી પુરુષોત્તમ સંઘવી. તમારા આજનાં શામળજી બાપા. શરૂમાં તેઓ બન્ને ધર્મશાળામાં રહેવા માંડયાં. કામ શોધતાં એક મુસલમાન શેઠને ત્યાં રૂ.૫૦/-નાં પગારે નોકરી પણ મળી ગઈ. એકવાર દુકાનનાં ઓટલે બેઠેલા અને અમરેલીથી આવેલા રૂપાળા યુરોપીયન ગલગોટાં જેવા દેખાતાં ભાઈચંદ વિષે શેઠે પૂછતાં ખબર પડી કે એ તમારા બાપુજીનો નાનો ભાઈ છે, તેથી તે પરગજુ શેઠે રૂ.૧૦૦/- આપીને કહ્યું: 'ભાઈચંદ માટે આમાંથી સારા કપડાં સીવડાવ.' એ પછી થોડા દિવસે તેમણે પોતાનાં જેવા જ ભલા એક અન્ય મુસલમાન શેઠને ત્યાં ગોદીમાં ભાઈચંદભાઈને પણ કામે બેસાડી દીધો. એ પછી તમારા મનુકાકા ને ભાઈચંદકાકાએ મુંબઈમાં ખોલી નેપચ્યુન કંપની, પણ તેમાં બાપુજી તો જોડાયા નહીં.

પ્રીન્સેસ સ્ટ્રીટમાં શામળજીબાપાએ ત્યાર પછી રૂમ લીધી ને પેઢી સ્થાપી, જે ક્રમશ: થોડા વખતમાં જ ધમધમવા લાગી. એ પછી તમારા બાપુજીએ જીરાગામની સમજુ ગણાતી દિકરી સમરથ એટલે કે મારી સંગે પરણીને પ્રીન્સેસ સ્ટ્રીટનાં ભરૂચા બિલ્ડીંગમાં રહેવાનું શરૂ કર્યું અને ભાઈચંદભાઈએ મારાં ગુણવાન દેરાણી કાંતા સાથે પરણીને ઘાટકોપરમાં રૂમ લીધી. મેં માતા

સમ સાસુજી હરિમા પાસે બે પ્રતિક્રમણ સુધી અભ્યાસ પણ કર્યો. ગામડામાં ખાસ અક્ષરજ્ઞાન તો લીધેલું નહીં, કિન્તુ પરણીને ભણવા ઉત્સુક હતી તેથી તે શક્ય બન્યું.

તમારા બાપુજીને સંગ્રહણી રોગ તો હતો જ, તેમાં વળી પાછળથી મુંબઈ ગયા પછી રાજરોગ ટી.બી. લાગુ પડયો. મારી સાથે તમે સૌ પણ વ્યગ્ર બન્યાં તેથી અમરેલી પરત ફર્યા પછી અમરગઢ પાસે આવેલ જીંથરી ગામની હોસ્પીટલમાં થોડો સમય રહીને હવાફેર માટે અમરેલી ગામની બહાર નદીને પેલે પાર એક મોટો બંગલો ભાડે રાખી લીધો. મિત્ર શામળજીબાપા મુંબઈથી બાપુજીની ખબર કાઢવા અનેકવાર આ જ બંગલે આવે. બંગલેથી શાળા સુધીનું અંતર કંચન ચાલીને રોજ પાર કરે. પરંતુ એકવાર ચોથી ગુજરાતી પરીક્ષાનાં દિવસોમાં વચ્ચે આવતી નદીમાં પાણી ખૂબ વધી ગયું. અમે મા-બાપુજીએ તો શાળામાં જવાની ના પાડી દીધી. પણ કંચન જેનું નામ! એ તો હેટ પહેરીને ઉપડી સાથે પોતાનાં ભાઈ ચીમનને

મોટા રમણભાઈ, હરિ મા, સમરથ મા એવં બાપુજી



લઈને. તેનો હાથ પકડી સામા પૂરે પહોંચી ગઈ. ભાઈ શાળા સમયે ડેલીમાં ગિરધરબાપાનાં ઓટલે બેસી રહે અને પરીક્ષા પૂરી થયે બહેનને લઈને બંગલે આવે પાછો! આમ રોજ ચાલ્યું. બેમાંથી એક ભાઈ રોજ આ કામ કરે. નદીપાર કર્યા પછી હાથમાં રાખેલા મોજાં-બુટ પહેરી લેતી આ બહેન તમને ભાઈઓને ખૂબ વ્હાલી લાગે!

આપણા સ્નેહીજનો દ્વારા લાંબા સમય સુધી બાપુજીની પૂરતી સંભાળ લેવાઈ, પરંતુ ૩૫ વર્ષની ભરયુવાનીમાં જ તેઓએ દેહ છોડયો. મારી ઉપર તો આભ તૂટી પડયું, પરંતુ નાનાં-નાનાં પાંચ બાલુડાંઓને ઉત્તમ સંસ્કાર તથા કેળવણી આપી, પગભર કરવાનું બીડું ઝડપવા મેં કમર કસી.'' આટલું સાંભળી બાળકો રમણ, નિર્મળા, કંચન, ચીમન ને રસીલા મિશ્ર લાગણીઓ અનુભવી રહ્યાં.આ એ જ શામળજી બાપા હતાં જેમણે પતિનાં દેહાંત પછી ખૂણો પાળતા ને મનમાં અતિશય મૂંઝાતા એવા પાંચ સંતાનોનાં માતા સમરથભાભીને ઘરે એક ગુણી ઘઉં ને બાજરો ઉપરાંત તેલ, ઘી, ગોળ વગેરે કોઈને ય અણસાર ન આવે તેમ ગુપચુપ ભરાવી દીધેલું, એમ વિચારીને કે પોતાનાં મિત્ર ખીમચંદનાં દા'ડા ઉપર લોકો બહારગામથી આવશે ત્યારે ખાશે શું?

બાપુજીની વિદાય પછી સમરથમા તો ખાસ બજારમાં નીકળે નહીં. મોટો રમણ કાંઈ વસ્તુ લઈ આવે અને જો બરાબર ન લાગે તો મા બદલવા માટે સૂચવે. તેને વસ્તુ પાછી આપવામાં કે બદલવા જવામાં સંકોચ થાય. પણ ચતુર ચીમન તો નાનો હોવા છતાં યે તૈયાર જ હોય. બજારમાં જઈ વટથી કહે: ''તમે મને આ બદલાવી આપો. મારી બા એ આની ના પાડી છે.'' ભૂમિ મજબૂત હતી. સંસ્કાર જળથી સીંચાયા બાદ પાંચે સંતાનોનાં વ્યક્તિત્વ-બીજને અંકુરા ફૂટવા માંડયા હતાં. તેને ખીલવા સુદ્રઢ જાળવણીરૂપ વાયુ અને પર્યાપ્ત માત્રામાં હૂંફ રૂપી સૂર્યપ્રકાશ મળતાં સૌ બાળકોની પ્રતિમા પ્રજ્વલિત થઈ રહી હતી. સમરથબહેનને ત્રીસી વટાવ્યા પૂર્વે જ ખ્યાલ આવવા માંડયો હતો કે જીવનથી ભીંજાયા વિના જીવનનદી ઓળંગવી મુશ્કેલ છે! અલખને ઓટલે બેસી ઘણી વાર મનમાં જ પતિ સંગેનાં આ ટૂંકા ઋણાનુબંધ અને સુદીર્ઘ જવાબદારીઓ કેમ પૂરી કરીશ તેની ગડમથલની ગૂંચો ઉકેલે. સંતાનોને સુખ કેમ આપી શકાય તેની અવઢવમાં

હોય ત્યારે નિષ્ઠાપૂર્વક ઉચ્ચમૂલ્યો સાથે જીવનમાં આગળ વધવા માટે ધર્મ સિવાય અન્ય કોઈ આશરો ન દેખાય સમરથબહેનને. તેથી જ એ તરફ જવા સ્નેહ અને શ્રદ્ધાનો પ્રવાહ ક્યારેય ક્ષીણ ન થયો!

ભાઈ રમણ મેટ્રીક પછી મુંબઈ ગયા ત્યારે બાર મહિના શામળજીબાપાનાં ઘરે રહ્યા તે પૂર્વે શરૂઆતમાં ફોર્ટ વિસ્તારની એક ધર્મશાળામાં રહે. જીરાનાં એક પ્રૌઢ સુશ્રાવકે દીક્ષા લીધેલી, જેને સૌ 'દાદા મહારાજ' કહે. બાજુનાં ઉપાશ્રયમાં તેઓનું ચાતુર્માસ. રમણ રોજ સવારે નાહીને અહીં પૂજા-સેવા કરી કામ શોધવા નીકળી જાય. એક રાત્રે હિતશિક્ષા સાંભળીને ઉપાશ્રયેથી નીકળી બાજુમાં ધર્મશાળાએ સૂવા જતાં રમણને દાદા મહારાજે સૂચવ્યું: ''તમારે કોઈ સરખું કામ કરવું હોય તો બુચ અને બાટલીનો નિર્દોષ ધંધો કરવાનું વિચારી શકો. તમે જો તમારા વજુમામા સાથે આ ધંધો કરવાનું ઈચ્છો તો તેની મૂડી અપાવવા અહીંનાં શ્રાવકોને વાત કરી જોઉં.'' સંમતિ મળતાં જ બધું ગોઠવાઈ ગયું અને ભાઈ રમણ માટે ચકલા સ્ટ્રીટમાં દુકાન પણ લેવાઈ ગઈ. શરૂઆતમાં આ પેઢીમાં તેનો પગાર મંડાયો પૂરાં ૩૫ રૂપિયા, જે બધાં જ તે પોતાના માતાને અમરેલી મોકલવા માંડયાં.

પણ તે પહેલાં ૧૦ વર્ષનાં ચીમને અવસાદનાં આ કપરા સમયમાં અમરેલીમાં ફાઉન્ટનપેનની નીબ, ચૉક વગેરે વેચીને પૈસા ઉભા કર્યા અને ફી ભરી શાળાની. જો કે ચીમન ચાર ગુજરાતી ચોપડી પૂરી કરી અંગ્રેજી સેકન્ડમાં આવ્યો ત્યારે એકવાર એવું બની ગયું કે ફી ભરી ન શકાઈ. શાળાનાં શિક્ષકે જ્યારે કહ્યું: 'કાલે હવે જો તું ફી નાં રૂપિયા બે લઈને નહીં આવે તો તને નિશાળમાંથી કાઢી મૂકવામાં આવશે...' ત્યારે તે દ્રશ્ય ઝીલાયું શાળાનાં આચાર્ય શ્રી છોટુભાઈ વિઠલાણીની ચકોર દ્રષ્ટિમાં. કારણ પૂછતાં ખબર પડી કે તેનાં વિધવા માતા પાસે ફી ચૂકવવાનાં બે રૂપિયા ન હોવાથી આવતાં મહિને સાથે ભરી દેશે એમ વિનંતી આવેલ. આ હોંશિયાર વિદ્યાર્થીનું ભણતર અટકે નહીં તેમ વિચારી આચાર્યશ્રીએ પોતે જ ગજવામાંથી રૂપિયા બે કાઢીને શાળાની ઑફીસમાં ભરવા ચીમનને મોકલી દીધો... ઘરે આવી વાત કરી ત્યારે કંચનને યાદ આવ્યું એક દ્રશ્ય: જ્યારે ચીમને એકવાર નાનપણમાં તોફાન કરતાં-કરતાં પાટીનો ઘા કરેલો ત્યારે બાપુજી તેને બે માળ ચડીને ઉપર અગાસીમાં લઈ ગયેલા અને પછી

કહેલું: 'બીજી વાર જો ભણવાની ના પાડીશ તો હું પાટીની જેમ જ તારો ય અગાસીમાંથી નીચે ઘા કરી દઈશ. માટે મન દઈને હવે ભણજે.' થોડા વખત પછી જ્યારે આંબા ગામથી મુંબઈ જઈ ભાતબજાર વિસ્તારમાં પતિ શ્રી ચુનીલાલ કપૂરચંદ શાહ સંગે નિર્મળાએ રૂમ માંડી ત્યારે મોટાભાઈ રમણ પણ અવારનવાર ઘરે મળવા આવે. કામે ચડી ગયેલાં ભાઈ રમણે ય પછી તો મા ને ઘર ચલાવવા ટેકો કર્યો છે તે સાંભળી નિર્મળા ખૂબ જ હરખાય.

અમરેલીમાં કંચન સાથે બહેનપણાં કરવા સૌને બહુ ગમે. બહાદુર બાપની હિંમતવાન દિકરી અને વળી ખૂબ જ બુદ્ધિશાળી. ઘરની વંડી ઠેકે ને નીમુ, મુક્તા, વિજ્યા વગેરેનાં ઘર. એક સખી મુક્તા તેની જ ઉંમરની અને બીજી સખી મુક્તા બે વર્ષ નાની પરંતુ સખીપણાં મજબૂત! બાલ્યાવસ્થા પછી કિશોરાવસ્થાનાં આઠ વર્ષ સાથે કિલ્લોલ કર્યો. સહુ ૧૬-૧૭ વર્ષની વય આસપાસ પહોંચ્યા અને પરિવારનાં વડીલો તેઓ માટે સારું ખાનદાન ને કમાતો છોકરો હોય તેવું ઘર શોધવા માંડયા. બ્રિટીશરો સામે ભારતમાં થયેલી ઈ.સ.૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ અને હવે ઈ.સ.૧૯૪૬માં ટોચ ઉપર પહોંચેલી સ્વતંત્રતાની અહિંસક લડતને કારણે વિશ્વનાં દરેક રાષ્ટ્રોનાં અખબારોમાં ભારત દેશનું નામ પ્રથમ પાને ચમકવા માંડેલું, તેવા સમયે કંચનનાં ભાવિ ભરથારનાં પરિવારની પશ્ચાદ્ભૂમાં જઈને જોઈએ તો કુદરતે ત્યાં પણ અવનવા રંગો પ્રસરાવેલ.


શ્રી સમરથ મા



**શ્રી દિપચંદ મૂળચંદ જાદવજી શાહ પરિવાર મૂળે તો વંથળીનો, પણ રહે સૌરાષ્ટ્રનાં પેરીસ સમા મહુવામાં, જ્યાં મરકી ફાટી નીકળતાં દિકરા મનસુખનાં જન્મ સમયે પરિવાર જતો રહેલો સમીપ રહેલાં ગોરસ ગામે. થોડા સમય પછી ત્યાંથી પરત ફરી ભાઈ દિપચંદ એકદા આંબા, નાળીયેરી ને કેળનાં પાંદડાનાં પડતાં પ્રતિબિંબો જોતાં વરસાદથી નીતરતાં બપોરે ચાલતાં-ચાલતાં જઈ ચડ્યાં ભવાનીનાં સમુદ્રકિનારે. મૃગશીર્ષ નક્ષત્રનાં ત્રણે તારાઓ એક જ હારમાં દેખાયા મહુવાનાં આભમાં ત્યારે ઠે...ઠ ઘરે જવાનું યાદ આવ્યું. પણ મનમાં ત્યાં સુધીમાં એક નિશ્ચય થઈ ગયો હતો. મોટાભાઈ જીવણલાલ સાથે દિપચંદને કાપડનું કામકાજ કરવાનો મહાવરો. તેથી રોજીરોટી રળવા આજે ભાઈ દિપચંદે નક્કી કરી લીધું કરાંચી જવાનું.**

...ને થોડાં જ વખતમાં તેઓ અહીંથી નીકળી જઈને પત્ની હરકુંવરબહેન અને બે વર્ષનાં દિકરા મનસુખ સાથે કરાંચીનાં ગુજરાતી લોકોનાં વિસ્તાર એવા રણછોડ લાઈનમાં આવેલ ‘ભાટિયા મેન્શન’માં સ્થાયી થયા. ચોકમાં કાપડની દુકાન કરી. રીટેલનો ધંધો હતો પણ નફો ઓછો લે અને ઉત્તમ વણાટવાળાં કાપડ દેશ-દેશાવરથી મંગાવી વેંચે એટલે ધંધો જામી ગયો. દેશમાં ભાઈ-બહેનો જીવણલાલ, સાંકળીબહેન, અજવાળીબહેન અને રતીલાલ સૌને નિરાંત થઈ ગઈ કે કરાંચીમાં દિપચંદ સારી રીતે કામકાજમાં ગોઠવાઈ ગયો છે. પછી મનસુખ ઉપરાંત શીવલાલ, અનોપ, હિંમત, હીરા, ચંપક, શાંતિ અને જયા એમ કુલ આઠ સંતાનોથી આ પરિવાર ચહેંકવા લાગ્યો. આ શીવલાલ એટલે અમારા પિતાજી-૧૯ એપ્રિલ, ૧૯૨૫નાં જેઓનું અવનિ ઉપર થયેલું અવતરણ. એ પછી જૈન દહેરાસરનાં ટ્રસ્ટી પણ થયાં દિપચંદભાઈ. તેઓની શાખ ઘણી. જૈન સમાજ માટે જાત ઘસી નાંખે તેવી તત્પરતા. એકદા શીવલાલે પિતાજી દિપચંદભાઈને પૂછી જ લીધું: ‘‘બાપા, તમે અમારા બધા ભાઈઓનાં નામની પાછળ ‘લાલ’ લગાડવાનો આગ્રહ કેમ રાખ્યો છે?’’ તો જવાબ મળ્યો: ‘‘મને ‘લાલ’ શબ્દ બહુ ગમે છે. નામની પાછળ તે લાગે ત્યારે તે નામમાં વજન વધે છે.

લોકો માન આપે છે. મને મારા દિકરાઓને ચારેબાજુથી માન મળે તેવી મહેચ્છા છે. તેથી મનસુખલાલ, શીવસુખલાલ, હિંમતલાલ, ચંપકલાલ અને શાંતિલાલ એ નામે જ હું તમને પુત્રોને બોલાવું છું.''

તે સમયે કાણાવાળા ૧ પૈસામાં ૧૦૦ ગ્રામ જલેબી-ગાંઠીયા મળે તે સૌને અતિ પ્રિય. સોંઘવારી ઘણી. ચોખ્ખા હવા, પાણી ને અનાજ. શુદ્ધ વિચારો ને વાણી. હિન્દુ તથા મુસ્લિમ પ્રજા એકમેક સાથે હળી-મળીને રોજગાર કરે. ભક્તિ અને બંદગી તો જાણે બે બહેનોનાં સ્નેહ સમી દરેક ચોતરે ખીલે. સંપ ત્યાં જંપ કહેવત ઉજાગર થતી દેખાય.


દિકરી હીરા ખૂબ હોંશિયાર અને હરવા-ફરવા-સિનેમા જોવાની યે શોખીન. તેથી શીવલાલ અહીં તેની આ 'હીરી'ને સિનેમા જોવા ય લઈ જાય. થોડા સમય પછી 'હીરા' નામની જ એક અન્ય સુસંસ્કારી કન્યા આ હીરાની ભાભી બનીને આવી ત્યારે ભાઈ મનસુખની આ પત્નિને ઘરની પ્રથમ ને મોટી વહુ તરીકે સહુએ સ્નેહથી આવકારી. શીવલાલ બધા ભાઈ-બહેનો સાથે કરાંચીની 'શારદા મંદિર હાઈસ્કૂલ'માં દસમી ઈંગ્લિશ સુધી ભણીને પછી ઘરમાંથી ભાગી જઈને મિત્રો સાથે મિલિટ્રીમાં જોડાઈ ગયા. ૧૬-૧૭ વર્ષની વયે પણ દેશદાઝ તેનાં રૂંવે-રૂંવે! બાપા તેને શોધીને પાછા ઘરે લઈ આવ્યા તો ફરીથી બે જ દિવસમાં કોઈને કહ્યા વગર ભાગીને મિલિટ્રીમાં જોડાઈ જ ગયા.

આ બાજુ સાવરકુંડલામાં મનસુખભાઈનાં મામા શ્રી છોટાલાલ લક્ષ્મીચંદ શેઠનાં પિતાજી મણીબાપાને વિચાર આવ્યો: 'બીજો ભાણો શીવલાલ પણ હવે નોકરીમાં સારો ગોઠવાઈ ગયો છે. વૈશાખ માસમાં ઝૂલતાં આ રાયણ ને સહકાર વૃક્ષોની જેમ સુખમાં ઝુલવા... હવે એનાં ઋણાનુંબંધ પણ કોઈ સંસ્કારી દિકરી સાથે જોડાવા ઝટ ઉપડે તો સારું!' ત્યાં જ અમરેલીમાં ફ્રોક પહેરી ઝાંઝર રણકાવતી કંચનની વાત તેમનાં કાને આવી: 'તેનાં દાદાજીનાં પિતાજી પહેલાં દિવાનપદું કરતાં. આજે વિધવા માતાની ખૂબ કેળવાયેલી ને સંસ્કારી દિકરી ૧૬ વર્ષની થઈ ગઈ છે. વળી ૪ ગુજરાતી અને ૧ અંગ્રેજી ભણેલી પણ છે. નાનાં-મોટા તપ કરે છે અને પાઠશાળાનું ય ભણે છે. વળી દેખાવમાં યે રૂડી-રૂપાળી-નમણી છે.' બસ, આથી વધુ બીજું

જોઈએ પણ શું? આ વાત મૂકાઈ અને તે સામી બાજુએ સ્નેહથી ઝીલાઈને વધાવાઈ પણ ગઈ... પણ તે વચ્ચે બારેક મહિનાનો ગાળો વહી ગયો.

દંપતિએ લગ્ન પહેલાં એકબીજાને જોવા-મળવાની તો વાત જ ક્યાં હતી તે સમયમાં? મોટાભાઈ રમણે લગ્નનાં ખર્ચને પહોંચી વળવા કોઈ પાસેથી ખૂટતાં પૈસા ઉધાર લીધા. કરાંચીથી કંચનની જાન આવવાની છે... તે વાત અમરેલીની શેરીઓમાં સગાઈનાં સાત મહિના સુધી ચર્ચાઈ. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૭નાં રોજ કરાંચીથી ૧૧ તથા બીજા અહીંનાં કુટુંબીજનો મળીને ૫૦ જણાની જાન અમરેલી આવી પહોંચી. જાનમાં વરરાજા શીવલાલને લઈને મનસુખભાઈ તથા તેનાં શેઠ શ્રી કરસનભાઈ કચ્છી, બે મિત્રો ભટ્ટી ને તન્ના, ગુલાબમાસીનાં દિકરા ફતુભાઈ,

શિસ્ત એવં નીતિમત્તાનાં આગ્રહી નવયુવાન શીવલાલ



હીરાબહેન, જયાબહેન, હીરાભાભી, તેઓની દિકરી ભાનુ તથા બાપા-એમ ૧૧ જણાં આવેલ. જાનનાં ઉતારામાં સામૈયા પછી આખી રાત ચા-ઉકાળા-ગાંઠીયા બન્યા કર્યા ને આવી ઉત્તમ સરભરા સાથે ત્રણ દિવસ-રાત સૌ રોકાયા. મહા વદ અગ્યારસને ૧૬ ફેબ્રુઆરી, ૧૯૪૭નાં રોજ તેઓનાં લગ્ન રંગેચંગે સંપન્ન થયા. બે ખાનદાન પરિવારોને જોડાવાનું સૌભાગ્ય પૂરું પાડ્યું શીવ-કાંચનએ.

કળાયેલ મોરની ઢેલ સમી કંચને તો પોતાનાં મનમોરનું નામ શીવલાલમાંથી બદલીને 'શીરીષ' પાડ્યું. લગ્નની પહેલી રાત્રે ષોડશી નવવધુ કંચને પૂછી લીધું તેનાં ભરથાર શીરીષને: ''તમે મિલિટ્રીમાં કેમ જોડાયા?'' ઉત્તર મળ્યો: ''ભણવાનું પુરું થયું કે બાપાએ તો મને એક મજાનાં હિન્દુ વાસણવાળા કચ્છી વેપારીને ત્યાં કામ કરવા મૂકેલો.



લીલાં ત્રોફાં સમાન
શીવલાલ જનની
શ્રી હરકુંવરબેન

અઠવાડિયું કામ કર્યું પણ વાસણમાં નામ લખવાથી થતાં ટકટક અવાજથી કંટાળીને હું તો નીકળી ગયો. બાપા મને બીજે ક્યાંક મૂકે તે પહેલાં મારી દેશદાઝને ઠારવા અન્ય પાંચ-છ મિત્રો સાથે ભાગી જઈને ૮૦ રૂ.નાં પગાર સાથે જોડાઈ ગયો મિલિટ્રીમાં.'' ને આ સુણી ગૌરવાન્વિત થઈ કંચન. જાન પરત ફરી... ત્યારે ત્રણ જ દિવસ પછી ફાગણ સુદ બીજનાં હતાં મોટાભાઈ રમણનાં લગ્ન. તેમાં હાજર ન રહી શકવાનાં રંજ સાથે કુમળી કંચન તો ચાર દિવસનાં પરત પ્રવાસ દરમ્યાન છાને-છાને રોતી જ રહી.

વિરમગામ સ્ટેશને પોતાનાં એક દૂરનાં ગોપાળજીકાકાને ચા નો સ્ટોલ છે તે ખ્યાલ હતો ચૌદેક વર્ષનાં નાનાભાઈ ચીમનને. પિતાજીનાં ગયા પછી પોતાની બહેનનાં લગ્ને એકાએક પુખ્ત થઈ જવાબદાર બનેલા ચીમને પહેલાં જ અમરેલીથી પોસ્ટકાર્ડ લખી નાંખેલ કે: '...આ દિવસે કરાંચીથી જાન પરત ફરશે. સાથે મારી બહેન કંચન પણ હશે. કાકા, તમે બધાને ચા-પાણી પાઈ દેજો.' વિરમગામ આવ્યું ત્યારે દસ જેટલાં ડબ્બામાં ગોપાળજીકાકા ફરી-ફરીને પૂછતાં ગયાં: ''કરાંચીની જાન આ ડબ્બામાં છે?'' અંતે મુલાકાત થઈ જતાં સૌને સ્નેહથી ચા-નાસ્તો કરાવ્યા. વળી બાપુજીનાં કાકાનાં દિકરા ભોગીબાપાનાં દિકરાની વહુ કલાભાભી, જેઓ મુંબઈ જતા હતાં, તેમને સમાચાર મળતાં રસ્તામાં તેઓ પણ દૂર દેશાવર જતી દિકરી કંચનને મળવા લાજ કાઢીને આવ્યા. નવ્ય પરણેતર કંચન પોતે પણ દોઢ ફૂટનાં ઘૂંમટામાં - શોધવી ક્યાં? પણ મળ્યાં ત્યારે કંચનનાં આંસુ બોર-બોર થઈ ટપકી પડયાં, જે કડકડતી ઠંડીમાં બરફ બની થીજી ગયા. ધોળા જંક્શન થઈ વિરમગામ, મહેસાણા, મારવાડ વગેરે જગ્યાઓએ ગાડી બદલતાં-બદલતાં અંતે મુન્નાબાઉ, ખોખરાપાર પછી સિંધનાં હૈદરાબાદ થઈ સિંધ મેલ પહોંચ્યો ચાર દિવસે કરાંચી. કુલ ૧૧ દિવસે જાનને પરત ફરેલી જોઈ ઘરમાં આનંદ-મંગળ વરતાયાં.

અમરેલીનાં ઘરે નિર્મળા અને રસીલાએ તો ઘરનું કામ ખૂબ કરેલું પરંતુ કંચન તો કામણગારી! તેણે તો લાડકોડમાં આનંદ-કલશોર જ કરેલો. અહીં જોયું કે આ વસ્તારી ઘરમાં છે પૂ...રાં ૧૫ પરિવારજનો. વળી સાસુજી હરકોરબા પોતાની નણંદનાં દિકરાને ય પોતાનાં ઘરે રાખે. કામ તો ખૂટે જ નહીં. અમરેલીમાં નિર્મળા છેલ્લે સાચું જ કહેતી હતી તે સાંભર્યું

કંચનને: 'લે, લેતી જા. હવે કામ કરવામાંથી બચાવવા તને કોણ આવશે સાસરે?' પરંતુ સમરથમાને જે રીતે ઘર સાચવતા જોયેલા તે સંસ્કાર અને કેળવણી કંચનમાં ઉતરેલ જ. આ પરિવારને પણ પોતાનો કરતાં તેને વાર ન લાગી. જેઠાણી હીરાબહેન ખૂબ જ સાલસ. તેની એક વર્ષની દિકરી ભાનુમતીને સાંજ પડે પળવાર રમાડવા નવરી પડે ત્યારે કંચનને મોજ પડે. પણ ત્રણ જ દિવસમાં જેઠાણી ગયા પિયર અને વળી બાને ચાલતો હતો વર્ષીતપ. જતાંવેંત રસોડું માથે આવી ગયું. અહીં કરાંચીમાં લાજનો મોટો બધો ઘૂંમટો તાણીને દિવસ-રાત કામ કરતી કે રોટલીનાં મોટા પિંડા જોઈ ન ગભરાતી કંચનને અમરેલીનું કોઈ જૂએ તો માની જ ન શકે કે આ પે...લી અમરેલીની જ અલ્લડ કંચન છે! પરિવારજનો દરેક ખૂબ જ પ્રેમાળ. જૈન સમાજમાં મોભો પણ ઉત્તમ. તેથી મોટા ઘરની વહુ તરીકે નામ કમાવામાં કંચને પણ મણાં ન રાખી. નાનો ભાઈ ચીમન યાદ ન આવે તેવા દિયરો ચંપક અને શાંતિ તો સા...વ નાનાં, પણ દિયર હિંમત પોતાની જેવડાં. તેથી જાણે દોસ્તારી થઈ ગઈ બધા વચ્ચે. સમાજમાંથી બધા નવી વહુનું મોઢું જોવા આવે ત્યારે ઘૂંમટ ઉંચકાય...ને અંદર રહેલી કંચનને ત્યારે સ્મરણમાં આવતો હોય તે પ્રસંગ... જ્યારે ચીમનનાં મિત્ર જયંતની બહેનનાં લગ્નમાં તે પણ નિર્મળાની સાથે મુંબઈ ગયેલી. લગ્નનાં કામકાજમાં પડતી સૂઝ અને બોલવાની ફાવટ જોઈ ત્યાં દરેક પૂછે કંચનને: 'તમે મેટ્રીક ભણેલાં છો? તમે ઘણાં સમજુ છો.' આજે એ જ સમજ તેને અહીં કરાંચીમાં કામ આવી.

બાથરૂમ જેવડા રસોડામાં સગડી અને પ્રાયમસ ઉપર રસોઈ થાય અને જમવા વેળાએ રસોઈ બહાર લાવીને જમવા બેસે સહુ. પાંચ ભાઈઓ, ભાભી, ભત્રીજી, જમાઈ કાંતીલાલ અમૃતલાલ સલોત સાથે પાલીતાણા પરણાવેલ મોટા બહેન અનોપ તથા તેની એક વર્ષની દિકરી હસુમતી, જેઓ લગ્ન પછી જાન સાથે જ અહીં કરાંચી આવેલ, તે સહુ સંપથી રહે અને કિલ્લોલ પ્રસરાવે. ૧ રૂપિયાનું ૩ શેર ઘી અને પાંચ આનાનું બંગાળી શેર દૂધ મળે. વળી જેવા ચોખ્ખા અનાજ-પાણી તેવા જ ચોખ્ખા-ચણાંક વિશાળ રસ્તાઓ. બાપા પોતે કપડાંની દુકાન ઉપરાંત ફેરી પણ કરે. સસ્તાઈ ઘણી. બે આને વાર કાપડ તો મોંઘુ ગણાય. માટલામાં વેચાતી કેરીની ઋતુ અહીં વહેલી આવે. એપ્રિલ મહિનામાં ૧૦૦

રૂપિયાની કેરી વીસેક જેટલા માટલામાં ભરી-ભરીને લાવ્યા દિપચંદ બાપા. બાળકો આખ્ખો ય દિવસ તે ચૂસ્યાં કરે. મોભાદાર એવા આ શાહ કુટુંબનો વટ ચારેકોર પડતો જોઈ કંચન પોતાની મહીં ખૂબ જ હરખાય.

મનનો માણીગર શીરીષ હતો કામમાં ખૂબ જ ડૂબેલો. શસ્ત્ર સરંજામ અને અન્ય માલસામાનનાં હિસાબ-કિતાબ કરવામાં તેને મોડી રાત થઈ જતી. મિલિટ્રીની ગાડીઓ ઘરની બહાર દોડાદોડી કરતી હોય તે જોઈ કંચનનો જીવ સ્હેજ ઊંચો પણ થઈ જતો. પિયરીયું યાદ આવે ત્યારે તેને સમજાવી-મનાવી લેનાર શીરીષને પોતાનાં કામમાં ગળાડૂબ જોઈ ગૌરવ થતું જો કે કંચનને. રંભા હોવાની સાથે-સાથે તે મૂલ્યનિષ્ઠ પતિની 'કાર્યેષુ મંત્રી' પણ બની રહી. નણંદ હીરાબહેન જ્યારે ભાઈ શીવલાલની

ભાઈ મનસુખલાલનાં
સહધર્મચારિણી
શ્રી હીરાબહેન




હેટ તથા બુટ-સુટ પહેરી ચમચમ ચાલે, ત્યારે હસીને બેવડ વળી જાય કંચન અને પોતાનાં કુંવારા દિવસોની આવી જ કોમળ ક્ષણો સ્મૃતિમાં ઉભરી આવે! અઢી મહિના થયા કરાંચી આવ્યાને. કંચન અને કરાંચીનાં સખીપણાં હજુ તો દ્રઢ થાય ત્યાં તો પોતાનાં ન જોયેલા વસંતભાભી સાથે રમણભાઈ કરાંચી આવી પહોંચ્યાં કંચનને આણું વાળીને અમરેલી લઈ જવા. શિવ-કાંચનને થોડો વખત અલગ રહેવાની પ્રથમ ઘડી આવી પહોંચી. વાંચનપ્રેમી સાહિત્યકાર સમા પોતાનાં પતિને રોજેરોજ પત્ર લખવાની વિનંતી કરી. છૂટ્ટા પડતી વેળાએ આ અઢી મહિનામાં ખીલેલા ગુલાબ સમું મહોરી ઊઠેલું કંચનમુખ અને ગુલાબી ગાલ સ્હેજ મ્લાન બન્યાં. સૂર્યની ઢળતી આભાનાં આછા ઉજાસમાં કંઈ કેટલીયે વાતો કરી લીધી આ દંપતિએ એકમેકની આંખોમાં... અને રસ્તાનું ભાતું તથા કુંજામાં પાણી સાથે કેટલીયે મીઠી-મધુરી ક્ષણોને હૃદયમાં ભરીને જલ્દીથી પરત ફરવાનાં કોલ સાથે કંચને કરાંચી છોડ્યું. હવે શીવ-કાંચનનું મિલન એટલે જાણે રૂડો મણિકાંચન યોગ થયો હોય તેવું સૌને લાગે.

કરાંચીનું પ્રાચીન
શ્રી આદિનાથ
જૈન દહેરાસર





ઘરમાં જોડણીકોશથી નહીં, હૃદયકોશથી જીવતા શીવ-કાંચન.
અનેક અનેરી સંઘર્ષગાથામાંથી પસાર થતાં શીવ-કાંચન.



03

પ્રકરણ

બ્રિટીશરો સામે દેશનાં સ્વતંત્ર થવાનાં છેલ્લાં તબક્કામાં ભારતીય સમાજમાં સ્વતંત્રતાની ભૂખ ઉગ્રતર બનતી જતી હતી. ૧૯૪૭નાં વર્ષની દરેક સવાર સ્વાતંત્ર્ય સમીપ આવી રહ્યું છે તેનો અણસાર આપતી હતી. વળી એવી વાતો પણ સંભળાઈ કે દેશનાં બે ભાગલા થવાનાં છે - ભારત અને પાકિસ્તાન. તેમાં કરાંચી શહેર પાકિસ્તાનને ભાગે જશે ત્યારે ત્યાંનાં હિંદુઓએ ઉચાળા ભરી ભારત પરત ફરવું પડશે. જેઓનાં પરિવારજનો સિંધ પ્રદેશમાં હતાં તે સઘળાં યે ભારતવાસીઓનાં જીવ પડીકે બંધાયેલા. ભાવિનાં પેટાળમાં રહેલ અનાગતનાં રહસ્યો કોઈ ક્યાં પારખી શકે છે? અમરેલી પહોંચ્યાનાં એક જ મહિનામાં જાણ થઈ ગઈ કે હવે કંચને કરાંચી પાછા જવાનું નથી.

...ને અંતે ૧૫ ઑગષ્ટ, ૧૯૪૭નાં દિવસે દેશ આઝાદ થયો તેની ઉજવણીનાં જશ્ન સાથે જ રંગ ભળવા લાગ્યો લોહીનો: હિંદુ-મુસલમાન વચ્ચે શરૂ થયેલી કત્લેઆમથી! સૌનાં કાળજાં કંપવા લાગ્યા. બહેનો અને નાનાં બાળકો સાથે કરાંચીમાં પથરાયેલાં ધંધા-વ્યાપારને પણ સાચવીને ભારત ફરવું એ સૌને લગભગ અશક્યવત્ લાગ્યું. પરિવારો જીવ બચાવીને દેશમાં પહોંચે એ જ મોટી મિરાત ગણાવા લાગી. રોજેરોજ ગણત્રીનાં જ લોકો સ્ટીમર કે વિમાન દ્વારા ભારત માટે રવાના થઈ શકતાં હતાં અને તે માટે કરેલી નોંધણીમાં પોતાનાં પરિવારનો ક્રમ ઝડપભેર આવે તેની પ્રાર્થનાઓ કરતાં હતાં દરેક હિન્દુ પરિવારો. જે-જે પરિવારો હિજરત કરીને સહીસલામત રીતે દેશમાં ઘરે પહોંચી ગયા હોય તેઓનાં તાર મળવા માંડયાં અહીં કરાંચીમાં. મુસલમાની આલમ અને બુરખાંઓનાં રાજ્યની સત્તા મધ્યે એકવાર 'ભાટિયા મેન્શન'માં પણ ઘૂસી આવ્યા મુસ્લિમો. દિપચંદબાપા ને મનસુખભાઈએ સમજદારીપૂર્વક રાજી-ખુશીથી રાચરચીલાં સહિતનું તે ઘર તેઓને જ રૂા.૨૫૦માં આપી દીધું. સપરિવાર ત્યાંથી રાતોરાત નીકળીને પ્રભાફઈ જે મકાનમાં રહેતાં હતાં ત્યાં પોતાનું ઘર બદલાવી, જમવાનું બાજુમાં જ રહેતાં એવા ઉનાનાં અજવાળીફૈબાનાં દિકરા સુમતિભાઈ તથા

લીલીભાભીનાં ઘરે તાત્કાલિકપણે ગોઠવી લીધું. ભારત જવાનું થાય તે પૂર્વે કાપડનાં ધંધાની પાઈ-પાઈ ચૂકતે કરીને સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી પાંચમનાં જ પુત્રો મનસુખ તથા શીવલાલ સિવાયનાં દરેક પરિવારજનોને લઈ બાપા દિપચંદભાઈ, હરકોરબા, હીરાભાભી વગેરેએ સ્ટીમરમાં બેસી ભારત આવવા પ્રયાણ કર્યું. સ્ટીમરમાં બેસતાં પહેલાં સામાનની ખૂબ ચકાસણી થઈ. નવી વહુનું આણું તો બચાવીને દેશમાં લઈ જ જવું તેમ વિચારીને આ સાસુ-વહુએ કંચનનાં દાગીના તો પહેરી જ લીધાં, જે લાજની અંદર ઢંકાઈ રહ્યાં અને સાડીઓ સાથે નવી ફેશનનાં ૩૧ બ્લાઉઝ, જે કંચન લાવેલ તે તેઓએ ડૂચા જેવા કરીને સવા વર્ષની દિકરી ભાનુનાં મુત્તરવાળા કપડાંનાં ડૂચાની નીચે છૂપાવી દીધા. સ્ટીમર કચ્છમાં લાંગરી.


કચ્છનાં એ વખતનાં મહારાજાએ હિજરત કરીને આવેલ આ દુઃખી હિંદુ પરિવારો માટે મફતમાં ભોજનશાળા ખોલેલી. એક તો ચાર દિવસનો સાંકડ-મુંકડમાં કરેલો મુસીબતભર્યો પ્રવાસ અને વળી જીવ બચાવવાની તાલાવેલી... એમાં આ સેવાયજ્ઞ જોઈ સૌનું હૈયું ઠર્યું! અધમૂઆ જેવા થઈ ગયેલાં પરિવારોએ બે દિવસ અહીંની છાવણીમાં થાક ઉતાર્યો. પછી મારવાડ, મહેસાણા, વિરમગામ, ધોળા અને છેલ્લે સાવરકુંડલા પહોંચવા માટે તો ખીજડીયા સ્ટેશને પણ ટ્રેન બદલીને અંતે સૌ હેમખેમ છોટુમામાનાં ઘરે ઉતર્યાં.

અમરેલીમાં આ સારા સમાચાર મળતાં કંચનનાં ઘરે તો દિવાળી જ વહેલી આવી ગઈ જાણે. બસ કંચનને હવે ફિકર હતી તો ફક્ત મોટાભાઈ મનસુખભાઈની અને પ્રાણાધાર શીરીષની! કરાંચીથી પાછા આવ્યા પછી કંચનને ખૂબ જ ગમે એક ગીત, જે ક્યારેક અમરેલીનાં હરિ રોડ ઉપરથી પસાર થતાં રેડિયોમાં આવતુ સંભળાય... ત્યારે જ્યાં હોય ત્યાં થંભી જાય અને સાથે-સાથે ગાવા લાગે: 'ઘૂંઘટડે નીરખ્યાં મેં નણંદલ વીર...'

અલગ થયાંને ચાર મહિના ઉપર સમય થઈ ગયેલ. વિરહમાં તડપતાં એવા બંને પત્રોની આપલે કરે. દિનાંક ૨૫ સપ્ટેમ્બર, ૧૯૪૭નાં એક પત્રમાં શીરીષે લખ્યુ: પ્રિય હૃદયેશ્વરી જીવનસંગિનિ કંચના, નમસ્તે. આપને મારા તારીખ ૧૩, ૧૪, ૧૬ અને ૨૧નાં પત્રો મળી ગયેલ હશે.

આ પત્રથી આપનાં અને મારા એમ એકસામટા આપણાં વિરહ સમય દરમ્યાનનાં પત્રોની આપણે એક શતાબ્દી પૂરી કરીએ છીએ. હજુ કદાચ અર્ધશત પત્રોનો કાફલો સફર કરે એવી કલ્પના છે! ત્યાં સુધી ત્રણ વાતોનું ધ્યાન રાખવું: ૧. આનંદમાં દિવસો નિર્ગમન કરવા. ૨. ઘરનાં બધા સાથે હળીમળીને પ્રેમથી રહેવું. ૩. ખોટું ન લગાડતાં સહનશીલતા કેળવવી. આપનાં પૂ. માતુશ્રીને વંદના. સખીમંડળને નમસ્કાર. કુમારી રસુલને યાદી. પત્ર સમાપ્તિ કરતા તારા જ શીરીષનાં જયહિન્દ.

વળી બીજા પત્રોમાં તરત લખે છે શીરીષ:
પ્રિય અર્ધાંગના કંચના, નમસ્તે. મારા આઠ-આઠ પત્રો લખીને મોકલ્યા પછી તમારો એક પત્ર મને મળે છે તે


Chimanlal K. Mehta
OILS BROKER, GENERAL MERCHANTS
& COMMISSION AGENTS.
BOMBAY 3.

બહેન કંચનનો પત્ર તથા ચિ.રસૂલનો ઉત્તર બનેવીશ્રીને...

પણ એક સંતોષનો વિષય જ આ પાકિસ્તાન રાજનગરમાં ગણાવો જોઈએ અને ગણું છું. આપે મારા તરફથી બિલ્કુલ સમગ્રતયા નિશ્ચિંતતા રાખવી. જો કે હજુ સુધી ક્યાંય કોઈ વસ્તુ દૂર-દૂર ક્ષિતિજમાં પણ દર્શન આપતી નથી અને રોજબરોજ એ જ ખ્યાલ, વિચાર, મનોમંથન થયા કરે છે કે શું થશે? પુના, દિલ્હી, મુંબઈ વગેરેમાંથી ક્યાં જવાનું થશે? સર્વિસ વગેરેની સાનુકૂળતા-પ્રતિકૂળતા કેવી હશે? હજુ કેટલો સમય વિરહ સહન કરવો પડશે? આ વિચારોથી જો કે વ્યાકુળતા ઉદ્દ્ભવે છે પણ નિરાશા તો નહીં જ! જોઈએ શું થાય છે? અત્રેથી આપણાં દરેક કુટુંબીજનો રાજીખુશીપૂર્વક હેડક્વૉટર્સ સાવરકુંડલા સુખરુપ પહોંચી ગયાનો પત્ર પણ આવી ગયો છે.

માસીનાં ફતુભાઈએ ત્યાં રૂબરૂ આવીને મારા બધા રીપોર્ટ આપ્યા હશે. લીલીભાભી ૧.૧૦.૧૯૪૭નાં બુધવારે અત્રેથી ઓખા થઈ આપની તરફ પધારે છે. એ પછી વેવાણ (ભાભીની બા)ને ત્યાં જ અમારી જમવાની સગવડ થઈ જશે. હું આનંદીત રીતે દિવસો નિર્ગમન કરું છું. અત્રેથી ૪૦૦૦ જૈનોમાંથી ૨૦૦૦ અને બે લાખમાંથી ૪૦,૦૦૦ હિંદુઓ ડર, ગભરાટ, બેઈજ્જતી, વ્યાપારવિહીનતા ને બિનસલામતી વગેરે સાથે હીજરત કરી ગયા છે. બીજા ૪૦,૦૦૦ લોકો ટીકેટ્સની રાહ જોતાં નીકળી જવા તૈયાર જ છે. જો કે જીંદગીનું જોખમ હવે નથી. કરાંચી એ પાકિસ્તાનનું રાજનગર બન્યું હોવાથી તેમ જ સિંધ સિવાયનાં બાકીનાં આખા પાકિસ્તાનમાં ફોગટ હુલ્લડોની હોળી થયેલ હોઈ ત્યાંના નિરાશ્રિતો માટે રહેવા-વસવાનું આ એક જ ધામ હોઈ અત્રે કંઈપણ અજુગતાં બનાવ બનવાની વકી નથી, છતાં હિંદુકોમની બહુમતિ અત્રેથી વિહાર કરતી હોઈ દરેક સુજ્ઞજનો અત્રે રહેલાં ઓને જલ્દીથી નીકળી જવાની ભલામણ કરે એ સ્વાભાવિક છે. આપનાં પૂ. માતુશ્રીને ઉપરોક્ત બીના જણાવજો.

બીજી વસ્તુ એમ છે કે અત્રેથી અમારી સરકારી કામદારોની બદલી હિન્દુસ્તાનમાં થવાની હતી, પરંતુ પાકિસ્તાન સરકારનાં અસહયોગી વર્તનથી હવે તે લગભગ મોકૂફ રહી છે. તેમ છતાં હિન્દુસ્તાન સરકારનાં ખાનગી સંદેશાનુસાર જો અમે અહીંની નોકરીનો બહિષ્કાર કરીએ તો તેની સો ટકા આશા હોવાથી ઘણું કરીને જો પ્રબંધ થઈ શકે તો તા.૬.૧૦.૧૯૪૭ અથવા આસપાસ અમારા માંહેનાં ૪૦-૫૦ કર્મચારીઓએ અત્રેથી વિમાન

માર્ગે દિલ્હી અથવા સ્ટીમર રસ્તે મુંબઈ જવાનો વિચાર કરેલ છે. પ્રિય ચીમનકાન્તનો હાલમાં કોઈ પત્ર નથી. વારંવાર માફી પત્રો મોકલવા, આપનાં થકી લાગવગો લગાવવી અને વળી તેની તે જ પત્ર લખવાની સ્થિતિ! ખેર! મને તેમાં કંઈ ખોટું લાગતું જ નથી હં... હું તો મજાક ખાતર આ વસ્તુ રજુ કરું છું. પૂ.માતુશ્રીને ભાવમયી વંદના. કુ.રસુલને નમસ્તે સાથે યાદી. સખીમંડળને જયહિન્દ. બસ વિરમું. તારો જ શીરીષ સદર, કરાંચીથી જયહિન્દ પાઠવીને સાથે-સાથે:

'આકાશ અગર તુટે તુજ પર પરવા ન કર;
હિંમત સે કામ લે ઔર કદમ-કદમ બઢાયે જા'

પંક્તિની ભાવના કેળવવા અનુરોધ કરે છે. ૨૦મી સદીનાં મધ્યમાં આ હતી એક નવપરિણિત દંપતિની પત્રો થકી પરિપ્લાવિત થતી જતી જીવનમૈત્રી. ૨૦ વર્ષનો એક નવયુવાન પોતાની તીવ્ર બુદ્ધિ, સહિષ્ણુતા, સુઘડ કાર્યપ્રણાલિ ને વિચારોનાં ઠહરાવ સંગે પોતાની પ્રિયતમા પત્નીને કઈ રીતે શબ્દોથી ઘડી શકે છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે આ પત્રસંપૂટ! વળી ૧૮ જ વર્ષની સહસ્ત્ર કોડભરી પત્ની દૂર રહીને ય તેનાં પ્રાણેશ્વરને કેટલી બેહદ સચ્ચાઈ અને હૃદયનાં ઊંડાણથી ચાહે છે તેનાં પુરાવા રૂપે હતું સૌ સંગેનું કંચનનું સ્વસ્થતાભર્યું અને સહૃદયી વર્તન અને પોતાનાં પતિપરમેશ્વરને લખાતા આ શબ્દો:

પ્રિય પ્રાણેશ્વર હૃદયનાથ શીરીષ, નમસ્તે!!!
હું સર્વ રીતે આનંદમાં વિહરું છું અને વિહરીશ. મારા પૂ.મા ઉપરાંત આપણા બાપા અને બા પણ મારું પૂરતું ધ્યાન રાખે છે. આપણાં ભવિષ્ય માટે ચિંતા ન કરવી. રૂપિયા મોકલવાની બીલ્કુલ ઉતાવળ કરશો નહીં. બધું થઈ રહેશે. વિયોગનો કાળ હમણાં વીતી જશે. એકાદ પોસ્ટકાર્ડ આપણાં ઘરે પણ દર અઠવાડિયે લખતાં રહેવું. તબિયતનું ખાસ ધ્યાન રાખવું. સહ વિગતે પત્ર લખતા રહેવું. બાકી તમે ખાતાં-પીતાં-હસતાં-બોલતાં-જાગતાં-ઉંઘમાં ખૂબ જ યાદ આવો છો, પણ છતાં યે હું લ્હેરથી જીવન ગાળું છું તો નિશ્ચિંત રહેજો. પ્રત્ત્યુત્તર તુરંત પાઠવશો. લિ. આપની જીવનસખી ઔર હૃદયની દેવી કંચના - કચુ.

વિરહનાં આ વિકટ કાળમાં શીરીષ વિના પણ આનંદીત રીતે વિહરવા વિષે કંચન હતી કટિબદ્ધ. શીરીષ કરાંચીથી ક્યારે નીકળે છે તેનાં તારની રાહ જોતી કંચન હતી મિલનનાં ક્ષણની કલ્પનામાં જ મંત્રમુગ્ધ! અને એ દિવસ પણ આવી પહોંચ્યો. સ્ટીમરમાં બેસી અન્ય સરકારી કર્મચારીઓ સાથે દિનાંક ૨૩.૧૦.૧૯૪૭નાં તેનો મુંબઈ સહીસલામત પહોંચી ગયાનો તાર આવ્યો ત્યારે દિપચંદભાઈ ઉપરાંત ખીમચંદભાઈનાં પરિવારજનોની આંખોમાંથી પણ હર્ષનાં અશ્રુની ધાર વહી રહી.


કરાંચી નિવાસનાં અંતિમ દિવસોમાં મોટાભાઈ મનસુખભાઈએ તો પોતે દાઢી વધારી, મુસ્લિમ ટોપી ઉપરાંત તેઓનાં જેવો પૂરો પહેરવેશ ધારણ કરી, તેઓની જમાતમાં ભળી જઈ, દરેક વિસ્તારોમાંથી રહી ગયેલા હિન્દુઓને બહાર કાઢી સ્ટીમરમાં બેસાડી ભારત આવવા રવાના કરાવેલ. કરાંચીમાં રહેતા ૪૦૦૦ જૈનોમાંથી દરેકે દરેક પરિવારસહ નીકળી ગયા છે તેની ખાત્રી કર્યા પછી જ સ્ટીમરમાં સૌથી છેલ્લે બેઠા મનસુખભાઈ. કચ્છમાં ઉતરી સૌને સ્વસ્થાને જવા સહાય કરવા સામેથી પૂછીને કેટલાંયને ઠેકાણે પાડી, પોતે પણ ટ્રેનમાં બેસી વિરમગામથી મુંબઈ જવા નીકળ્યા. આગગાડીમાં આંખો બંધ કરે અને દેખાય કાપડનાં ઢગલે-ઢગલાં, મકાનો તથા દુકાનો, જે તેઓ કરાંચીમાં મૂકી દઈને ભારત આવવા નીકળી આવેલા. પરંતુ પોતાની જીંદગીની સરખામણીમાં તેની તુલના તુચ્છ છે એમ મન મનાવી બાજુમાં બેઠેલ હિજરતીઓ સાથે વાતો કરવા માંડયાં કે: ''મહુવાથી કરાંચી ગયેલ ત્યારે મારી ઉંમર ફક્ત બે વર્ષની હતી અને આજે મારી દિકરી ભાનુની સવા વર્ષની ઉંમરે હવે કરાંચી છોડવાનો વારો આવ્યો!!''

ભાઈ શીવલાલને એ સમયે ઘણી જ ચિંતા રહેતી પોતાનાં જૈન સંઘનાં શ્રમણોનાં સ્થળાંતરની. સરકારે જો કે શ્રમણો માટે પણ ખાસ વાહનોની વ્યવસ્થા કરવાની તૈયારી દેખાડેલ, કિન્તુ 'અમે શ્રમણો પાદચારી છીએ, વાહનમાં મુસાફરી ન કરીએ અને પગે ચાલીને જ એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવા વિહાર કરીએ.' એમ કહી દીધેલું. તેથી શ્રમણો સંગે અનેક શ્રાવકો પણ વિહાર કરીને ભારત આવવા નીકળેલ. એમાનાં જ એક હતા મુનિરાજશ્રી પૂજ્ય વિદ્યાવિજયજી મહારાજ. કરાંચીથી જેસલમેર રસ્તે પૂજ્ય વિદ્યાવિજયજી ભારત વિહાર કરીને આવ્યા હતાં તેનો ભાઈ શીવલાલ ઉપર

ઘણો જ પ્રભાવ હતો. શ્રમણોની જિનશાસન પરત્વેની તીવ્ર શ્રદ્ધાને તેઓ મનોમન વંદે અને જિનેશ્વર ભગવંતોને તેઓ સૌની સુરક્ષિતતા માટે અનવરત પ્રાર્થના કરે.

પોતાની સહધર્મચારિણી કાંચનને પોતાના હૃદયની આવી અનેક વાતો જણાવે મોતી જેવા અક્ષરોથી પત્રો દ્વારા. મનુષ્યનું નિત્યત્વ અને નિરંતરત્વ એની નિજ સમજમાંથી જ નિષ્પન્ન થતું હોય છે. હૃદયનાથ શીરીષનાં પત્રો ન મળે ત્યારે થતી બહેન કંચનની મુંઝવણ તેને પોતાને ય ન સમજાતી. પ્રેમ તે આનું જ નામ ને?

સ્નેહનો અક્ષિતિજ ઉદધિ ઉછળતો દેખાય શીરીષનાં પત્રોમાં!




જયા
બહેન કંચન
અનોપબહેન
ભાનુ
ઈન્દુમતી
હસુ
અનિલ
જીતુ
ભારતી
ભરત
સુરેખા

કંચન પરણીને ગઈ ત્યારે હજુ મહેંદી પણ સૂકાઈ નહોતી અને તેણીનાં સ્વભાવ મુજબ ક્રાંતિકારી પગલું ભરાઈ ગયું તેનાથી. તે સમયે દરેક વહુ તરફથી પોતાનાં સાસુજીને સંબોધન કરવામાં આવતુંઃ 'બાઈજી'. પણ કંચન કહેઃ હું તો 'બા' જ કહીશ. તેનું એમાં કાંઈ ચાલ્યું નહીં શરૂમાં, તેથી જે અઢી મહિના ત્યાં રહી... તેણે પૂજ્ય હરકોરબાને કોઈ નામથી બોલાવ્યા જ નહીં. કામ હોય ત્યારે માનપૂર્વક, વિનયપૂર્વક પાસે જઈ પૂછી આવે અથવા કાંઈ સમાચાર આપવા હોય તો કોઈ જાતનાં સંબોધન વગર જ નજીક જઈ કહી આવે.

આજે એ જ હરકોરબા, દિકરા ચંપક તથા શાંતિને લઈને અમરેલી મધ્યે સમરથ વેવાણનાં ઘરે આવેલા પોતાની વહુ કંચનને તેડી સાવરકુંડલા લઈ જવા. કરાંચી રહેલા શીરીષની ચિંતા કરતાં-કરતાં પત્ર લેખનમાં, સમરથમાનાં ખોળામાં અને નાનકડી બહેન રસીલા સાથે પાંચીકા રમવામાં આ પાંચ મહિનાનો સમયગાળો ક્યાં પસાર થઈ ગયો તેની જાણ રહી ન હતી બહેન કંચનને. અઢારમું વર્ષ જ ચાલતું હતું હજુ તેને, પણ સાસરે જવાની બીજી કોઈ જ તકલીફ ન હતી-સિવાય એક! ત્યાં બધા સામે પોતાનાં પ્રાણપ્યારાં પતિદેવ શીરીષને હવે સમયસર કાગળ કેમ લખીશ તેની. જો તેઓનાં પત્રોનો સમયસર જવાબ હવે નહીં લખી શકું તો શીરીષ નારાજ તો નહીં થઈ જાય ને? બસ, એ વિચારમાં મુંઝાતી કંચને કુંડલાની મોચી શેરીનાં ડેલીબંધ ઘરમાં પગ મૂક્યો. સૌ તેને જોતાવેંત ખુશખુશાલ થઈ ગયા.

વળી બા-બાપુજીને હવે એ વાતે પણ શાંતિ થયેલી કે મુંબઈની મિલિટ્રીમાં જ શીવલાલને પાકી નોકરી મળી ગયેલી. અફઘાન ચર્ચ પાસે નેવીનગર-કોલાબામાં એમ.ઈ.એસ.ની ઑફિસ. આમ જોઈએ તો મુંબઈનો છેડો. ત્યાં રહેતાં હીરાભાભીની તબિયત એટલી સારી ન રહે તેથી જાતે જ ટિફિનમાં લઈ જવાની વાનગી બનાવવા માટે ઘણીવાર સવારે ખૂબ વહેલાં ચ

ઉઠવું પડે! હમણાં ફક્ત ૯:૩૦થી સાંજે ૪:૩૦ સુધીની ડયુટી કરવાની અને વળી માસિક વેતન પણ રૂા.૮૦માંથી રૂા.૧૨૫ થઈ ગયેલ. અને તેથી જ દિનાંક ૬.૧૧.૧૯૪૭, ગુરુવાર, આસો વદ અષ્ટમીની સાંજે મુંબઈથી કાઠિયાવાડમેલમાં ઉપડીને સાવરકુંડલા પહોંચ્યા જ્યારે શીવલાલ, ત્યારે સૌને નિરવધિ આનંદ ભયો. દિયરો અને નણંદોનાં કિલ્લામાં કિલ્લોલતી અને સાસુમાની સેવામાં નિમગ્ન પોતાની સહધર્મચારિણી કંચનને જોઈને શીવલાલનો સંતોષ દ્વિગુણીત થયો. પૂ...રાં પંદર દિવસ વીતાવ્યાં સાથે. હવે તો મુંબઈ જ રહેતાં પોતાનાં મોટાભાઈ રમણભાઈ-વસંતભાભી, ચીમનકાન્ત, નિર્મળાબહેન-ચુનીલાલ ઈત્યાદિનાં રૂબરૂ ખબર મળવાથી કંચનને હૈયે પણ શાંતિ થઈ.

અહીં ઘરે શીવલાલને તેને ભાવતાં ભોજન જમાડાયાં. તેનાં લાલ-લીલાં મરચાંવાળાં તીખા દાળ-ભાતમાંથી સૌ શી... શી... કરતાં કોળિયો ચાખી ઉપર પાણી પીવે પણ દરેકને એ રીતે એક જ ભાણામાંથી જમવાનો આનંદ થાય. ભાઈ શીવલાલનાં મુંબઈ પરત ફર્યા પછી બે દિવસ સુધી પ્રોષિતભર્તુકા કંચનનું રડવું બંધ ન થયું! વળી આ શુન્યકાર અવસ્થામાં જ મોટાબહેન અનોપબહેન પણ પાલીતાણા સાસરે જતાં રહ્યાં, તેથી એ શુન્યાવકાશ વધુ ઘેરો બન્યો. ત્યાં જ મુંબઈથી પત્ર આવ્યો. એડ્રેસ ઉપર લખેલું: ‘કંચનદેવી શીવલાલ શાહ’. તેથી બધાને મશ્કરી કરવાનું બહાનું મળી ગયું. ઉત્તરમાં કંચને લખ્યુ: ‘ખાસ લખવાનું કે કવર ઉપર તમારા નામ સાથે મારું નામ ન લખવું. બધાએ ઘણી મશ્કરી કરી છે. તેથી ફક્ત મારું જ નામ લખવું અથવા તો ઘરનાં કોઈનું નામ લખીને પછી ‘તેમનાં ભાભીને આપશો’ તેમ લખવું.’ જેનાં જવાબમાં શીરીષે સ્નેહાળ સહચરીને બંડ પોકારતાં લખ્યું કે:

‘એડ્રેસ ઉપરનું મથાળું મશ્કરીલાયક જ હોવું જોઈએ અને તે જ ચાલુ રહેશે... રૂઢિચુસ્તોની અવળદ્રષ્ટિ કે નાના ભાઈ-બહેનોની મશ્કરીથી વિહ્‌વળ ન થવું.’ વળી આગળ લખ્યું કે: ‘ઘરનાં દરેક ન્હાનાં-મોટા ગણ સાથે હળીમળીને તમે પ્રેમથી આનંદોત્સવ ઉજવો છો એ જોઈ હું નિશ્ચિંત થયો છું. હીરાબહેનને વડિલ સમજવા, ચંપકભાઈને કાર્યકુશળ કાર્યકર અને વિશ્વાસપાત્ર વ્યક્તિ ગણવા, પૂ.પિતાશ્રીને વિના સંકોચે આત્મિક ભાવો

જણાવવા, બંને મામીઓને પણ હિતેચ્છુ જ ગણવા. પોષ સુદમાં ભાઈ મનસુખભાઈની સવારી ત્યાં આવશે ત્યારે પણ સુસંગત વસ્તુઓ ઉપર પૂ.બા વગેરે સાથે પ્રેમથી તે તે વિષયો ઉપર ચર્ચા કરવી ને પોતાનાં અભિપ્રાયો પણ જણાવવા. પૂરતી રીતે રસિક બનવું. આપણી મુલાકાતનાં સંજોગો ઉપસ્થિત ન થાય ત્યાં સુધી કિલ્લોલતાં સમય વ્યતીત કરશો તો તેટલા અંશે તે બાબત પરત્વે હું નિશ્ચિંત રહી શકું. પૂજ્ય માતુશ્રીની આજ્ઞાઓનાં કડાકે-ભડાકે થતાં ગાજવીજ ધોધમાર વરસાદ આપે કેટલી બધી હદ સુધી તેઓનો વિશ્વાસ સંપાદન કરી લીધો છે તેનાં પુરાવા રૂપે છે. તેવી જ રીતે વિશ્વાસુ બની સેવાનાં આ શુભ અવસરને હૃદયંગમ રીતે ખીલવશો.'

ગિરિરાજ શત્રુંજયની યાત્રા, જગાવે ભાવની અનુપમ સરિતા!

વિરહમાં તડપતી કચુડીને આવા પત્રો વાંચી મનોરથ જાગે કે ક્યારે હું અને શીરીષ હંમેશ માટે એક છત્ર નીચે સાથે



જ રહેવાનું શરૂ કરી શકીએ? આવી જ રીતે કેળવાતાં-કેળવાતાં કંચને નાના દિયર ચંપક સાથે જયહિન્દને બદલે રોજ સવારે 'ગુડ મોરનીંગ' કહેવાનું ચાલુ કરી દીધું. કરાંચીથી આવ્યા બાદ ચંપક અને શાંતિ સાવરકુંડલાની 'ન્યૂ ઈંગ્લિશ હાઈસ્કૂલ'માં છોટુમામાની ઓળખાણને કારણે દાખલ થઈ ગયેલા. સવારની શાળા હતી ને શનિવારે રહેતી અડધા દિવસની રજા. સાવરકુંડલામાં એ સમયે પાણીની ઝાઝી તકલીફ. શિયાળાનો સમય. ઠંડી ઘણી લાગે. આ બંને બાળકોને ઠંડીમાં ન્હાવું ગમે નહીં. તેથી તેઓનાં વ્હાલા આ કંચનભાભી તેઓને પકડીને ન્હાવા બેસાડે. નિર્વસ્ત્ર નાનકો ચંપક તો એટલી દોડાદોડી કરે કે કંચનને તેની પાછળ દોડવું પડે અને પછી પોતે તેને ધધલાવીને પરાણે ન્હવડાવે! બા જેવા દેરાસર જાય કે બીજીવારની ચા પીવા બાપા પણ બૂમ પાડે: 'કંચન, જરા ફરીથી દૂધ-મસાલાવાળી ચા બનાવજો હવે.' આ સુણી કંચનને પવનપાવડી આવી જાય જાણે!

૩૦ જાન્યુઆરી, ૧૯૪૮નાં દિવસે શીવલાલે પોતાની પ્રિયાનાં ૪ પાનાના પત્રનાં જવાબમાં હજુ તો એક પાનું લખવાનું પૂર્ણ કર્યું ત્યાં જ એક ગોઝારા સમાચાર આવ્યા. કંઈક ઠીક થયાં પછી ૧૮:૫૫ કલાકે પત્ર આગળ લખાયો: 'ઉપરોક્ત પુષ્ઠ પૂરું થયું અને ત્યાં એક યુગપુરુષ, જગતતટે એક અહિંસક પૂજારી, સત્યવચની, દુનિયાને શાંતિસંદેશ આપનાર, આધારભૂત મહામાનવ, જગતમાં કોઈ દિવસ ન થયેલ એવા કૃત્યોથી જગતને પાવન કરનાર, અચલ યોધ્ધા, લડવૈયા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં દુ:ખદ અવસાનનાં રેડિયો વાટે સમાચાર ઉપલબ્ધ થયા. મન, આત્મા, શરીરનાં રોમેરોમમાં પેલી ચાર-ચાર ગોળીનો વિષાદ પ્રસરી ગયો! કયા અધમ હીણા હિંદી માનવીએ એ જગતરત્નને મારીને હિંદનાં હૃદય ઉપર વાર કર્યો હશે? હવે પછી આપણા દેશને કેવી-કેવી યાતના અને વિધ્વંશભરી મુસીબતોમાંથી પસાર થવું પડશે તે અકલ્પનીય છે! ગમગીનીનાં વાતાવરણ તળે અત્રે દુકાનો અને બઝારો ફટાફટ બંધ થઈ ગયા છે. વિશેષ અત્યારે કંઈપણ લખવા આ દિલ-દિમાગ ના પાડે છે પણ મારી ને ચીમનકાન્તની ચિંતા કરશો નહીં.'

સમય વિતતો ગયો. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૪૮નાં શીવ-કંચનનાં લગ્નને એક વર્ષ પૂર્ણ થયું, પરંતુ રહેવા માટે ભેગા થવાને થોડી વાર હતી. તે

સમયમાં કંચનને તેની શોકય લાગે પેલી અલબેલી હાથીછાપ સીગારેટ, જેને હોઠે લગાડે ૭/૮ વાર રોજ તેનાં પ્રાણપ્રિય શીરીષ. 'રમણીકલાલ ઍન્ડ કું., ૪૨-૪૬ ઈસાજી સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ-૩'નાં એડ્રેસ ઉપર પત્ર લખે ત્યારે ક્યારેક તેનો અછડતો ઉલ્લેખ પણ કરી લે કંચન. શીવલાલની મહેચ્છા કે: મારાં શ્રીમતિ આપણા સમાજની અન્ય સ્ત્રીઓની જેમ દંભી, અનુદાર કે સંકુચિત માનસ ન ધરાવે ને કુટુંબ વ્યવસ્થા સાથે સહકાર અને સાંગોપાંગ મેળવણી કરી લલાટે સ્વાભિમાનની રેખાઓ તરવરાવે ...અને તેને સમર્થન આપવા કંચન બધું જ કરી છૂટે.

કરાંચીથી આવી કુંડલા રહેલી કંચન ૧૯૪૮નાં મધ્ય પછી એકાદ વર્ષ માટે મુંબઈ જવા પામી. મુંબઈમાં મસ્જિદ બંદર, વડગાદીમાં આવેલ કીડીવાળામાળાની એક રૂમમાં મનસુખભાઈ, ભાઈ હિંમત, શીવલાલ વગેરે ૭ જણાં દિલની ઉદારતા અને સ્નેહથી રહે. અહીં ઉપરનાં માળે રહે ત્રણ ભાઈઓ, જેનાં ક્રમ પ્રમાણે ઉપનામો પડેલાં: ફીડલ, મીડલ અને લીટલ. વળી એક મિત્ર જે ખાંભા ગામનાં રહેવાસી હતાં, તેનું નામ જ પડી ગયેલું 'ખાંભા' અને એક અન્ય મિત્ર જે કોઈ એક પરિવારનાં ઘરની ગેલેરીમાં રહેતો, તેનું નામ પાડેલું 'ગેલેરી'. 'રાવ' તો તેની અટકથી જ ઓળખાય.

પોતાનાં આ મિત્રો સાથે મજાનો સમય પસાર કરે શીવલાલ. ઉપર ચોથે માળે જ શીવલાલનાં પ્રિય એવા મણિમાસા પણ રહે. ચંદુ અને ભૂપત તેમનાં દિકરાઓ. ગોદીમાં એકવાર કંઈક ધડાકો થયો. એક પતરું ઉડીને મણિમાસા ઉપર એવી રીતે પડ્યું કે તેમનો પગ કપાઈ ગયો. ગોરાં-ગોરાં મણિમાસા હવે લાકડી લઈને ૪ માળ ચડે-ઉતરે તે ભોળી તથા દયાળુ બહેન કંચનથી જોવાય નહીં! એમાં વળી તેઓનાં પત્ની પ્રભામાસીને ટી.બી. સમો રાજરોગ લાગુ પડયો. હવે આ મણિમાસાએ જ ભાણિયા મનસુખને આ રૂમ અપાવેલી. તેઓનો ઉપકાર આકંઠ માને આ સમસ્ત પરિવાર. તેથી કંચન પોતાનાં ઘરનું કામ સ્ફૂર્તિપૂર્વક પતાવીને ફટાફટ જાય ઉપર ચોથે માળે માસીની સેવા-સુશ્રુષા કરવા. આખો કીડીવાળોમાળો કંચનનાં આ ગુણની પ્રશંસા કરતાં ન થાકે. પણ કંચનને તો પોતાનાં મનનો માણીગર અહીં મળી ગયેલો તેથી દુનિયાભરનાં કષ્ટો સહન કરવા રહે તૈયાર જ! સહુને મદદગાર થવાની ભાવના તેનાં રકતમાં દોડતી રહેતી.

કોઈવાર સ્હેજ નવરી પડે ને કંચનને યાદ આવે અમરેલીનાં એ નિરાંતવા દિવસો કે જ્યારે પિતાનાં પગ દાબતાં-દાબતાં તેણી દુનિયાભરની વાતો કરતી હોય... કે પછી એવા દિવસો કે શીરીષનાં પત્રો આવે ત્યારે ચીમન જ તે પત્રો હાથમાં લઈ લે... અને મોટેથી બોલવા માંડે: 'વધુ વિગત રૂબરૂમાં...' અને આ સાંભળી કંચન તેની પાછળ દોડે અને પત્ર દેવા માટે વીનવે. મુંબઈમાં ભલે, અધ્યાત્મની કદાચ ઝાઝી સમજણ ઊગી ન્હોતી કંચનમાં હજુ, પરંતુ તે પોતે તેની જાણ બહાર જ આવીને સામે ઉભેલી ક્ષણને સ્વીકારી, આવકારીને જીવવામાં માહેર થતી જતી હતી! આ અધ્યાત્મનો પાયો જ હતો ને?

ભારતીય વિદ્યા ભવન, ચોપાટી પાસે ભાઈ હિંમતની નાનકડી દુકાન - ફક્ત બાંકડો જ જોઈ લ્યો જાણે. નામે 'ચોપાટી બુક સ્ટૉલ.' હિંમતનું હુલામણું નામ મૂળજીભાઈ. નોટબુક, ફાઉન્ટન પેન, બોલપેન, પેન્સિલ, પાઠ્યપુસ્તકો સાથે વળી કટલેરીનો સામાન પણ તેમને ત્યાં મળે. ભાઈ ચંપક ચોપાટીની જ એક શાળામાં મેટ્રીક ભણે. શાળા છૂટે પછી તે પણ દુકાને આવી મદદમાં રહે. શાળામાં કૉ-ઍજ્યુકેશન. બાજુમાં જ કન્યા છાત્રાલય પણ ખરું. હિંમતભાઈ ને કંચન દિયર-ભોજાઈ અહીં એક થાળીમાં જમે. ૧૭ વર્ષનાં આ નવયુવાનને દાળ બહુ ભાવે. ઘણીવાર મોટાભાઈ આવીને કહે: 'આ ચાર-પાંચ જણાંને લઈને આવ્યો છું, તેથી કંચન થાળી કાઢો!' ને દરેક કસોટીઓમાંથી પાર ઉતરતી કંચન પાછી ન પડે તેમાં ય! મહેમાનો આવે એટલે કંચન એક નવું શાક વધારી નાંખે અને હિંમતભાઈ માટેની ઝાઝી બધી દાળ તો હોય જ. તેથી ભાત થાય ત્યાં સુધીમાં ગરમ ફૂલકા ઉતારી પહેલાં મહેમાનોને જમાડી દે અને દુકાનેથી ભાઈ હિંમત મસ્જિદ બંદરનાં આ ઘરે જમવા આવે ત્યાં તો બીજી દાળ પણ થઈ ગઈ હોય તૈયાર! આ માળામાં રહેતાં લોકો એકમેકનાં સ્નેહીજનો જ બની ગયેલા. રાતનાં એક-બે વાગે અહીં પાણી આવે. અડધી રાત્રે ઊઠીને કંચન પાણી પણ ભરે. ત્યાં તો ફરીથી કુંડલા જવાનું ટાણું આવ્યું. વારાફરતી મુંબઈ અને દેશમાં રહેવું તેમ બંને વહુઓ વચ્ચે ગોઠવેલું હરકોરબાએ. તેથી ફરી અલગ થયા શીવ-કંચન. એક-બીજા વગર કોઈને ગોઠે નહીં કિન્તુ જ્ઞાનીએ પોતાના જ્ઞાનમાં જેમ જોયું હોય તેમ થાય તે વાતમાં દ્રઢ શ્રદ્ધા. જીવનમાં ફરિયાદ વિણ જીવવાનો જાણે નિયમ!


રૂડી મજાની મા-દિકરીની જોડી, પડે ક્યાંયે ના મોડી,
બહેન કંચન તથા સમરથ મા, ભક્તિ કરે દોડી દોડી!



સાહિત્યસસ્નેહી સાધ્વીરત્ના
પરમ પૂજ્યશ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજ સાહેબ

**સાવરકુંડલા ગયેલી કંચનની તાવની માંદગી એકવાર લાંબી ચાલી, ત્યારે પોતાનાં ભાઈ-બહેનોને શીવલાલે મુંબઈથી આમ લખ્યુંઃ 'ભાઈશ્રી હીમ્મતલાલ, શ્રી ચંપકલાલ, શ્રી શાંતિલાલ તેમ જ કુ. જયા... શ્રી કુંડલપુર. નમસ્તે!! આપ ચારે જણાનો ચોરો આ વેકેશન દરમ્યાન બહુ જ રંગતથી જામતો હશે! તમારા ભાભીશ્રી આપ સૌનાં સાંન્નિધ્યમાં ઠીક થતાં જતાં હશે. તમો સૌ દરરોજ સવારે તમારા ભાભીની સાથે એક કલાક ખુલ્લામાં ફરવા જતાં રહેશો. ચોખ્ખી હવા, ત્યાંનું રોજનું એક શેર દુધ, છ પાકી મોટી કેરી અને દરરોજનો એક મણ આનંદ જો તેમને તમે આપશો તો એક જ પખવાડિયામાં તેમની તબિયત બહુ જ સારી થઈ જશે. તો જરુર તેમ કરશો હં... .'**

કંચનને આ શબ્દોમાંથી પોતાનાં જીવનસખાનાં સ્નેહસેતુની આંતર-હૂંક જડી! જો કે તેનો તાવ મટ્યો જ નહીં તેથી મુંબઈ પ્રભામાસીની સેવા કરવામાંથી જ આ ચેપ લાગ્યો હશે તેમ વિચારી એકવાર ભાવનગર એક્સ-રે પડાવવા ગયા અને ખબર પડી કે કંચનને ખરેખર જ ટી.બી.ની શરૂઆત છે. રોજનાં સ્ટ્રેપ્ટોમાઈસીનનાં બે ઈન્જેક્શનો, દિવસમાં ૧૦-૧૨ વાર ઍલોપથી તથા હોમીયોપથીની દવા, ટોનીક, માખણ, ભેંસનું તાજું દુધ વગેરે શરૂ થયાં. કંચનની થાળી, ગ્લાસ, પથારી, પાણી વગેરે જૂદા રખાયા. નિદ્રા આવે નહીં. સખત અશક્તિ, બકારી, પેટનો દુઃખાવો, ચડ-ઉતર થતો તાવ સાથે વળી પતિનાં વિયોગીપણાનું ઉમેરણ! તે છતાં ય એ સમયે ગણાતા ભયંકર રોગમાં ૨૦ જ વર્ષની કુમળી વયે જે સહનશીલતા તથા હિંમતનાં દર્શન કરાવ્યા તે કંચનની સમજદારી અને આત્મશ્રદ્ધાની ઊંચાઈ હતી. તેનાં આનંદી સ્વભાવ, જતું કરવાની ભાવના અને કર્મની ગહન ગતિને સ્વીકારીને પાર ઉતરવાની આસ્થા જોઈ સર્વે છક્ક થયા! એકસાથે પા કલાક ય વાત કરે તો છાતીમાં ધ્રુજારી એવી આવે કે સામેવાળાને ય તે વરતાય... પરંતુ કંચન એવી મજબૂત કે આવી વાતોને મન ઉપર ન આવવા દે. પોતે પણ સમજે કે હજારો રૂપિયાનું પાણી કરાવનાર આ રાજરોગમાંથી બહાર નીકળવા માટે હરકોરબા ઘણી જ જહેમત ઉઠાવી સેવા કરે

છે અને અમરેલી જાય ત્યારે સમરથમા પણ અનેક કષ્ટો સહી પૂરતો ભોગ આપી રહ્યાં છે, ત્યારે મારે પણ દ્રઢ વિશ્વાસ સાથે આમાંથી સહીસલામત રીતે બહાર નીકળવું જ રહ્યું!

દિવાળી નજીક હતી. દેશમાં કંચનને દવા અને આરામથી પ્રમાણમાં ઠીક થતું જતું હતું, પરંતુ તેણીને ગળામાં જમણી બાજુ ખભા ઉપરનાં ભાગમાં કંઈક ગાંઠ જેવું થયેલું, જે ક્રમશઃ વધીને સખત થતી જતી હતી. દુઃખાવો પણ વધતો હતો. તેવામાં ફરીથી ભાવનગર ફોટો પડાવવા જવાનો દિવસ આવી પહોંચ્યો. તેથી નિર્મળાબહેન અને કંચનબહેનને લઈ ૧૮ વર્ષનો ચીમન ૧૯ સપ્ટેમ્બર, ૧૯૫૦નાં દિને અમરેલીથી રાત્રે ૧૧ વાગે મેલમાં નીકળ્યો. ખીજડીયા સ્ટેશને બદલી કરી ૮ વાગે ધર્મશાળામાં ઉતરી, સવારે ૧૦ વાગતામાં તો ભાવનગરની તખ્તસિંહજી હોસ્પીટલમાં પહોંચી ગયા. એકસ-રે પડાવી, સ્ક્રીનીંગ કરાવી તેનો રીપોર્ટ લઈ સાંજે ત્યાંનાં મોટા સર્જનશ્રી હિંમતલાલ વૈદ પાસે પહોંચતાં પૂર્વે બપોરે જુનીયર ડૉક્ટરને વિગતો જણાવી. રીપોર્ટ બતાડતાં ખબર પડી કે ટી.બી.ની સાધારણ ૨૫% જેવી અસર હજુ છાતીમાં ડાબી બાજુએ છે. જો કે ઘણો જ ફેર પડી ગયો છે. કાંટા અને તોલાથી વજન કરાવતાં તે ૧૦૫।। રતલ આવ્યું. તે વધેલું જોતાં સૌને આનંદ થયો. સાંજે મોટા સર્જનનાં ઘરે પણ સારા રીપોર્ટ જોઈ એ જ વાત થઈ કે વજન સારું થવાથી હવે લગભગ વાંધો આવવો જોઈએ નહીં. તેઓએ ઈન્જેકશન્સ બંધ કરાવ્યા, પરંતુ ૧૦૦ ગ્રામ P.A.S. Granuals નાં આઠ ટીન લેવાનાં કહ્યાં.

બાદ ભાઈ ચીમને સર્જનને પોતાની બહેનનાં ગળાની ગાંઠો દેખાડી ચિંતિત સ્વરે તેનો ઈલાજ પૂછ્યો. તેઓએ કહ્યું: ''આવતી કાલે જ ઑપરેશન કરી લઈએ જે નાનકડું જ છે... અને વળી હાલતાં-ચાલતાં તે તરત ઘરે પણ જઈ શકશે. જેમ મોડું કરશું તેમ તે ફેલાશે અને કદાચ પછી ગળાનો ટી.બી. થઈ જવાનો સંભવ પણ રહે.'' ચીમનને થયું કે સાથે કોઈ વડીલ તો છે નહીં પણ સર્જને કહ્યું કે: ''ચિંતા ના કરો. તેની જવાબદારી હું પોતે જ લઉં છું.'' આથી કુંડલા, મુંબઈ કે અમરેલી સ્થિત વડીલોને પૂછ્યા વગર જ બીજે દિવસે સાંજે સર્જરી કરાવતા પહેલાં વળી બીજા મોટા ડૉક્ટર શ્રી પરીખ સાહેબ તથા ડૉક્ટર શ્રી રસીકલાલભાઈને બતાવી

દઈને સલાહ લીધી. તેમણે પણ કહ્યું કે સર્જરીમાં ગભરાવા જેવું નથી ને કરાવવી તે જ હિતાવહ છે. આથી સાંજે સાત વાગ્યે ડૉ. વૈદ પાસે અન્ય બે ડૉક્ટરોની હાજરીમાં ૧૩ મિનિટનું ઑપરેશન સંપન્ન થયું. બે ટાંકા આવ્યા. બહાર નીકળતાં પહેલાં તબીબે કહ્યું કે: ''બે દિવસ પછી પહેલું અને ચાર દિવસ પછી બીજું ડ્રેસીંગ કરાવી અમરેલીમાં જ તમે નવમે દિવસે ટાંકા તોડાવવા જજો.'' ડૉક્ટરને ત્યાંથી જ ચીમને તો ફોન દ્વારા ફર્સ્ટકલાસનાં ડબામાં ત્રણ ટિકિટો બુક કરાવી. ડૉક્ટરની જ ગાડીમાં ધર્મશાળા જઈ, સામાન લઈ, સ્ટેશનેથી રાત્રે નવ વાગે ઉપડતાં ઓખા મેલમાં પોતાની તાજા ઑપરેશનવાળી કંચનબહેનને સ્નેહથી બેસાડી દીધી. ટ્રેન ચાલુ થયા પછી પોતાનાં આ નાનાં ભાઈની હોંશિયારીથી પ્રભાવિત થઈ કંચને પૂછ્યું: ''ચીમન, હવે તો કહે કે આ સર્જરીનાં પૈસા તું ક્યાંથી ઉછીના લઈ આવ્યો?'' ત્યારે આંખો નચાવતાં ભાઈસાહેબ કહે: ''જ્યારે ડૉક્ટરે કહ્યું કે ગળાનો ટી.બી. થવાની સંભાવના ઉભી થઈ શકે, ત્યારે મેં નક્કી જ કરી લીધું કે બસ! મારી બહેનને હવે વધારે દુઃખી થતી તો હું નહીં જ જોઈ શકું. તેથી હું આપણાં બનેવીશ્રી ચુનીલાલભાઈનાં શેઠને ત્યાં ગયો અને એટલી ઠાવકાઈથી વાતો કરી કે તેમણે મને તરત જ રૂ.૨૫૦ પ્રેમથી આપી દીધા. હવે અમરેલી જઈને હું સથવારા સાથે તાકીદે તેમને પાછા મોકલાવી દઈશ.''

બહેનની પીડા ન જોઈ શકનાર પોતાનાં નાનાં ભાઈ ઉપર આ બન્ને બહેનોને તો ઘણું જ ગૌરવ થયું, પરંતુ ઘરે જઈને વાત કરી ત્યાં અલગ જ પ્રતિભાવ મળતાં સૌ ડઘાઈ ગયા. પિયર, સાસરા તથા મોસાળનાં વડીલોને જેવી ખબર પડી આ વાતની કે સૌએ મોટો ઠપકો આપવા માંડયો ચીમનને: ''તું કઈ રીતે આટલો મોટો નિર્ણય લઈ જ શક્યો? કાંઈક થઈ ગયું હોત કંચનને તો? પૂછાય તો ખરું ને પહેલાં!'' પરંતુ ચીમનને તો બહેનને પીડામુક્ત કરવા સિવાય બીજી કોઈ વાતનો નબળો વિચાર આવ્યો જ નહીં એ વાત કોણ સમજી શકે?

નવેમ્બર, ૧૯૫૦નાં શીવલાલને બહેતર મહેનતાણું જોઈતું હોય તો રંગૂન જવાની ઑફર મળી. દંપતિએ પત્ર દ્વારા જ ગુપચુપ ગપસપ કરી લીધી અને નિર્ણિત થયું કે ના, આટલે દૂર એકલા જવા પણ નહીં દઈ શકાય

અને એકલા રહી પણ નહીં શકાય... તેથી ઘરે વાત પહોંચે તે પહેલાં જ તે સમેટાઈ ગઈ.

મોટા હીરાભાભીએ ૬ મે,૧૯૫૧નાં રોજ ડૉક્ટર પૂરંદરેની ચોપાટી સ્થિત હોસ્પિટલમાં પુત્ર ભરતને જન્મ આપ્યો તે પૂર્વે બહેન હીરામતિ તો ઘરનો કારભાર સંભાળવા કુંડલાથી મુંબઈનાં કીડીવાળામાળાનાં ઘરે પહોંચી જ ગયેલ. ઘરમાં આનંદ મંગળ પ્રવર્ત્યો. એ પછી થોડા વખતે બહેન કંચન પણ સાજી થઈને મલાડ આવી ગઈ. મુંબઈ આવ્યા પછી સૌની હાજરીમાં શીવલાલ કંચનને 'મકુજી' અથવા 'મકુજે' કહીને બોલાવે પણ તેનો અર્થ કે એ નામનું રહસ્ય ક્યારેય ઉઘડયાં નહીં.

બહોળો પરિવાર. ખર્ચને પહોંચી વળવા સૌ પ્રથમ તો બાપા તથા મનસુખભાઈએ મળી સ્વદેશી માર્કેટમાં કાપડની દુકાન કરેલ. ભાઈ ચંપક તથા શાંતિ જોડાયા પછી મૂળજી જેઠા માર્કેટમાં પણ બીજી દુકાન ભાડે લીધી. મનસુખભાઈની શાખ એટલી બધી સારી કે અમદાવાદનાં શ્રી નરેશચંદ્ર મનસુખરામ, કે જેઓ જૈનોની તીર્થપેઢીશ્રી આણંદજી કલ્યાણજીનાં મુખ્ય ટ્રસ્ટી હતા, તેમણે ગૅરેન્ટર બનીને આ પરિવારને કેલીકો મીલની એજન્સી અપાવી. કોટન તથા પોલીએસ્ટરની સાડીઓ સાથે પેન્ટપીસ, શર્ટપીસ, કટપીસ તથા ડ્રેસ મટીરીઅલ ખરીદવા માટે રૂપિયા ૧૦ લાખ સુધીનો માલ પણ ક્રેડીટ ઉપર મળતો થયો જેથી તેઓ હોલસેલ તથા સેમી-રીટેઈલનો વેપાર કરતા થયા. કેલીકો મીલે જ્યારે કેલીસીન્થ નામે નવું કાપડ બહાર પાડયું ત્યારે તેની ડીસ્ટ્રીબ્યુટરશીપ પણ આ પરિવારને જ મળી. પરિવારમાં બધા કાપડનાં કામમાં વિતરક તરીકે પાવરધા થતા ગયા, સિવાય ભાઈ શીવલાલ, જેઓએ તો મિલિટ્રીનાં કાર્યમાં કુશળતા પ્રાપ્ત કરીને અનોખું કૌશલ્ય દાખવ્યું.

કરાંચીથી કુંડલા આવ્યા ત્યારે ઉતરવાની ભૂમિ અને આકાશ નીચેનું છત્ર આપ્યું હતું આ પરિવારને વડીલ શ્રી છોટુમામાએ. કંચનને ટી.બી. લાગુ પડયો ત્યારે રોજેરોજ સાંજે તેની ખબર કાઢીને થોડીવાર બેસીને, સલાહ સૂચનો આપીને હસાવી જતાં છોટુમામા જ. તેઓનો ઉપકાર ન વીસરનાર આ પરિવારે તે મામાનાં દિકરાઓ કાંતિભાઈ, મહાસુખભાઈ, સુમતિભાઈ

વગેરેને પણ કુંડલાથી મુંબઈ બોલાવી, પોતાનાં ઘરે રાખી, કાપડનાં જ ધંધા-વ્યાપારમાં ગોઠવી દીધાં. બહેન અનોપ તથા બનેવી કાંતિલાલ સલોતનાં દિકરાઓ જીતુ તથા અનિલને પણ તેનાં આ મામાઓએ જ પાલીતાણાથી મુંબઈ બોલાવી ભણવા માટે ગોઠવી દીધા.

કરાંચીથી સાવરકુંડલા આવ્યા પછી વરિષ્ઠ દિકરી હીરાને સાધ્વીજી ભગવંતોનો રૂડો સંસર્ગ થવાથી દીક્ષા લેવાની ભાવના જાગી. એમાં મુંબઈ રહેતા શીવલાલનો એકનો જ હતો વિરોધ. તે વિચારે કે સિનેમા અને હરવા-ફરવાની શોખીન મારી હીરી કઈ રીતે સંયમનાં માર્ગે સ્થિર રહી શકશે? પરંતુ તેની પ્રિયા કચુકીએ તેમને મનાવી જ લીધા. પરમ પૂજ્યશ્રી રામચંદ્રવિજયજી મહારાજનાં આજ્ઞાવર્તિની સાધ્વીશ્રેષ્ઠા પૂજ્ય દર્શનશ્રીજી મહારાજનાં શિષ્યા બનવા બહેન હીરા બન્યાં ભાગ્યશાળી અને નવું સલૂણું નામ પામ્યા: સાધ્વીશ્રી હર્ષપૂર્ણાશ્રીજી.

समत्वं योगं उच्यते ।
સ્વાધ્યાયપ્રેમી પૂજ્યશ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજ.




બાપા દિપચંદભાઈ કરાંચીથી કુંડલા આવ્યા પછી વા ને કારણે હેરાન થાય. તેઓને ગરમ ગાંઠીયા ખાવાનો ઘણો શોખ, પણ હરકોરબા તેઓને વારે. ન ખાવા ય સમજાવે પણ ટેવ છૂટે નહીં. તેઓના જીવણભાઈ એકવાર કલકત્તાથી કુંડલા આવ્યા. બંને ભાઈઓ ઘણાં વખતે મળીને ખૂબ ખુશી પામ્યા. જીવણભાઈ કહે એકવાર: ''ચાલોને ભાઈ, આપણે દીવ, દેલવાડા, અજાહરા, ઉનાની યાત્રા કરવા જઈએ અને ઉનામાં રહેતાં આપણાં અજવાળી બહેનને ય મળી આવીએ.'' દિપચંદભાઈ તો રાજી-રાજી થઈ ગયાં ને તીર્થયાત્રાએ નીકળી પડયાં બંને ભાઈઓ. યાત્રા કરીને અંતમાં ઉના પહોંચ્યાં ત્યાં અજવાળી બહેનનું સાસરું ઘણું જ સુખી ગણાય. બીજે દિવસે બાપા દિપચંદભાઈને એકાએક જ પક્ષઘાતનો હુમલો આવ્યો અને લોહીનું દબાણ એટલું બધું ઊંચુ ગયું કે થોડીવારમાં જ અજવાળી બહેનનાં ખોળામાં જ પ્રાણ ત્યાગ કર્યો!

બહેન તો પોતાનાં સાસરે હોંશથી આવેલા ભાઈઓને જોઈને હર્ષાતુર બનેલા. ત્યાં જ એક ભાઈની એકાએક વિદાયથી હતપ્રભ બની બેબાકળાં બની ગયાં. તરત જ અરજન્ટ કૉલ લગાડી સાવરકુંડલામાં છોટુમામાને આ આઘાતજનક બીના જણાવાઈ. તેઓ પોતાનાં બહેન હરકોરબાને લઈને ''બનેવીને હુમલો આવ્યો છે. આપણે ઉના જવાનું છે.'' તેમ કહી મારતી મોટરે ઉના પહોંચવા નીકળ્યાં... પરંતુ અડધે રસ્તે જ તેઓને રોકી દેવાયા અને દિપચંદ બાપાનાં ગુજરી જવાનાં સમાચાર અપાયાં.

અજવાળીબહેન તથા બનેવીલાલ વનમાળીદાસે રજા લઈ લીધી કે તેઓનાં અગ્નિસંસ્કારની બધી ક્રિયા અમો ઉનામાં જ સંપન્ન કરીએ. પૂર્વે એવી સગવડતા જ ન હતી કે મૃત શરીરને લઈને ઝડપભેર સૂર્યાસ્ત પૂર્વે તેઓનાં ગામ પહોંચાડી શકાય. હરકોરબા પોતાનાં ભલા પતિ સાથેનો છેલ્લો મોં-મેળાપ પણ ન કરી શકયા! કેવી વિડંબના! તેઓએ મન વાળ્યું કે બસ, મારા ઋણાનુબંધ પૂરા થયાં હશે અને છેલ્લે યાત્રાઓ કરી, બહેન સંગેનાં લેણાં ચૂકવી તેઓ ગામતરૂં કરી ગયા! પ્રભુ તેમનાં આત્માને પરમ શાંતિ અર્પે.



પરમ પૂજ્ય વિદુષી દર્શનશ્રીજી મહારાજ સાહેબ
ગુરુ કુમ્હાર શિષ્ય કુંભ હૈ, ગઢ ગઢ કાઢૈ ખોટ;
અંતર હાથ સંવાર દે, બાહિર મારૈ ચોટ...



સપ્તપદીનાં સાતે પગલાં સાથે માંડવા ઉત્સુક
ભાઈ ચંપક તથા સૌભાગ્યકાંક્ષિણી મંજુલા.

**ધીમે-ધીમે બધા ભાઈઓનાં લગ્ન થયાં. પરિવારમાં ઈન્દુ, મંજુલા, પ્રેમિલા એમ ક્રમશઃ ભાઈ હિંમત, ચંપક અને શાંતિની મજાની રૂપકડી વહુઓ ઉમેરાતી ગઈ. ફક્ત ૫૦૦/-રૂા. ડિપોઝીટ આપીને મલાડમાં દફતરી રોડ ઉપર 'ગૌતમ નિવાસ'નું ઘર પણ લેવાયું. બે રૂમ રસોડાનાં આ ઘરમાં પાંચે ભાઈ-ભાભીઓ, બા વગેરે કિલ્લોલતાં થયાં. ભાઈ શીવલાલ ઈન્દુમતીને કહે 'ઈન્દુલાલ' અને પ્રેમિલાને કહી શકે 'પ્રેમાલાલ'. જેઠ સાથેનાં પણ આવા સુમેળ ને નેહભર્યા સંબંધ. હા, જેઠજીની લાજ જરૂર કાઢવી પડે, પરંતુ બહેન કંચને જ પાછળથી દરેક દેરાણીઓને ફક્ત ઓરું ઓઢવાનો નિયમ કરેલ.**

ઘરમાં અઠવાડીયાનું જ રાશન આવે. મેટ્રીક સુધી ભણેલી દેરાણી પ્રેમિલાને દળાવવા જવા ન દે કંચન. તેને સન્માન આપે. બા સાથે કંચન પોતે જ ધાન દળાવવા જાય. સગડી ઉપર રસોઈ અને રોટલી કરવી ફાવે નહીં તેથી ક્રાંતિકારી બનીને બધા માટે લાજ કાઢવાનો રિવાજ નાબૂદ કરાવનાર વીરાંગના કંચન પાંચે દેરાણી-જેઠાણીમાં ભલે બીજો નંબર-પણ બીજી બધી વાતે આ બહેનો સમી સખીઓ આપે તેને પહેલો નંબર જ વળી! ભાનુ અને ભરત પછી શીવલાલને ત્યાં પારણું બંધાયું સુરેખાનું. કંચનને ટી.બી. થયા પછી બે વર્ષ તો બાળપ્રસવની સખત મનાઈ હતી. તેથી જૂન, ૧૯૫૨માં શીવ-કાંચનની જુગલ જોડી દૈવી આનંદમાં ડૂબી. પોતાનાં નાનકડા સંઘર્ષભર્યા સંસારની આ અતિપ્રિય ફલશ્રુતિ જોઈને તેઓનો એકમેક પરત્વેનો મીઠો લગાવ પ્રિયકર ને મધુકર બનતો ગયો. પણ ત્યાં જ માંડ સ્થાયી થતાં જતાં પરિવાર માટે એક કારમો ઘા સમો દુઃખદ પ્રસંગ બન્યો. મોટા હીરાભાભી બે બાળકોને મૂકીને લાંબી માંદગી ભોગવી એકાએક ૧૯૫૩માં અરિહંત શરણ પામ્યા. ઘરમાં વિષાદનાં ઓળા પથરાયાં. જો કે સંયુક્ત કુટુંબમાં બાળકો ભાનુ અને ભરત સ્નેહપૂર્વક ઉછરતાં ગયાં.

સુરેખાનાં જન્મ પશ્ચાત્ અઢી વર્ષે કંચને જન્મ આપ્યો નલિનીને.

તેનાં કલશોરમાં હજુ તો ઘર ભીંજાયુ ત્યાં એક નાનકડી લીવરની માંદગીમાં સુરેખાએ વસમી વિદાય લઈ લીધી. એ વજ્રઘાતને ખાળવો કપરો બન્યો આ દંપતિ માટે. પોતાનાં સ્નેહનું પ્રથમ રૂપરૂપનાં અંબાર સમું સુરેખ સ્વરૂપ આમ એકાએક વિલીન થઈ જાય તે માનવામાં ન આવ્યું બંનેને કંઈ કેટલાંયે દિવસો સુધી. કંચનનો જીવ પછી તો પડીકે બંધાયો. નલિનીને સ્હેજ પેટ ચડ્યું દેખાય ત્યાં સો કામ પડતાં મૂકી દોડી જાય ડૉક્ટર ઉદાણીને દેખાડવા અને પૂછે કે: ''આને લીવરની બિમારી તો નથી ને?'' અને ના સાંભળી નિરાંત પામે.

શીવ-કાંચનનાં સ્નેહનું પ્રથમ સુરેખ સ્વરૂપ અગ્રજા સુરેખા સાથે બહેન કંચન.

મનસુખલાલની નામરજી છતાં પરિવારે બાળકો ભાનુ-ભરત માટે જ તેઓનાં બીજા લગ્ન કરાવ્યાં. મજાના નિર્મળાવહુ પામીને હરકોરબા પણ હવે નિશ્ચિંત થયા કે હવે આ



બાળકોને ફરીથી મા મળી ગઈ. કાળક્રમે દીપિકા, રાજુલ, હેમંતી એમ ત્રણ તરવરાટભરી દિકરીઓ થઈ ભાઈ હિંમતલાલ-ઈન્દુમતીને ત્યાં. નવા જેઠાણી નિર્મળાને થયા એક પછી એક ચાર બાળકો - શરદ, મહેશ, રૂપલ તથા ધનંજય. તેઓનાં પિતાજી મનસુખલાલ થોડા વખત પછી મલાડથી હનુમાન ગલી, બોરીવલી, વલસાડ અને પછી વડોદરામાં ઘર બનાવી સ્થાયી થયા. ભાઈ ચંપક તથા મંજુલાને ત્યાં થયાં રૂડાં-રૂપાળાં બે દિકરા: ધર્મેન્દ્ર તથા તેજસ. ભાઈ શાંતિ તથા પ્રેમિલાને ક્રમશ: ભેટ મળી દિકરા કુમારપાળ તથા નિમેષની. પૂ...રાં પચાસ વર્ષ સુધી ગૌતમ નિવાસમાં આ પરિવાર રહ્યો તે પૂર્વે તેમાં ઉમેરાતા ગયાં આ સર્વે એક પછી એક બાળકો પણ સૌને સંસ્કારજલ એવા પીવડાવાયાં કે બાળકોને પોતાની મા અને કાકીમાં ક્યારેય તફાવત જ ન જણાયો.

નલિની પછીની આવનારી સુવાવડ માટે બેન કંચનને જવાનું હતું સાવરકુંડલા. ટ્રેન કાંઈક મોડી પડી અને વરસાદ કહે મારું કામ! અડધી રાત જેવો સમય. રસ્તાઓ ઉપર પાણી ભરાયેલાં અને આંગળીએ બે વર્ષની દિકરી નલિની તથા પાંચ વર્ષનો ભરત! પ્રકૃતિને ય હવે તો પરિચય થઈ ગયેલો કંચનનો કે આ કન્યા કોઈ જૂદી જ માટીની બનેલી છે. નિડરપણે ઉકેલ કાઢીને તેણી સહીસલામત રીતે પોતાનાં ઘરે પહોંચશે જ... અને ખરેખર એમ જ થયું! સુવાવડનાં અંતિમ ચરણનાં સમયે પણ હિંમત અને ધૈર્ય ન ગુમાવનાર આ માનીનિ હતી અમરવલ્લીની અને વળી તેનાં પ્રાણેશ્વર શીરીષથી ઘડાયેલી!

રાત્રીનાં બે વાગે કુંડલા સ્ટેશને બે હાથમાં બે બાળકો લઈને નીચે ઉતરી બેન કંચન. ફરી ડબ્બામાં અંદર ગઈ અને સાથે લાવેલ ઝાઝો બધો સામાન નીચે ઉતાર્યો. એ વર્ષે પોતાનાં નણંદ મહારાજ શ્રી હર્ષપૂર્ણાશ્રીજીનું ચોમાસું હતું સાવરકુંડલામાં. તેથી તેઓને વહોરાવીને લાભ લેવાનાં ભાવથી અનેક વસ્તુઓ મુંબઈથી મોકલી હતી પરિવારજનોએ. વળી સુવાવડી નારીને જોઈતી દરેક વસ્તુઓ પણ પોતે સાથે જ લઈને આવેલી. ત્યાં તો ધીમે-ધીમે ચાલવા લાગેલી છુક-છુક ગાડી જોઈને ભરત તથા નલિની ટા...ટા કરવા લાગ્યા! આ નિર્દોષ બાળકોને ક્યાં ખબર હતી કે કેટલી બધી મુસીબતો તેઓની રાહ જોઈને પાછળ જ ખડી છે! આત્મશ્રદ્ધાથી ભરપૂર એવી આ નારી તો ગઈ સીધી સ્ટેશન માસ્તર પાસે અને હક્કથી

કહેવા લાગી: ''સાહેબ, તમે ગમે તેમ કરો, પરંતુ મને ગામમાં મારા ઘરે પહોંચાડો. મારી સાથે ઘણો સામાન છે અને વળી આ બે નાનાં ભૂલકાં છે. અડધી રાત્રે હું એકલી ક્યાં જઈશ? ઘરનાં બધા પણ મારી રાહ જોતાં ચિંતા કરતા હશે. માટે સાહેબ, તમે કોઈ જવાબદાર વ્યક્તિને મારી સાથે મોકલો, બાકી બધું હું સંભાળી લઈશ. તમારી ટ્રેન મોડી પડી તેમાં હવે તમારે જ મદદ કરવી પડશે.''

સ્ટેશન માસ્તર તો ખાનદાન પરિવારની આ બેજીવી હિંમતવાન સન્નારીને જોઈ જ રહ્યાં! બે પળ પછી વિચારીને કહ્યું: ''હવે ત્રણ-ચાર કલાક કોઈ બીજી ટ્રેન તો આવવાની જ નથી. તો એક કામ કરો. આ શંટીંગ કરવા અને સીગ્નલ પાડવા માટે રાખેલો સાંધાવાળો મારો જૂનો, વિશ્વાસુ અને ઉંમરલાયક માણસ છે. તેને હું તમારી સાથે મોકલું છું, જે તમને ઘર સુધી પહોંચાડી આવશે. અરે... જીવાભાઈ, આ મોટાબહેનને તેમનાં ઘર સુધી સુરક્ષિત રીતે પહોંચાડી આવોને.'' સાંધાવાળાએ મોટા સામાનનાં મુદ્દા સંભાળી લીધા અને કંચને નીલુને તેડીને હાથમાં ઝાલ્યો ભરત અને બીજા હાથમાં નાનો સામાન! બે ફૂટ પાણીમાં બે બાળકો ને બે મોટા ટ્રંક સાથે સાંધાવાળો લાકડી મૂકે ત્યાં પાણીમાં પગ મૂકીને ચાલતાં-ચાલતાં સૌ ઘરે પહોંચ્યાં ત્યારે ઘડિયાળમાં રાત્રિનાં બે વાગ્યાનાં ડંકા પડી રહ્યા હતાં.

સ્વતંત્રતા મળ્યાંને આઠ વર્ષ થઈ ગયા હતાં. કુંડલામાં પણ સામાજિક પરિસ્થિતિ થોડી થાળે પડી હતી પરંતુ મોંઘવારી તો ઘટતી જ ન હતી. બહેન કંચન, જયાબહેન અને અનોપબહેન રોજ વ્યાખ્યાન સાંભળવા જાય. અહીં બહેન મહારાજનો નિર્મોહી વ્યવહાર જોઈ સૌને ગૌરવ પણ થાય. સાધ્વીજી મહારાજ બંને બાળકોને રોજે શ્રાવિકાઓ પાસે પીપર-ચોકલેટ અપાવે એટલે બાળકો પૂજ્ય હર્ષપૂર્ણાશ્રીજી મહારાજ પાસે જઈ મોટેથી નવકાર બોલે અને ફૈબા મહારાજ સમીપે વાર્તાઓ સાંભળી સંસ્કારિત થાય.

શીવલાલને બહેન અનોપ અને બનેવી કાંતિલાલ સાથે ઘણાં ગટ્ટાં થતાં હોય! શીવલાલ અને કાંતિલાલને તો સાળા-બનેવીને બદલે દોસ્તાર જ કહે સૌ! બંનેનાં ઉત્સાહી વલણ અને વિધેયાત્મકતા થકી જે રીતે કેમેસ્ટ્રી મેચ થતી જોવાતી તે અનેરી હતી. મૈત્રીનાં સોજ્જાં સમીકરણો મંડાય તે

જોઈ સૌ હરખાય. બહુ ઓછા સૌજન્યશીલ વ્યક્તિત્વ જોવા મળે કે જેને પોતાનાં સાળાઓ, સાઢુભાઈઓ, બનેવી અને ભાઈઓ - બધા જ સાથે સુમેળભરી મૈત્રી રચાયેલ હોય! તેમાંનાં એક હતા શીવલાલ. તેથી જ તેમણે પાલીતાણાથી અનોપબહેનને બોલાવી લીધેલા કંચનની મદદ માટે. ત્યાં જ સુવાવડનો સમય આવી ગયો. ઑક્ટોબર મહિનાની ચોથી તારીખ હતી. 'આસો સુદ એકમનાં બેસતાં મહિને દેવનાં ચક્કર જેવો દીકરો જણ્યો છે કંચને.' એવી વાત શેરીમાં વહેતી થઈ. ઘરે સીસ્ટર બોલાવીને પ્રસવ કરાવેલ. પૂજ્ય સાહેબજીએ આ સંસારી ભત્રીજાનું નામ પાડયું 'પીયૂષ'. ફૈબા મહારાજ જ બધાં બાળકોનાં નામ પાડે એવો પરિવારનો આગ્રહ. એકાદ મહિનો થવા આવ્યો ત્યાં જ મલાડથી હરકોરબાનો સંદેશો આવ્યો: 'અહીંયા ઈન્દુમતીને તાણ પડે છે. કંચન, તમે વહેલાસર મલાડ પરત ફરો.' અને બાળકોને લઈ કારતક સુદ બીજનાં એટલે કે સુવાવડ આવ્યાનાં ફક્ત એક જ મહિનામાં ભાઈબીજનાં દિને કંચન પાછી ફરી ગૌતમ નિવાસનાં ઘરે.

મુંબઈ મલાડનાં ઘરેથી શીવલાલ રોજ સવારે ૦૬:૫૬ની ટ્રેન પકડે. ટિફિનમાં શાક-ભાખરી લઈ જાય. પિત્તળનો કડીવાળો ડબો એ જ તેનું ટિફિન. નીચે ચાર ભાખરી અને ઉપર એક ખાનું તેમાં શાકનો વાડકો મુકાય ને ઉપર છીછરી ડીશમાં વઘારેલા લીલા મરચા! એક કલાકે પહોંચે ચર્ચગેટ. વળી ત્યાંથી અફઘાન ચર્ચ સુધી જાય બસમાં. કુલ ૯૦ મિનિટે પહોંચે એમ.ઈ.એસ.ની ઑફિસે. રસ્તામાં વાંચે ફ્રી પ્રેસ જર્નલ. કંચન અહીં હોય ને આઠમ-ચૌદસ આવે ત્યારે ચાર વાગ્યામાં ઉઠીને સૌ પ્રથમ કઠોળ બાફે. આ દંપતિને સૂવાનું હોય રસોડામાં જ. તેથી અવાજ ન થાય અને પતિ જાગી ન જાય એ રીતે ફટાફટ લોટ બંધાય અને ભાખરી બને. એ પછી શાક ઉપરાંત મરચા ય વઘારાય. સાડા પાંચે શીરીષ ઉઠે ત્યાં તો ઉકળીને ફફળતું હોય ન્હાવાનું પાણી પેલા પ્રાયમસ ઉપર! અને નાહીને બહાર આવે ત્યાં હોય તૈયાર ગરમાગરમ મસાલા ચા! બુટ-મોજાં પહેરી તૈયાર થઈ ગયેલા પોતાનાં પતિની બાજુમાં બેસી તેને ચા પીતાં જૂએ ત્યારે બે ક્ષણ કંચન કંઈ જ ન કરે. બસ, સંતોષપૂર્વક પતિને નીરખી રહે અને વિચારે કે દિવસ આખ્ખો ય અણથક રીતે આ કુટુંબનો ભાર ઉપાડવા મારા ભરથાર કામ કરશે હવે - તેને હું હજુ સહાયરૂપ કઈ રીતે થાઉં?


લીલ્લાંછમ્મ ખેતરોમાંથી કપમાં પહોંચતી રુડી રતાશ એટલે ચા. ચા પીએ તો ચાહ વધે એમ માને શીરીષ. એક રવિવારે ચાની ચૂસ્કી મારતાં પોતાનાં પતિને સ્હેજ નિરાંતમાં જોઈ પૂછી લીધો એક પ્રશ્ન કંચને: ''શીરીષ, તમને વાદળી રંગ કેમ આટલો પ્રિય છે?'' જવાબ મળ્યો: ''મને આકાશ જેટલી વિશાળતા રૂચે છે. સ્વચ્છ આકાશનો વાદળી રંગ મને ખૂબ આકર્ષે છે. મને સ્પષ્ટ વિચારો, વ્યક્તિત્વમાં ખૂલ્લાશપણું અને નિખાલસતા ગમે છે. ઊંચી નેમ અને સ્વયં સાથે ગાળેલા એકલ સમયની જ નીપજ-ભેટ છે એ. આ વાદળી રંગે જ પ્રેર્યો છે મને હંમેશા સમયથી આગળનું વિચારવા. તેણે જ મને શિસ્તબદ્ધ, સ્વનિયંત્રિત અને સ્વતંત્ર થવા પ્રેરણા આપી છે. આ વાદળી આકાશની ઉદારતામાંથી જ સમજાયો છે એક અર્થ જે કહે છે બધાને અવકાશ આપો. ચૈત્ર-વૈશાખનાં વસમા તાપ અને શ્રાવણ-ભાદરવાની વર્ષાધારા પણ તે વરસાવે છે. તમે સૌ મને 'મિલિટ્રી માઈન્ડેડ' કહો છો પણ મારામાં રહેલી કડકાઈ તથા કુમાશ-એ બંનેનાં સુસાયુજ્યનું ગર્ભસ્થાન રહ્યું છે આ વાદળી આકાશ! મને મેઘાણી, ટાગોરથી માંડી શૅલીનાં કાવ્યો કે માર્ટિન લ્યુથર કિંગની મહામાનવતાભરી ક્રાંતિની વાતો વાંચીને જીવનમાં ઉતારતાં શીખવ્યું છે આ વાદળી રંગનાં આકાશની વિરાટતાએ જ! ગાંધીજીની સત્યપ્રિયતા પણ સમજાવી છે મને આ ભૂરાં આકાશે જ.''

આ સાંભળતાં-સાંભળતાં એકટક નીરખતી કંચનને પોતે તો સાવ વામણી ભાસી આ ભણેશરી પિયુશ્રી સમીપ. તેથી જ કંચનને પોતાની અંદર જઈ ડોકિયું કરતાં શીખવ્યું તેનાં પિયુએ. કંચનની અંદર રહેલ વિરાટ આત્મશ્રદ્ધાનું તેને કેટલું ગૌરવ છે તે સ્વીકારી તેને રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધા કેન્દ્રની પ્રાથમિક, પ્રારંભિક, પ્રવેશ અને પરિચયની હિન્દીની પરીક્ષાઓ આપવા તૈયાર કરી. વળી અંગ્રેજી પાઠમાળા શીખવા પણ અનુરોધ કર્યો. એ પછી મોટાં ગોળ તકિયાને અઢેલીને રવિવારે બપોરે જ્યારે શીરીષ જરા આડા પડે ત્યારે ય કંચનનાં હાથમાં તો હિન્દીની પરીક્ષા આપવા માટેનાં પુસ્તકો જ હોય! અને ખરેખર તેણે કોવિદ સિવાયની દરેક પરીક્ષાઓ આપીને તેમાં સફળતા પણ મેળવી. કંચને જીવનમાં કયારે ય ચા ન્હોતી ચાખી અને પતિદેવને બે વસ્તુ વારેવારે જાઈએ: ચા અને ચાર મિનાર. હા, હવે અલબેલી સિગારેટે રૂપ બદલેલું. કંચનને આ બંને વ્યસન ન ગમે.

ધુમ્રપાનનો તો નિષેધ જ કરે, પરંતુ દર બે કલાકે ચા હાજર તો કરી જ દે તેણી. જો કે પોતાનાં બાળકોને વર્ષો સુધી તેણીએ ચા ન જ ચખાડી.

એ સમયે મુંબઈથી કુંડલા કે અમરેલી તાર કરવો હોય તો રૂપિયા એકમાં થાય. મોંઘો જ લાગે વળી. પરંતુ શીવલાલ સમયની બાબતમાં એટલાં તો પાબંદ કે કુંડલા ભાઈ ચંપકને બે પત્રો લખ્યા હોય અને જવાબ ન આવે તો યે તેઓને તાર કરી કારણ પૂછાવે!

શીરીષનાં કરાંચીનાં મિત્રો જયપ્રકાશ ભટ્ટી, પ્રભુદાસ તન્ના, મણિલાલ ગોસલીઆ, મહાજન વગેરે બધાએ ભારત આવી પોતાનાં જીવનમાં ગોઠવાઈને ય હ્દયનાં એક ખૂણામાં આ મહામૂલી મૈત્રીને અકબંધ પાળેલી અને જાળવેલી. ભાઈ શીવલાલ સપરિવાર એકદા બેંગ્લોર




શિક્ષણ સસ્નેહી બહેન કંચનનું પ્રમાણપત્ર સાથે શીરીષની સમયપાલનની ઝાંખી એક તારમાં.

સ્થિત મિત્ર મહાજનનાં ઘરે દક્ષિણની ટ્રીપ વેળાએ ગયેલાં - કાંઇ મીઠી હિન્દી જુબાન: વાત નહીં! બાળકો સૌ પ્રથમવાર નાન સાથે પંજાબી સબ્જી ત્યાં જમ્યાં. મિત્ર ભટ્ટી ઘાટકોપરમાં વસેલો. ભટ્ટીકાકા પોતે દુબળા ને કાશીકાકી જાડા. તે જોઇ સંતાનોનાં નાનપણને બહુ હસવાનું મળી જાય. તેને ત્યાં કોઈ રવિવારે જઈ ચડયો શીવુનો પરિવાર ત્યારે કાશીભાભી સહિત સૌ પરિવારજનો અડધાં-અડધાં થઈ ગયા. બહેન કંચન અને ભટ્ટીકાકીનાં બેનપણાં ને ગટ્ટા પણ બહુ જ. બંને પોતાના 'વર'ની ફરિયાદો એકમેકને કરી શકે તેટલું સામીપ્ય. અહીં વાતો-વાતોમાં કંચનને ખબર પડી કે આર્મીમાં જોડાયા ત્યારે આ મિત્રોની ફક્ત ૧૬-૧૭ વર્ષની વય. મોટા-મોટા બ્રિટીશ ઑફીસરો મોંઘી વિદેશી સીગારેટો અડધી-પડધી પી ને પછી ફેંકી દે. આ મિત્રો એ બચેલા ઠૂંઠાને ભેગા કરી, સળગાવી પીવે અને ટેસડો લે. એમાંથી જ ધીમે-ધીમે સૌને સીગારેટ પીવાની લત ક્યારે લાગી ગઈ તેની ખબરે ય ન પડી.


એકવાર મુંબઈનાં માટુંગા વિસ્તારમાં કોઈ લગ્નપ્રસંગે જવાનું થયું. શીરીષ તો મિલિટ્રીમાંથી રજા મળેલ ન હોય આ સામાજિક પ્રસંગે જઈ ન શકેલ, પરંતુ કંચન ને બંને બાળકો ગયેલ. એવામાં બૂમ પડી: ''એ...ય મણિયા, આ બે તારા દોસ્તાર શીવાનાં છોકરાંવ છે. જોઈ લે.'' અને મણિલાલે એ દિશામાં જાણે દોટ મૂકી. નીલુ તથા પીયૂષને જોઈને સમેટીને રાખેલું મૈત્રીનું હેત ઉભરાયું. બંનેને ખૂબ રાખ્યા. લગ્ન એકબાજુ રહી ગયા અને મિત્રપત્ની કંચનને પોતાનાં મિત્ર શિવાની ઝીણામાં ઝીણી વર્તમાન વિગતો પૂછી લીધી. 'મણિયો હવે ગોવામાં સ્થિર થયેલો છે. અડધું ગામ તેનું છે જાણે... ડેક ખરીદેલી છે અને અનેક સ્ટીમશીપ ધરાવે છે...' વગેરે બાબતો જ્યારે રાત્રે મકુજે સમીપેથી શીરીષે જાણી ત્યારે તેનો ય હરખ મા'યો નહીં. પોતાની મૈત્રીનું અનુગૂંજન આટલા વર્ષો પછી પણ યથાતથ જોતા મળ્યું તેને ધન્ય ને રમ્ય ક્ષણોનું ચિરંતન સૌભાગ્ય.

આવા નૈસર્ગિક આર્જવથી જ ભર્યું ભર્યું બને છે જીવન તેવી માન્યતા સાથે મૈત્રીની ઉષ્માસભર એ વયમાં ફરીથી વિહાર કરવા લાગ્યા શીરીષ.



પરમ પૂજ્યશ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજનું અર્થસભર સ્મિત





દિકરા ચીમનભાઈ તથા રમણીકલાલ સાથે માતા સમરથબેન



શ્રીમતી કાંતાબેન ચીમનભાઈ



શ્રીમતી વસંતબેન રમણીકલાલ



શ્રીમતી કાંતાબેન, દીક્ષાર્થી જયાબેન તથા બહેન કંચન

ભાઈ રમણ-વસંતભાભી, ભાઈ ચીમન, બહેન નિર્મળા-બનેવી ચુનીલાલ, બહેન રસીલા વગેરે સૌ કંચનને ક્યારેક મુંબઈમાં મળે. મોટા વસંતભાભી સાથે હવે તો પ્રિય નાનાં ભાઈ ચીમનનાં શેગાંવથી આવેલા ગૃહલક્ષ્મી સમા કાંતાભાભીનો નેહ પણ આ નણંદલને મળતો થયેલો. ભાઈનાં કાંદીવલીનાં કે કોલાબાનાં ઘરે જાય ત્યારે વળી ભાઈ-બહેનો ગોઠડી માંડે બાલપણાંનાં સ્નેહની અને જાણે વડી ને ઠેબીનાં નિર્મળ જળ તેઓની આંખોમાં જ ફરીથી આવીને તરવરે! બંને પ્રિય ભાભીઓ ચિંતાપૂર્વક પૂછે ક્યારેકઃ "કંચનબહેન, સાસરે સુખ તો છે ને? મોટું કુટુંબ ને અમારા નણદોંયનો કડક સ્વભાવ છે તો તમને વાંધો તો આવતો નથી ને?" ...ને કંચન ત્યારે પોતાનાં પરિવારનાં સંપની અને શીરીષનાં અસ્તિત્ત્વની અંદરની સલૂણી-શીળી બાજુ ખોલે સૌ સમક્ષ ને થઈ જાય પિયરમાં સૌને શીતળ શાંતિ!

કંચનનાં મોટાભાઈ રમણને ત્યાં જ્યોતિ, જયશ્રી, સરોજ, કલ્પના, ભરત, નરેશ, જાગૃતિ એમ ક્રમશઃ સાત બાળકો થયા. નાનાં ભાઈ ચીમનને ત્યાં પણ દીપક, અજય તથા શૈલેષ નામે ત્રણ દિકરાઓથી ઘર હર્યુંભર્યું બન્યું. કંચનની નાની બહેન રસીલા, કે જેને શીરીષ 'કુમારી રસૂલ' કહેતાં, તેણીને ક્યારેક ફીટ આવી જાય. તબીબે જણાવેલ કે એના લગ્ન કરાવો અને પ્રસૂતિ વખતે જ જો ફીટ આવે તો તેની એ માંદગી કાયમ માટે ચાલી જાય. આથી થોડી મોટી ઉંમરે દહાણું રહેતા શ્રી પ્રભુદાસભાઈ શાહ સંગે તેઓનાં લગ્ન કરાવાયેલા. તેઓ અસલ ભગવાનનાં જ માણસ. એકલવિહારી સહાયકર્તા જીવ. તેમણે ખૂબ સ્નેહથી સાચવી રસીલાને. બે બાળકો થયાં - રોહિત તથા વિલાસ. પરંતુ આયુષ્યની દોરી વહેલી કપાઈ જતાં ખૂબ જ નાની ઉંમરે બહેન રસીલા સ્વર્ગે સીધાવી. વિલાસનાં જન્મ પછી તરત રસીલાબહેનની વિદાયની હજુ તો કળ વળે ત્યાર પહેલાં નાનાં ભાભી કાંતાએ પોતાનાં બે બાહુ ફેલાવી બહેન રસીલાનાં આ બંને નાનાં બાળુડાંને પણ પોતાનાં ઘરમાં જ સમાવી લીધા. આ જોઈ સમરથમાનાં જીવમાં જીવ આવ્યો. પોતાનાં દોહિત્રોની ચિંતામાં ડૂબેલા હતાં તેમાં થઈ શાંતિ તથા

નિરાંત વળી. દિકરી વિલાસને તો ઘણી મોટી ઉંમર સુધી ખબર જ ન પડી કે મારા જન્મદાતા કોઈ અન્ય છે! ...અને એકલ પ્રભુદાસે પછીનું જીવન વીતાવ્યું પાલીતાણા પાસેનાં પોતાના ગામ ભૂતિયામાં! મોટી ઉંમરે ફરીથી જો કે તેઓ અશક્ત અને માંદા થયા ત્યારે ભાઈ ચીમન તથા કાંતાભાભીએ જ તેઓને મુંબઈ પોતાના ઘરે રાખી, હરકિસન, બ્રીચ કેન્ડી તથા જસલોક હોસ્પિટલમાં સારવાર કરાવી. એકદા ભાઈ ચીમન ગયા હતાં પોતાના ગુરુમહારાજ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ સમીપ રાજસ્થાન મધ્યે આયંબીલની ઓળી કરવા. ત્યાં જ પાછળથી એકાએક બનેવી પ્રભુદાસની તબિયત બગડી. મોટા રમણભાઈ રોહિતને લઈને તુરંત જ 'કેજરીવાલ હાઉસ' ભાઈ ચીમનનાં ઘરે પહોંચ્યા અને તેઓને જસલોક હોસ્પિટલમાં દાખલ કર્યા, પરંતુ આયુષ્યની દોરી સાંધી શકાઈ નહીં. બીજે દિવસે સવારે જ ભાઈ ચીમન ઘરે પરત ફર્યા. એક સદાચારી, નિષ્કપટ તથા ભદ્રિક જીવનો અંતિમ સમય સાચવી લીધાનો સંતોષ સૌને થયો.

૨ જૂલાઈ, ૧૯૫૮નાં દિવસે કંચને જન્મ આપ્યો દિકરી ભારતીને. નલિની જન્મી ત્યારે તેનાં ઘટાદાર વાળ જોઈને સૌ તેને 'જિફરી' કહેતાં અને ભારતીને જોઈને નામ પડાયું: 'નાયલોન.' ઘર બાળકોની કિલકારીથી ઉભરાયું. શીવલાલ જો હવે મેટ્રીકની પરીક્ષા પાસ કરે તો તેને ઑફિસરની પદવી મળે તેમ હતી. 'બંદર છો' દૂર છે... જાવું જરૂર છે... અલ્લાબેલી...!' એ વાતમાં જ શ્રદ્ધા રાખનાર શીરીષનાં હાથમાં હવે ટ્રેનની સફર દરમ્યાન અંગ્રેજી વર્તમાનપત્રોની જગ્યાએ દેખાવા માંડયાં પાઠ્યપુસ્તકો.

ત્રણ બાળકોનાં જન્મ પછી મેટ્રીકની પરીક્ષા આપી જવલંત સફળતા મેળવનાર મિસ્ટર શીવલાલ ડી. શાહ પછી તો ઑફિસરની ઉપલી પદવી પામ્યા અને આગવું કામ કરતાં-કરતાં યુનિયનનાં લીડર તરીકે પણ નિમાયાં. સવારે ૮ થી સાંજે ૫:૩૦ કાર્યાલયમાં કામ કરે અને એ પછી યુનિયનમાં સુલેહ-સંપ-શાંતિ સ્થપાયેલી રહે તે અંગેનાં અગણ્ય કાર્યો નિપટાવીને ઘરે જવા નીકળે ત્યારે તેની સ્ટીલનાં પટ્ટાવાળી ઘડિયાળનાં ગોળ ડાયલમાં સમય દેખાતો હોય રાત્રીનાં ૮:૩૦ તથા રાત્રે ઘરે પહોંચે ત્યારે થયાં હોય ૧૦.૦૦ આજુબાજુ રહેતાં પડોશીઓ પોતાનાં ઘરની ઘડિયાળ મેળવી લે તે વખતે! બાળકો તો બધાં સૂઈ જ ગયાં હોય. ડાબા હાથની

હથેળી સીધી ને ખુલ્લી રાખીએ ને ત્યારે જે તરફ હાથ દેખાય તે તરફ તેનું ડાયલ રખાતું. શીવાની બધી વાતો નિરાળી. તેમાં આ પણ એક ખાસિયત. ૩/૪ દસકાંઓ સુધી એક જ ઘડિયાળ વાપર્યું. ન્હાઈને નીકળે ત્યારે એ જગ્યાએ પડી ગયેલું ડાયલનાં માપનું ગોળ ચક્કર ઘણું ધોળું દેખાય. શીવલાલને સૌ બાળકો 'બાપુજી' કહે, હિંમતભાઈને કહે 'જી કાકા' અને શ્રી મનસુખભાઈ હતાં સૌનાં 'દાદા'. નીલુ, પીયૂષ તથા ભારતીએ પણ ઘણાં વર્ષો સુધી ડેડી કે પપ્પા નહીં, પણ પિતાજીને 'બાપુજી' તરીકે સંબોધ્યાં અને માતાને 'ભાભી'. સંયુક્ત પરિવારનું આ જ તો અમૃતપ્રાશન હતું!

સંયમમાં અતીવ દ્રઢતાથી આગળ વધતા પોતાનાં મોટા બહેનને જોઈને વળી છ વર્ષ પછી હરકોરબાનાં બીજા દિકરી જયાબહેનને પણ પ્રવજ્યા સ્વીકારી આત્મકલ્યાણ કરવાનું

આત્માનંદનાં અખૂટ ખજાનાની ચાવીરૂપ પ્રવજ્યા સ્વીકારનાર ભાગ્યશાળી ચતુ:બહેનો.



જ મન થયું. રત્નકુક્ષિ હરકોરબાએ આનંદથી તે માર્ગે જવાનાં કલ્યાણકારી આશિષ આપ્યા ત્યારે અમાસની તે રાત્રિએ અનેક તારકોભર્યા આકાશ સામે જોઈ તેઓ મનમાં જ પોતાનાં પતિને સંબોધીને બોલ્યા: 'સાંભળો છો...? આપણી જયા પણ સંયમ માર્ગે જવા નીસરી રહી છે. તમે આશીર્વાદ આપજો કે આપણી આ વ્હાલી નાની દિકરીનો માર્ગ પણ નિષ્કંટક બને.'

જયાબહેનનો માનપત્ર સમારંભ, વર્ષીદાનનો વરઘોડો તથા પ્રવજ્યા પંથે પ્રયાણ.

દીક્ષાર્થે પરિવાર સમસ્તને મુંબઈથી કુંડલા જવાનું થયું. જયાબહેનની દીક્ષા પૂર્વેનાં વિદાય મેળાવડામાં બહુ મોટો સમારંભ થયો. સાથે અન્ય દીક્ષાર્થીઓમાં એક સખી હતી કુંડલાની જ અને બીજા બે દીક્ષાર્થીઓ હતા આજુ બાજુનાં ગામનાં. ગામ આખું શણગારાયેલું. મેળાવડામાં માણસો સમાય નહીં. પંડાલ ટૂંકો પડયો. ત્યાં જ સ્ટેજ



ઉપર નાટિકા શરૂ થવાનો સમય થયો. સંસારનાં રંગરાગ છોડીને વૈરાગ્ય તરફ જવાનાં સંદેશા ઉપરની ખૂબ સરસ નાટિકા ભજવાવાની હતી. પડદો પડેલો તે બે-ચાર ક્ષણ થઈ ગઈ તો યે ઉઘડે નહીં. પ્રેક્ષકોની ઈંતેજારી વધતી જતી હતી. પણ પડદા પાછળ એક બીજું દ્રશ્ય ભજવાઈ રહ્યું હતું તેનાથી અજાણ હતાં સૌએ.

એ નાટકનું મુખ્ય પાત્ર એક ડોસાનું હતું. રેશમી ઝભ્ભો, સફેદ ધોતિયું તથા પાઘડીમાં સજ્જ એ રૂવાબદાર ડોસાએ પડદા પાછળ એક દિકરીને તેડેલી, જેનું આભે પહોંચે તેવું રૂદન કેમે ય શમતું ન હતું. તે છાની રહે તથા ડોસો સ્ટેજ ઉપર પ્રવેશે તો જ પડદો ઉઘાડાય તેવી પરિસ્થિતિમાં વહારે આવ્યા તે દિકરીનાં મંજુલાકાકી તથા પ્રેમિલાકાકી! ડોસાનાં હાથમાંથી પરાણે બાળકીને ખેંચી લઈને તે બંને સ્ટેજનાં પાછલા દરવાજેથી નીકળ્યા કે પડદો ખૂલ્યો અને સભા થઈ ગઈ પ્રશાંત!

ડોસાનું હતું પ્રભાવક વ્યક્તિત્વ. પોતાની પૌત્રીને દીક્ષા લેવાની લગની અને તેની પોતાની દ્રઢ નામરજી. એક પછી એક ધાણી ફૂટે તેવાં દાદાજીનાં અને દીક્ષાર્થીનાં સામસામા સંવાદો. 'રાગથી વિરાગ' તરફ જતી નાટિકાની સુમધુર રસમયતાએ પ્રેક્ષકોને જકડી રાખેલા. ત્યાં જ પેલી રડતી દિકરીએ પ્રેક્ષકોની પહેલી જ હરોળમાં બેસી ફરીવાર મોટેથી પોક મૂકી: ''એ...મારા મમ્મી ડોસો થઈ ગયા. હવે તે પાછા મારા મમ્મી કેવી રીતે થશે?'' ખડખડાટ હસી પડી સમસ્ત સભા. ત્યારે જ સર્વ ગ્રામજનોને ખબર પડી કે ઠસ્સાદાર એવા આ ડોસાનું પાત્ર ભજવતા હતા દીક્ષાર્થીનાં ભાભી કંચનબહેન અને પેલી રડતી હતી તે હતી દિકરી ભારતી! ભાઈ શીવલાલને ગૌરવ હતું કે તેની કચૂડી લગ્ન પછીનાં સોળ વર્ષમાં ઘરમાં સૌની સંભાળ રાખતી, હિન્દીની પરિચય સુધીની પરીક્ષાઓ આપતી, મોટા રાજરોગમાં થી યે સમતા ને ધીરતાથી પસાર થઈ ત્રણ બાળકોને જન્મ આપતી એક આદર્શ ભારતીય નારી રુપે અને વિવિધ સ્વરૂપે ઘર-સમાજમાં પ્રસ્થાપિત થતી જતી હતી. 'વટ અને પાવર તો આવડતવાળી આ કંચનનો જ...' તેવું હરકોરબહેનનાં પરિવાર વિશેની લોકોની વાતચીતોમાં યે સંભળાય... ને તે સાંભળી શીરીષબાબુ મનમાં જ હરખાય! દીક્ષા સમારોહમાં પોતાનાં જ દીક્ષિત વડિલ ભગિનીનાં શિષ્યા તરીકે બીજા દિવસે જયાબહેન જાહેર

થયા અને નૂતન નામ પામ્યાં: સાધ્વીશ્રી જયપ્રજ્ઞાશ્રીજી. શ્રી જૈન સંઘને પોતાનું એક વધુ તનયારત્ન સોંપીને શાહ પરિવાર મુંબઈ પરત ફર્યો.


'Peace Pilgrim' તરીકે મિલિટ્રીમાં પંકાયેલા શીવલાલ આત્મશિસ્ત, સત્ય અને ન્યાયપ્રિયતા તથા અંગ્રેજી ભાષા ઉપરનાં અદ્દભૂત્ પ્રભુત્વ થકી યુનિયનમાં અતીવ પ્રિય થઈ પડેલાં. ક્યારેય કોઈની શેહમાં તણાવું નહીં, કોઈની લાગવગ ચલાવવી નહીં અને એક દેશપ્રેમી તરીકે 'સ્વર્ગાદપિ ગરિયસી' સમાન આ માતૃભૂમિનું ઋણ અદા કરવા તેઓ સદૈવ રહે તત્પર! ઘરમાં પણ એક સોલ્જરની અદાથી જીવન જીવે. સૌ તેનાં કડપથી ધ્રૂજે. બાળકોનાં અવાજો સાંભળવા જ ન મળે રવિવારે, જ્યારે બાપુજી હોય ઘરે! સૌ બાળકો સંપીને ચૂપચાપ રમ્યા કરે. વળી રવિવારે બપોરે મોટા રૂમમાં ગોધ્ધો લઈને જરા આડા પડે ત્યારે એક પછી એક બાળકો તેનાં પગ ઉપર ઉભા રહીને દાબતા જાય અને પલાખાં બોલતાં જાય. એમાં વળી ક્યારેક ગૌતમ નિવાસમાં નીચે જ ચાલતી ભગવતીબહેનની નાની પાઠશાળામાં ગાથા લઈને આવ્યા હોય તો બાળકો તેનાં ભણેલાં આગલાં સૂત્રો પણ કડકડાટ બોલતાં જાય.

ગૌતમ નિવાસમાં નીચે જ રહે યુવાન રજની તથા દલીચંદભાઈનો ધર્મપ્રિય સુસંસ્કારી પરિવાર. પૂજ્ય શ્રમણ ભગવંતોનાં પાવન પરિચયમાં આવવાથી ભાઈ રજનીએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. ગૌતમ નિવાસનાં નીચેનાં જ મોટા બધા મેદાનમાં યોજાયો તેનો વિદાય મેળાવડો. ભાનુ, ભરત, નીલુ, દીપિકા, પીયૂષ, ભારતી અને રાજુલ સાથે જ ભણે રજની પણ આ પાઠશાળામાં. તેથી મેળાવડામાં પાઠશાળાનાં બાળકોએ જે કાર્યક્રમ આપ્યો તેમાં પેલ્લી રોતલ ભારતી તથા રાજુલે પણ નૃત્ય કર્યું એક સ્તવન ઉપર:

'રાતાં જેવા ફૂલડાં ને શામળ જેવો રંગ,
આજ તારી આંગીનો કાંઈ રૂડો બન્યો છે રંગ...
પ્યારા પાર્શ્વજી હો લાલ... દીનદયાળ મુજને નયણે નિહાળ.'

ગૌતમ નિવાસનાં એ વિશાળ ચોગાનમાં દીક્ષા રંગે-ચંગે સંપન્ન થઈ અને ભાઈ રજની વિભૂષિત થયાં: મુનિવરશ્રી રત્નસુંદરવિજયજીનાં સલૂણાં નામે.


દિક્ષા ગ્રહણ
મોક્ષની ટીકીટ



નલિની
દીપિકા
ભારતી
રાજુલ
હેમંતી

બહેન કંચનને જેટલી માયા ભાઈ રમણકાન્ત અને ચીમનકાન્ત ઉપર તેટલી જ નાના દિયરો ભાઈ હિંમત, ચંપક તથા શાંતિ ઉપર. જાણે તેઓની હમઉમ્ર માતા! તેથી જ દેરાણીઓ પણ જાણે સગી નાની બહેનો અને તેઓનાં બાળકો પણ જાણે પોતાનાં જ! બધા બાળકો કંચનકાકીને ય પોતાની માતા જેટલાં જ ચાહે! જગ્યાની સંકડાશ કોઈને ય નડે નહીં. આનંદને સ્થાયી નિવાસ કરવાનું મન થયું હશે અને જાણે તેણે ૨૬, ગૌતમ નિવાસનું ઘર પસંદ કરી લીધું હશે! અગવડતાઓ વચ્ચે જીવતાં ય પ્રેમ ને સુસંવાદ અકબંધ! વેકેશન પડે ત્યારે દીપિકા-રાજુલ-હેમંતી કે કુમાર-નિમેષ સાથે તેઓનાં મોસાળ નીલુ-પીયૂષ-ભારતી પણ જાય અને પીયૂષનાં મામાનું ઘર એ તેઓનાં મામાનું જ ઘર જાણે! વિલાસ અને મોટામામીની જાગૃતિ પણ મલાડ રહેવા આવે તેવો અનર્ગળ સ્નેહ. નાનાં ધર્મેન્દ્ર-તેજસ પણ જો કોઈ પોતાનાં મોસાળ સાથે ન આવે તો હીબકે ચડે... અને બીજા જ દિવસે મામાનાં ઘરેથી પોતાનાં ઘરે પાછા ફરવા વેન કરે.

અફઘાન સ્નો કે કલાપી પાવડરનાં એક જ મોટા ડબ્બામાંથી સૌ પરિવારજનો જરૂરત મુજબ વાપરે. વાળમાં નાંખવાનું તેલ ઘરે જ ઓસડીયાં નાંખીને ઉકાળાય. અરવિંદભાઈ દરજીને એક મહિનો ઘરે બેસાડાય ત્યારે તાકાનાં તાકા ઘરે આવે. એકસરખા કપડાનાં ફ્રોક અથવા શર્ટ પહેરીને જ્યારે પંદર-સત્તર બાળકો કોઈ પ્રસંગે કતારમાં ઉભા રહી ફોટો પડાવે તે દ્રશ્ય પ્રેક્ષણીય લાગે. સારા અવસરે પરિવારો દહેરાસરમાં પંચકલ્યાણકની કે વીસસ્થાનક વગેરેની પૂજા ભણાવવાનો લ્હાવો લે અને માઠાં પ્રસંગોની વણઝાર જો ચાલે તો અંતરાયકર્મની પૂજા ભણાવવાનું ય ન ચૂકે. પૂજનો પણ ભણાવાય. તેમાં પ્રભુજી સમક્ષ ભાવથી પૂજા ભણાવતાં ભાઈઓની લાઈન રંગમંડપમાં બેઠી હોય, બધાં એકબીજા સામે જોઈને ચાનક ચડાવતાં એકનું એક પદ વારેવારે લલકારે. એ જોઈને ભાવવૃદ્ધિ પામનાર સૌ ધન્ય બની જાય. ઑફિસર થયા પછી યે શીવલાલ જ્યારે પોતાનાં ભાઈઓ સાથે દેરાસરની પૂજામાં રવિવારે પખવાજ વગાડે ત્યારે 'આર્મીમેન'નું રૂપાંતર થઈ ગયું હોય 'ભક્તિમેન' તરીકે તેમ ભાસે.

ચારેબાજુ બેકારી, ભૂખમરો, મોંઘવારી ને ચીન સાથેનાં યુદ્ધની ભુમરાણ હતી છતાં આઝાદી એવી મૂલ્યવાન વસ્તુ છે કે તે દ્વારા જ ઉપરોક્ત દુ:ખો દૂર થઈ શકે તે સૌ સમજે. એકવાર મિલિટ્રીની ડ્યુટી ઉપર પૂના જઈ થોડા દિવસે મુંબઈ પરત ફર્યા શીવલાલ. ઉઘડતી ક્ષિતિજનાં શબ્દપ્રેમી શીવલાલનો ગુજરાતી ગિરાની શબ્દચેતનાને સહજપણે વહાવવાનો મહાવરો પત્ર દ્વારા જ વ્યક્ત થતો એમ નહીં, પરંતુ ક્યાંય પણ પ્રવચન આપતાં હોય ત્યારે હિન્દીમાં બોલવાની છટા ઉપરાંત સૌને ગુજરાતી-અંગ્રેજી-મરાઠી-સિંધી ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ વરતાઈ આવે! વાંચન પણ ખૂબ કરે. વિચાર વિમર્શ વખતે ચર્ચાઓમાં અજાણપણે ય પ્રમુખસ્થાન તેઓનું જ સ્થપાઈ જાય! ભાઈ શીવલાલ પૂનાથી પરત ફર્યા ત્યારે કાર્યાલયે જઈને જોયું કે મિલિટ્રીનાં યુનિયનમાં કોઈક ઝઘડાએ મોટું સ્વરૂપ લીધું હતું. તેથી જે બે જૂથ વચ્ચે ગંભીર મતભેદો થયેલા

**એમ.ઇ.એસ.નાં કર્મચારીઓની સહાય માટે શરૂ કરી ભાઈ શીવલાલે અહાલેક!**



MES EMPLOYEES' CO-OP. CREDIT SOCIETY LTD., MUMBAI

Registration No. 21693 Dated : 1st Aug. 1956 | (Registered under BCS Act VII of 1925)

HISTORY

In 1946 M.E.S. Employees' Union, Mumbai was established and the responsible persons (Leaders) of that union like Mr.Shivlal D. Shah , Mr.V.R. Deshmukh and Mr.S.V. Marathe had registered our society called as **M.E.S Industrial Employees Co-op Credit Society Ltd.**, Mumbai under Bombay Co-op Society Act, 1925 on 1st August 1956. The main aim of this Credit Society was to keep members away from money lenders & pathans at that time and to meet the economic, social and cultural needs of its members through jointly owned and democratically operated enterprise. This Society was originally envisaged as a mechanism for pooling the resources of the members and providing them access to different financial services like provision of loans to members, perform savings related functions and promote saving schemes etc.

The Society had flagged off its voyage only with 15 members on board in 1956 and within a year it reached 280 members with turnover of Rs.35,474.53. Our first Chairman was Capt. R.S.Chaudhary, A.G.E., Mr. L.N.Patankar was Hon. Secretary and Mr. R.G.Iyer was Hon. Treasurer for the financial year 1957-58. After formation of our society, the first loan issued was for Rs.10/- (Rupees Ten Only).

The Society at present provides different welfare schemes for its members, financial support by way of loans, promoting savings attitude among the members by operating Saving Accounts, Recurring Deposits Schemes, Fixed Deposits Schemes and Life Insurance Schemes etc. As on 31st March 2013, the turnover was 19.96 crores which include Rupees Nine Crores and Seventy Five Lacs borrowed from Mumbai District Co-op. Bank Ltd., Mumbai. The total share holders strength was 1414 as on 31st March 2013.

The society is functioning strictly as per bye-laws and rules framed thereunder.

તે બંનેને બોલાવીને ઝઘડાનાં મૂળ કારણનું રૂપ જાણ્યું અને ન્યાય કર્યો. પરંતુ જે જૂથનો મત અમાન્ય થયો તેઓએ મળીને ભાઈ શીવલાલને માર માર્યો. બીજા જૂથે ઝટ આગળ આવીને આ ન્યાયી અધિકારીને બચાવી તો લીધા, પરંતુ તે દિવસે ઘરે પહોંચતાં વાગી ગયાં રાત્રીનાં પૂરાં બાર... બાળકો તો પોઢી ગયેલાં પણ ઘરે ચિંતા કરતાં સૌ ભાઈ-ભાભીઓ મોટા રૂમમાં બેઠા હતાં. સૌએ કારણ પૂછતાં પહેલાં તો આ લોખંડની છાતીવાળા આર્મીમેને 'કંઈ નથી. કામ હતું તેથી મોડું થઈ ગયું.' વગેરે કહી વાત ટાળી. પરંતુ મુખ ઉપરનાં દુઃખ અને ચિંતાનાં વાદળો અછતા ન રહ્યાં.

વધુ પૃચ્છા થતાં શર્ટ કાઢીને વાંસો બતાવ્યો. મારને કારણે સોળ ઉઠી આવેલા. મોટા મનસુખભાઈ-નિર્મળાભાભી તો આ સમયે કૃતનિશ્ચયી બન્યાં જ, પરંતુ નાના ભાઈઓ હિંમત, ચંપક, શાંતિ સાથે હરકોરબાએ પણ નક્કી જ કરી લીધું કે:'હવે મિલિટ્રીની નોકરી કરવા દેવી જ નથી જો યુનિયનમાંથી નીકળવા શીવુભાઈ ન માને તો! આપણે તો કાપડની બે-ત્રણ દુકાનો છે. વળી છોટુમામાનાં દિકરાઓ સાથે કાપડનાં, રમણકાન્ત સાથે બાટલી-બુચનાં કે પછી ચીમનકાન્ત સાથે ઑઈલ બ્રોકરેજ, જનરલ મરચન્ટ કે કમીશન એજન્સીનાં કામે જોડાઈ જવું હોય તો ય શીવલાલને છૂટ છે.' વળી ચીમનકાન્તે તે પછી રંગરસાયણનું કામ પણ શરૂ કરેલું, પરંતુ 'આમ ડરીને યુનિયનની લીડરશીપ ક્યારેય છોડી દેવા જેવા નમાલા થવાય? મને ૨૫ વર્ષ મિલિટ્રીમાં પૂરા કરવા દો.' તેમ કહી અત્યારે તો સૌને મનાવી લીધા. પોતાનાં વ્હાલા શીરીષ ઉપર આમ જાનનું જોખમ થઈ શકે તેવું વિચારતી કંચનનાં તો ગાત્રો જ શિથીલ થઈ ગયા... પરંતુ તેને સમજાવી-પટાવી ને મનાવી લેવામાં ક્યાં વાર લાગી શકે તેનાં શીરીષને?

અમરેલીથી આવીને અહમદ દાદા ચાલ, ઉનરાઈ રોડ રહેતાં ચીમનકાન્ત પહેલાં તો રમણભાઈ-વસંતભાભી સાથે મલાડ અને કાંદીવલીનાં ઘરમાં રહી પછી માટુંગા થઈ કોલાબા આવ્યા. તેઓનાં ભાઈચંદકાકાએ કોલાબામાં ૫૦ રૂા. સ્કવેર ફૂટનાં ભાવે ઘણા મકાનો-ઘર બંધાવેલ. ભત્રીજા ચીમનને તેમણે ૩૫ રૂા. સ્કવેર ફૂટનાં પડતર ભાવે એક ઘર આપ્યું. તેથી ભાઈઓ રમણકાન્ત અને ચીમનકાન્ત જગ્યાની સંકડાશને કારણે છુટ્ટાં તો પડયાં, કિન્તુ પરસ્પર સ્નેહ તો વૃદ્ધિ પામતો જ ચાલ્યો.

અમરેલીથી જલ્દી-જલ્દી પૈસા કમાઈને માતાને સુખ આપવાનાં સ્વપ્નો આંજીને મુંબઈ આવેલ ભાઈ ચીમને શરૂમાં પેટ્રોલપંપ ઉપર ગાડીઓમાં હાથપંપ ચલાવી પેટ્રોલ પૂરવાવાળા નાનકડા પણ હોંશિયાર છોકરા તરીકે ય કામ કર્યું. બસ કંપની નેશનલાઈઝ્ડ થઈ તે પહેલા પ્રાઈવેટ લોકોને બસ ચલાવવાની પરમિટ મળે ને દર ૩ મહિને એ પરમિટ રીન્યૂ કરાવવી પડે.

એવી જ એક જે.બી.બસ કંપનીની બસો ચાલતી બોરીવલીથી જોગેશ્વરીનાં રૂટ વચ્ચે. તેનાં માલિક શ્રી ડી'સિલ્વા સાથે ૨૫% નફાનાં ભાગ સાથે ભાઈ ચીમન જોડાયા. ત્યાં તે મેનેજર ઉપરાંત ક્યારેક બરાબર ટીકીટ કપાય છે કે નહીં તે જોવા રાતનાં રૂટમાં પેસેન્જર બનીને ય જાય અને ક્યારેક વળી કંડકટરોની અછત હોય ત્યારે સ્વયં એ ભૂમિકા પણ ભજવી લે. ચારેક વર્ષ સુધીમાં સારો એવો વકરો કર્યો. તે પછી પ્રાઈવેટ બસ કંપનીઓ બંધ કરાવવામાં આવી. તેથી ભાઈ ચીમને 'દીપકેમ કોર્પોરેશન' શરૂ કર્યું ને રંગરસાયણનાં ધંધાની સૂઝ અને સમજદારી કેળવતાં-કેળવતાં અનેક પરદેશી કંપનીઓ સાથે પણ સંબંધો કેળવ્યા. સન્ ૧૯૫૮માં ચીમને પોતાનાં અગ્રજને નામે વળી 'દીપક ટ્રેડીંગ કંપની' કરી. સ્વપ્નો મોટા થતાં ગયા તેમ-તેમ ચીમને જનરલ મરચન્ડાઈઝમાં યે જમાવ્યું. તેનાં લેટરહેડનાં મથાળા ઉપર અંગ્રેજીનાં સરસ મજાનાં ફૉન્ટમાં Chimanlal K. Mehta વાંચીને કાંતાભાભી અને બહેન કંચનનો ય હરખ માં'ય નહીં!

જો કે બંને ઘણીવાર યાદ કરે એ સમયખંડ જ્યારે ઈ.સ.૧૯૬૦માં ત્રણ બાળકોનાં જન્મ પશ્ચાત્ કંચનનાં ટી.બી.રોગે ફરી ઉથલો માર્યો. નાની ભારતી તો ત્યારે ફક્ત દોઢ જ વર્ષની. મલાડનાં ઘરે હરકોરબા તથા ચારે ય કાકીઓએ આ બાળકોને છ મહિના સુધી એવા તો સાચવી લીધા કે જોનારાં માની જ ન શકે! ઘાટકોપરનાં સર્વોદય સેનેટોરીયમમાં એ ત્રીસ વર્ષની કંચન દર રવિવારે સવારથી રાહ જોતી હોય કે બપોર ક્યારે ઢળે અને નીલુ, પીયૂષ તથા ભારતીને લઈને ઘરમાંથી શીરીષ સાથે કોઈ અહીં આવે! તેણી પહેલા માળે રૂમની બારીમાં ઉભી રહે અને બાળકો દૂર નીચે મેદાનમાં ઉભા રહેલા દેખાય ત્યારે તેની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા માંડે! કેટલું કઠીન હશે એક મા નું આમ દૂર ઉપરનાં અલાયદા ખંડમાં એકલાં રહીને પોતાના બાળકોનો ઝૂરાપો વેઠવાનું!

નાનપણમાં બહેન કંચને તેનાં બાળકોને એક વાર્તા કરેલ: ''એક હાથી હતો. તે પોતાનાં ચક્રવર્તી રાજા સાથે અનેક યુદ્ધોમાં ગયેલો. પછી વૃદ્ધત્વ આવ્યું, તેથી તેને યુદ્ધમાં લઈ જવાનું બંધ કરાયું. રાજાનાં ઉદ્યાનમાં રહે-ફરે એમ આનંદથી વર્ષો વ્યતીત થયા. એકદા વરસાદની ઋતુમાં ખૂબ વરસાદ થતાં તે કીચડમાં ફસાઈને ઊંડો ઉતરતો ગયો. રાજા-પ્રધાન સૌ ખિન્ન બન્યાં. તેને બહાર કાઢવાની એકપણ કારી ફાવી નહીં. નગરજનો પણ વિચારમાં પડયાં કે આ કદાવર હાથીનું જીવન અહીંયા જ આમ પૂર્ણ થઈ જશે કે શું? પરંતુ એક ચતુર મંત્રીશ્વરે ત્યારે રાજાજીની સંમતિ લઈ યુદ્ધનાં નગારાં વગડાવ્યા. એ સાંભળતાં જ કૃશ થઈ ગયેલ એ ગજરાજની વૃદ્ધ કાયામાં સળવળાટ દેખાયો. રણશિંગુ ફૂંકાઈ ગયું હોય અને પોતાનાં માલિકને યુદ્ધમાં વિજય અપાવવા કૃતનિશ્ચયી બન્યો હોય તેમ હાથીએ જોર લગાવ્યું. આત્મબળ પાસે સર્વ અવરોધો નિમ્ન બની જાય છે તે નિયમ મુજબ તે હાથી કાદવનાં કળણમાંથી ય બહાર આવી શક્યો.''

બસ, એ જ આત્મબળનું જોર લગાવી કંચને નિર્ણય કર્યો કે: 'મને સારું થવાનું જ છે. મારા બાળકોને નમાયા નહીં જ થવા દઉં.' આવા શુભમંગલ વિચારો અને દઢ આત્મશક્તિથી ધારેલા સમયથી વહેલી સાજી થઈને ફરીથી ઘરે આવી ગઈ બેન કંચન ત્યારે નાની ભારતી તો તેની માતા પાસે કેમેય જાય જ નહીં. જાણે કોઈ અજાણ્યાં બહેન હોય તેમ તેની સામે જોઈ રહે અને એ જોઈ કંચનને ચોધાર આંસુ વછૂટે!


વર્ષો-મહિનાઓ-દિવસો વહેતા ચાલ્યા! ચીન સાથેનાં યુદ્ધ વિરામ પછી 'હિન્દી ચીની ભાઈ-ભાઈ'નું સુત્ર પણ નહેરૂજીએ આપ્યું. ૧૯૬૪નાં એ સમયમાં એકદા કંઈક ગંભીર વિચારીને મનસુખભાઈ તથા હરકોરબા પાસે એક વિનંતી લઈને આવ્યા ભાઈ ચીમન. કહે: ''મનસુખભાઈ, તમે તો પાંચ ભાઈઓ છો. તમારામાંથી બે હાથ મને આપી દો. તમને વાંધો નહીં આવે. હીરા ઉપરની માટીનું આવરણ મને દૂર કરવા દો.'' શીવ- કાંચન સહિત સૌ સાંભળતાં બેઠા હતાં. કોઈક કાંઈ જ ન સમજ્યું, કોઈક વળી આ કહેણનો અડધો અર્થ સમજ્યાં, પરંતુ વિચક્ષણ બુદ્ધિશાળી મોટાભાઈ શ્રી મનસુખલાલે તો કોઈની સામે જોયાં-પૂછ્યાં વગર બેધડકપણે કહી દીધું: ''મેં આપ્યો તને.''

હરકોરબાએ ખુશીથી હકારમાં બે-ચાર વાર ડોકું હલાવ્યું. બીજા સૌ અસમંજસમાં એકબીજા સમક્ષ જોવા લાગ્યા. ચકોર કંચન પણ આ ગૂઢાર્થ સમજી શકી, પરંતુ અવઢવમાં ઘડીક શીરીષ સામે તો ઘડીક ભાઈ ચીમન સામે જોયા કરી. સ્થિર બેઠા હતાં એકમાત્ર શીવલાલ! ન કાંઈ વિરોધ-ન સંમતિ! મક્કમપણે તેમણે જવાબ આપ્યો: ''એ કેવી રીતે બની શકે? મારા ઉપર મિલિટ્રીની પુષ્કળ જવાબદારીઓ છે. વળી મેં નિર્ણિત કર્યુ છે કે ૨૫ વર્ષ તો અહીં કામ કરવું જ. હજુ થોડી વાર છે. એ પછીની વાત પછી કરીશું. માટે અત્યારે તમારે આશા રાખવી વ્યર્થ છે.''

ભાઈ ચીમને પણ નાનપણમાં વડી અને ઠેબી નદીનું પાણી પીધેલું. લીધી વાત મૂકી દે તો ચીમન શાનો? તે થોડા મહિનાઓ સુધી દર અઠવાડીયે એકવાર સાંજે-સાંજે બનેવીલાલની ઑફિસ બહાર ઉભા રહે. કાર્ય પતાવી ભાઈ શીવલાલ જેવા બહાર નીકળે કે પોતાની ગાડીમાં બેસાડી દઈને 'બખ્તાવર' પાસેનાં દરિયાકિનારાની પાળી ઉપર બેસવા લઈ જાય. ભાઈ ચીમન સાથે એ પછી તેઓની વાતચીતનો ફરી-ફરીને દોર સંધાય.

આમ કેટલાંયે અઠવાડિયા ચાલ્યું. દરિયા કિનારે બેસીને કે ખુલ્લા આભ નીચે રાતની નિરવતામાં વાતો કરતાં-કરતાં શીવલાલભાઈ ચીમન સાથે ધંધાર્થે જોડાવા સ્હેજ ઢીલા પડયાં. ત્યાં તેના મિલિટ્રીનાં જ જ્યોતિષ મિત્ર શ્રી પાટણકરે શીવલાલને એકવાર કહ્યું: ''અલ્યા શીવુ, તારે તો હવે કોઈ મોટો બદલાવ આવવાનો છે જીંદગીમાં!''

અને બસ! કુદરતનો જ કોઈ સંકેત છે આ એમ સમજીને તેમણે મિલિટ્રી છોડવાનો નિર્ણય લઈ જ લીધો. પોતાના અંતરનાં અવાજને અનુસરીને તેના સૂક્ષ્મ આંદોલનોને પોતાની ચેતનામાં ઝીલી લઇ તે મુજબ અનાગતને આવકારવા તત્પર થયા ભાઇ શીવલાલ. એમની નવનવોન્મેષશાલિની પ્રતિભા વધુ ખીલવવા માટે પ્રકૃતિએ જ જાણે એ ખેલ માંડેલ.



જે દેહમાંથી દેહ આપે, જીવમાંથી જીવ! દીવામાંથી
દીવો પ્રગટાવે, નિરપેક્ષ સ્નેહ પારાવાર આપે. તેવા માત-
પિતાનાં લેખાંજોખાં થઈ ન શકે કારણકે તેનો અર્થ
જોડણીકોશમાં નહીં, જીવનકોશમાં જોવાનો હોય છે.



જેનાં અંતરમાં સદાય વહેતી વાત્સલ્યગંગા ભલી
ને વાણી પણ શર્કરા સમ નિત્યે વહે નિર્મલી
રોમેરોમ વસી સમસ્ત જનની કલ્યાણની ભાવના
એવા માતૃ-પિતૃ ચરણે હોજો સદા વંદના...

શીવલાલની ઑફિસમાં તો અત્યંત હલચલ મચી ગઈ. કેટલાંયે સહકાર્યકર્તાઓએ સમજાવી જોયુંઃ 'शीवलालजी, आप अगर सिर्फ दो सालका समय और काम करोगे तो सर्वीसके २५ साल पूरे करनेके पश्चात् आपको बहोत बड़ी रकम एक साथ मिलेगी । आप थोड़ा सबूर कीजीये ।' પરંતુ ખૂબ જ સુદીર્ઘ દ્રષ્ટિએ વિચાર્યા પછી લીધેલા નિર્ણયો બદલે તો એ શીવલાલ શાનાં? આવતાં બે વર્ષનાં ૭૦૦ દિવસમાં તો એ અને ચીમનકાન્ત તેઓનું ભવિષ્ય ક્યાંયે આગળ કોતરી લેશે તેમ વિચારી મક્કમ જ રહ્યાં. મિલિટ્રી સર્વીસમાંથી નીકળ્યાં ત્યારે જે હિસાબ થયો તે બધાં જ રૂપિયા મોટાભાઈ મનસુખલાલને આપી દીધાં શીવલાલે. ખાલી હાથે નવો ધંધો શરૂ કરવાનો નિર્ણય તેમનો જ હતો! ભાઈ શીવલાલની અનેરી કાર્યકુશળ સિદ્ધિઓને ધ્યાનમાં લઈને ૧૯૬૪ની એ સાલથી મિલિટ્રી સર્વીસમાં દર વર્ષે અપાતા 'બેસ્ટ કેડેટ એવોર્ડ'ને નામ અપાયુંઃ 'શ્રી શીવલાલ ટ્રોફી-બેસ્ટ કેડેટ એવોર્ડ', જે આજ પર્યંત ચાલુ રહ્યો છે. બહેન કંચનને અનુભવાય છે તેથી અદ્યપિ આકાશ જેવડી ગરિમા!

માટુંગાનાં 'બેની'સ કોર્ટ'માં ચીમનભાઈએ અપાવેલ જે ઘરમાં નાનીબેન રસીલા ને બનેવી પ્રભુદાસ સંતાનો રોહિત ને વિલાસ સાથે રહેતા હતાં, તે ભર્યું-ભાદર્યું ઘર છેલ્લા છ મહિનાથી ખાલી જ પડેલું. ભાઈ ચીમને બહેન-બનેવીને મલાડ છોડીને તે ઘરમાં આવી જવા કહ્યું. સૌ પ્રથમ તો હરકોરબા અને કંચન તે ઘર જોવા આવ્યા. જોયું કે વિસ્તાર સારો છે અને ખાનદાન લોકોનાં પાડોશમાં રહેવાથી બાળકોને પણ વાંધો નહીં આવે તેથી હરકોરબાએ સંમતિ આપી. મલાડનાં ઘરેથી નીકળતી વેળાએ તો સાથે ફક્ત એક ખાખરા રાખવાનો નાનો ડબ્બો જ લીધો બહેન કંચને. ત્યાં જ હરકોરબાએ સસ્નેહ કહ્યું: ''કંચન, મારા શિવા માટે તેની જમવાની આ મોટી સ્ટીલની થાળી તો ભેગી લઈ જ જજો. બાકી તો સમરથબહેને વસાવેલા ઘરમાં બધું જ છે! વળી તમારા રમણભાઈનું ઘર પણ તમારા માટુંગાનાં નવા ઘરની સાવ સામે જ છે. ખૂટતું-કરતું લઈ અવાશે.''

આ ઘરમાં આવ્યા પછી ૧૫ જૂન, ૧૯૬૫નાં દિવસે ભાઈ શીવલાલને ત્યાં ચોથા સંતાન રૂપે દિકરી ભાવનાનો જન્મ થયો. હરકોરબા તથા દેરાણી પ્રેમિલા બહેન કંચનની સુવાવડ કરાવવા મલાડથી માટુંગા આવેલા. ડૉક્ટરશ્રી વિમળાબહેનનાં ક્લિનીકમાં જ્યારે ઉઘડતી શાળાએ સવારનાં પહોરમાં નાની બહેનને જોવા માટે મોટાં ત્રણે ય ભાઈ-બહેનો પહોંચ્યા, ત્યારે પોતાની બહેનનાં વાંકડિયા ઝૂલ્ફાં અને ગોરોચીટ્ટો રંગ જોઈ ફૂલ્યાં ન સમાયાં! શાળાનાં પ્રથમ દિવસે જ પોતપોતાનાં વર્ગોમાં ત્રણે એ હર્ષભેર ઘોષણા કરી: ''અમને નવી બહેન 'હકુડી' આવી!'' બાલિકા ભાવના થોડાં જ અઠવાડિયાંની થઈ અને એકવાર ઊંચા પલંગ ઉપરથી કોઈક કારણે નીચે પડી, પરંતુ તેનાં પ્રેમિલાકાકીએ તેને ઉંચકી લઈને બચાવી લીધી. બહેન કંચનને ઘણાં ય થડકારાં ચૂકાઈ ગયાં પરંતુ પોતાનાં બાળકને પ્રાંતે હેમખેમ જોઈ જીવ શાંત બન્યો.

ચીમનભાઈ સમા મેધાવી-દૂરદ્રષ્ટા સાળાએ બનેવી શીવલાલભાઈ સાથે કામ કરી અનન્ય ઊંચાઈઓ સર કરવા માંડી. શીવલાલ અહીં પત્રવ્યહાર ઉપરાંત હિસાબ-કિતાબ પણ સંભાળે. ૬×૬ ની પોતપોતાની કેબીનમાં ધંધાકીય પ્રજ્ઞાને કારણે સૌ એ ઝડપથી વિકાસ કર્યો. કેમીકલ્સનાં ક્ષેત્રમાં ઊંડા થતાં જતાં જ્ઞાનને કારણે સફળતાનાં સોપાનો સર થતાં ગયાં. વળી પર્સનલ અને પ્રોફેશનલ જીવન સરળતાથી અળગું રાખી શકે તેવી ફાવટ સાળા-બનેવી બંનેમાં. 'ઑફિસની વાત ઘરમાં નહીં અને ઘરની વાતો ઑફિસમાં નહીં' એ તેઓનો વણબોલ્યો નિયમ! જ્યારે અમેરીકા જવું એ જાણે બીજા ગ્રહ ઉપર જવા જેટલું અચરજ પમાડતું ત્યારે અમેરીકાથી સલ્ફર આયાત કરવાનું બીડું ઝડપ્યું ચીમન નામનાં આ નવયુવાને. એવા સમયે તેમની અવારનવાર અમેરીકાની મુલાકાતો થતી જોઈ સૌને થતું: 'અમરેલીનો એક પાણીદાર છોકરો આમ સાહસિક નવયુવાન થઈ અમેરીકામાં યે પોતાનો ડંકો વગાડે છે!'

પોતાનાં પોપટમાસા ને પુરીમાસીનાં દિકરા હિંમતભાઈએ રંગૂનથી આવ્યા પછી બીજા જ દિવસે એકવાર ઑફિસમાં આવી ભાઈ ચીમનને કહ્યું: 'કાલથી ભાઈ, હું તમારી ઑફિસે આવીને બેસીશ.' ભાઈ ચીમને વાતને વધાવી લીધી. આ એ જ હિંમતભાઈ હતાં, જેઓનાં પત્ની પ્રવીણાબહેનનાં

પિતાજી એટલે ગુલાબચંદભાઈ, જેઓનો દિકરો ચંદુ અમરેલીની જૂની ડેલી બળી ત્યારે ઘોડિયામાં ઘરની અંદર ભૂલાઈ ગયેલો.

એ પછી તો હિંમતભાઈ-પ્રવીણાબહેનનાં બાળકો ભાઈ રમેશ, જ્યોત્સના, કુમાર અને દિલેશ સાથે ભાઈ ચીમન તથા ભાઈ શીવલાલનાં બાળકો ય ખૂબ હળી-ભળી ગયાં. અનેકવાર આબુ, તારંગા વગેરે તીર્થોએ બધા પરિવારજનોએ સાથે યાત્રા પણ કરી. તેમાં એક સૌથી યાદગાર યાત્રા એટલે પંદર દિવસનો રાજસ્થાન યાત્રાસંઘ. તેમાં આ પરિવારનાં ધન્ના અને શાલીભદ્રની જોડી તરીકે ઓળખાતા ભાઈ શીવલાલ તથા ભાઈ હિંમતલાલે જ બહુધા બધી વ્યવસ્થા સંભાળેલી. ભાઈ શીવલાલની કાર્યપદ્ધતિથી, ચોક્કસાઈથી, નીતિમત્તા અને સમયપાલનથી વાકેફ થઈ ગયા હતાં ભાઈ હિંમતલાલ હવે, તેથી તેને અનુસરવામાં ઝાઝી તકલીફ પડી નહીં. ઉપરાંત મોટા રમણભાઈનું માર્ગદર્શન તો હતું જ.

૧૯૬૫-૬૬માં સમૃદ્ધિમાં આળોટવાનાં શરૂ થવાનાં દિવસોમાં ભાઈ ચીમન ફરીથી દર્શન પામ્યા પરમપૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનાં. રાજસ્થાનની આ મુલાકાતે તેઓનું ભાવવિશ્વ ખોલી દીધું! મરૂભૂમિમાં તેમની નિશ્રામાં ૯ ઓળી કરવા ગયેલાં તે અમૃતમય દિવસોમાં માણી તેમણે દિવ્ય પરમતત્ત્વની ઝાંખી. ગુરુમહારાજની આંતરસૌંદર્યથી ઉભરાતી પ્રગટ વાણીમાં જાણી તેમણે પરમાત્માની ખળખળ કારુણ્ય સરવાણી! આ માંહ્યલાંની મોજનાં મંજિરામાં જાણે સાંભળ્યો સાદ તેમણે ભામાશાનો... અને સાહેબજીની પ્રેરણા થકી પછી સુકૃતદાન તેમનો શ્વાસ બની રહ્યો. જીવન સામૂલ પરિવર્તન પામ્યું. ચોમાસામાં બેસણાં કરવાનાં અને બારે મહિના નિત્યની સામાયિકો તો ખરી જ. 'મારા ગુરુ મહારાજ' એમ કહેતાં ઉછળતી કૃતજ્ઞતા સાથે ભાઈ ચીમનનું જીવન મહેંકી રહ્યું.

થોડા વખત પછી ભાઈ ચીમને 'દીપક ચેરીટેબલ ટ્રસ્ટ'ની પણ સ્થાપના કરી. તેને થાય કે: પૈસા ન્હોતાં ત્યારે કોઈ રૂા.૧૧ લેવા યે ન્હોતું આવતું અને આજે આપણું પૂણ્ય છે કે લોકો પોતાનાં માટે કે સંસ્થા માટે મદદ લેવા આપણી પાસે આવે છે. ગરીબી જોયેલી તેથી જરૂરરિયાતમંદ, નબળા વર્ગની લાચારી બરાબર સમજી શકે. તેઓ માને કે મહેનતથી કામ કરીએ

તે અગત્યનું છે, બાકી કોઈ કામ નાનું કે મોટું હોતું જ નથી! વળી એ દિવસો પણ યાદ આવે કે જ્યારે પોતાની બહેન કંચનને એકવાર ટાઈફોઈડ થયેલો ત્યારે પૂરાં રૂપિયા પાંચ આપવા યે કોઈ તૈયાર થયું ન્હોતું. તેથી પોતાનાં હૃદયમાં પડેલા એ ઘા ને રુઝવવા જ જાણે તેઓ દરેકનાં લાચારીનાં ભાવ દૂર કરવા રહે સદા યે તત્પર!

સમાજનાં નીચલા વર્ગ માટેનો કારૂણ્યસભર અભિગમ ચીમનભાઈ તથા કાંતાભાભીને 'દિપક ફાઉન્ડેશન'ની સ્થાપના તરફ પણ દોરી ગયો અને પછી તો જેમ દરિયાને દરવાજા હોતાં નથી તેમ એ ફાઉન્ડેશનમાંથી દાનપ્રવાહ વિના રોકાયે વહેતો જ રહ્યો.

શીવલાલ અને કંચનગૌરી દોઢેક વર્ષ 'બેની'સ કોર્ટ'માં રહ્યાં પછી માટુંગાનાં જ તેલંગ ક્રોસ રોડ-૩ ઉપર નવા બંધાઈ રહેલા ચાર મજલાનાં 'શ્યામ વિહાર'માં ફ્લેટ જોવા માટે ગયા. વેસ્ટ ઑપન બારીઓ જોઈ શીવલાલે તો આ ઘર લેવા તરત હામી ભરી. સમીપ જ રહેલી 'હીરજી ઘેલાભાઈ સાવલા વિદ્યાલય'માં ત્રણે ય બાળકોને ભણવા બેસાડીને તો તેઓ નિશ્ચિંત થયા જ હતાં. હવે ભાવના સ્હેજ મોટી થતાં તેને અંગ્રેજી માધ્યમની ઑક્ઝિલિયમ કોન્વેન્ટમાં મૂકવાનું આ વિચારશીલ દંપતિએ નિર્ણિત કર્યું. રૂપકડી ભાવના સ્હેજ એકલપેટી. સૌ સાથે બહાર ખાસ આવે નહીં અને પેલી પશ્ચિમ તરફની ખૂલતી બારી બહાર રહેલ ખાખરાનાં એક મોટ્ટાં બધાં ઝાડ સાથે વાતો કર્યા કરે. એકવાર તેણીનાં મમ્મીનું નાનકડું પર્સ ક્યાંક ખોવાઈ ગયું... ઘર આખામાં શોધ્યા પછી સાહજિક રીતે બારી બહાર જોઈને પણ તેનાં મમ્મીએ ચકાસ્યું કે ક્યાંક બહાર તો પડી નથી ગયું ને? ત્યારથી ભાવનાનાં ઝાડ સાથેનાં સંવાદોમાં પહેલું વાક્ય બહુધા આમ જ હોય: ''તેં મારાં મમ્મીનું પર્સ લઈ લીધું હોય તો પાછું આપી દે...'' નિર્દોષતાની નરી પહેચાન એટલે નિજતામાં રમતું બચપન!

માટુંગાનાં આ ઘરે લાલ સાડલાવાળા હરકોરબા અને સફેદ સાડલાવાળા સમરથમા ભેગા થાય એ ભાઈ શીવલાલને મન ઉત્સવ. અનોપબહેનને ય ક્યારેય એકલા રહેવા તો બોલાવે જ નહીં, બનેવી તો પહેલાં જ હોય. તેઓ ઠેઠ પાલીતાણાથી મહિનો રહેવા આવે ને જલ્સો પડે. આ પરમ

મિત્રો સાથે રેડિયો સાંભળે, સાથે જમે, સાથે પૂજા કરવા જાય ને સાથે જ જાય પિક્ચર જોવા. સાંજે કોઈવાર વળી ગલીનાં ખૂણા પર આવેલ મહેશ્વરી ઉદ્યાનની લૉન ઉપર બધા બેઠાં વાતો કરતા હોય અને બાળકો તેઓની ફરતે લંગડી, પકડા-પકડી કે કલર-કલર રમી લે પછી ક્યારેક સૌ આરોગે કૂલ્ફી ફાલુદા કે ક્યારેક વળી ઑરેન્જ કેન્ડી ખાવાની! અને કોની જીભ ને હોઠ સૌથી વધુ કેસરી થયાં તેની હોડ લગાવતાં ઘરે પરત આવે. એ મજ્જાની તોલે આજનાં વોટર વર્લ્ડ કે ડીઝનીલેન્ડની મજા પણ ન જ આવે. કબાટ ઉપર મૂકેલો મોટ્ટો બધો એક રેડિયો દુનિયા આખ્ખીને ઘરમાં લાવી દે. બુધવારે રાત્રે આઠ વાગે અમીન સાયાનીને બિનાકામાં સાંભળવાનાં જ. ઘરમાં મુંબઈ સમાચાર, પ્રવાસી ને ફ્રી પ્રેસ આવે પણ ભાઈ શીવલાલ માટે રેડિયો સમાચાર વોઝ મસ્ટ. બધાં શાંત થઈ જાય. અબોલ રહી સ્વકાર્યોમાં વ્યસ્ત રહે.

ભક્તિભાવમાં સાથે જે ભીંજાયા, તે જ દંપતિ સંસારસાગરે ખરું તર્યા!



રેડિયો અમદાવાદ, વડોદરા ને રાજકોટ ઉપર સવારે ૬.૦૫થી આવતાં ભજનો સાંભળતાં-સાંભળતાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયા વંચાતું હોય અને ત્યારે જો 'ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે.... શેરીએ શેરીએ સાદ પાડે છે... કોઈને લેવા મુરારિ રે....' ભજન આવી જાય તો માટલામાં પાણી ગાળતાં બહેન કંચનને અને છાપું વાંચતા ભાઈ શીવલાલને મોજ પડી જાય. એવા તો બીજા મીરાંનાં કે નરસિંહ મહેતાનાં ય ઘણા પદો બંનેને કંઠસ્થ. ૬.૩૫ વાગે રત્નકણિકા પણ અચૂક સાંભળે. ૭.૩૦થી સિલોન સ્ટેશન ઉપર ભૂલે બીસરે ગીતમાં સુરૈયા, જોહરાબાઈ, દેવિકારાણી, સી.એચ.આત્મા, શમશાદ બેગમ વગેરેનો કંઠ સુપ્રિય લાગે, પણ પ્રિયોત્તમ કલાકારની ગાયકી તો લાગે કે.એલ.સાયગલની જ. 'સો જા રાજકુમારી... સો જા...' કે 'બાબુલ મોરા.... મૈહર છૂટો'રી જાય' માં 'અંગના તો પર્વત ભયો...' આવે એટલે એવા જ પહાડી અવાજમાં ભાઈ શીવલાલનો સૂર પણ તેમાં ભળ્યો જ હોય! બધાં ભેગા થાય ત્યારે ભાઈ શીવલાલ પાસેથી એક બીજું દીર્ઘ ગીત સાંભળવાનું પણ મન હોય બધાને:

ભારત કી એક સન્નારી કી હમ કથા સુનાતે હૈ...
મિથિલા કી રાજદુલારી કી હમ વ્યથા સુનાતે હૈ.
શિવધનુષ રામને તોડા, મિલા ચંદ્ર-ચકોરકા જોડા,
જનકપુરીસે તોડા નાતા, અવધપુરીસે જોડા...
કોમલ સી વહ કલી, સુખોમેં પલી, બનોંમે ચલી... બહોત દુઃખ પાયી!

સીતાનું સમસ્ત જીવન તાદશ્ય કરાવી રામ, લવ, કુશ, નગરજનો બધાં ત્વરિત અક્ષિ સમક્ષ આવી જાય જ્યારે ભાઈ શીવલાલ આ ગીત ગાતાં હોય! એ વખતે ચાર સંતાનોની માતા એવી પોતાની પત્નીને ય ગાવા પ્રોત્સાહન આપતાં ભાઈ શીવલાલ આવા ગીતો સાથે શિષ્ટ સાહિત્ય અને હવા-ઉજાસનાં ય પ્રણયી. ગેલેરીમાં જ સૂએ. ત્યાં યે મોટી બધી ટ્યૂબલાઈટ નંખાવેલી. રાતનાં ઉઠીને ય વાંચતાં જ દેખાય.

બહેન કંચન જ્યારે પડોશી સહેલીઓ સાથે અંબોડા કે હેર-સ્ટાઈલનાં ક્લાસમાં જવા ચાહે, ક્યારેય ના ન હોય ભાઈ શીવલાલની. 'નાગર નંદજીનાં લાલ...' કે 'મૈં તો ભૂલ ચલી બાબુલ કા દેશ... પિયા કા

ઘર પ્યારા લગે...' જેવા ગીતો રેડિયો ઉપર આવે કે કબાટમાંથી ફટાફટ દાંડિયાની જોડ નીકળવા લાગે અને દંપતિ સામ-સામા દાંડિયા લે તે જોવા જાણે દેવો ય નીચે ઉતરી આવે તેવું પવિત્ર દ્રશ્ય હોય તે! આર્ટીફીશીઅલ કલર્ડ ક્રેપ પેપરમાંથી બહેન કંચને બનાવેલ રંગબેરંગી ફૂલોની આસપાસ ગોઠવાયેલાં બાળકોનાં સ્પોર્ટ્સનાં કપ ઘરનાં શૉ-કેસમાં શોભતાં હોય, જેવું શોભે આ પુનિત દાંપત્ય!

જ્યારે કોઈ અમરેલીથી માટુંગા આવે, હીરાભાઈનાં દૂધનાં કણીવાળા સિરોહી પેંડા જરૂર લઈ આવે-કારણ સૌને ખબર કે બહેન કંચનને તે ઘણાં જ પ્રિય છે. પણ એ તો કંચન જ જાણે કે તે પેંડા આરોગતી વખતે તે ફરીથી અમરેલીમાં ગાળેલાં ૧૬ વર્ષનાં મધમીઠાં સંસ્મરણો ય પુનઃ આરોગી રહી છે!

બહેન કંચન જમાડે
અમરેલી પેંડા લાડથી,
વતનની યાદ આવે ભાઈ
ચીમનને ભાવથી!





શ્રી મનસુખભાઈ–નિર્મળાબહેન

શ્રી હિંમતભાઈ–ઈન્દુબહેન

પૂજ્ય હરકોરબા પરિસર શીવ–કાંચન

શ્રી ચંપકભાઈ–મંજુલાબહેન

શ્રી પ્રેમિલાબહેન–શાંતિભાઈ

સવારે પોણા પાંચ થયાં છે. શ્રાવણ-ભાદરવાનાં પુનિત માસ છે. માટુંગા 'શ્યામ વિહાર'નાં ઘરે બહેન કંચન ચારે ય સંતાનોને ઉઠાડે છે... હજુ અંધારાનું જ રાજ છે! રૂમની બાલ્કની ખૂલ્લી છે.

ઠંડા પવનની લહેરો વચ્ચે, રૂમમાં કટાસણા-મુહપત્તિ-ચરવળા-સ્થાપનાજી બીછાવાઇ ગયા છે. ભાઈ શીવલાલે સૂતી ધોતીયું ધારણ કરી લીધું છે અને સામે ઘડિયાળ ગોઠવાઇ ગયું છે. બધાં સંતાનો વારાફરતી તૈયાર થઇને આંખો ચોળતાં સ્વસ્થાને ગોઠવાતાં જાય છે. રાત્રી વિષે લાગેલાં દોષ-પાપની શુદ્ધિ અર્થે કરાનારાં રાઇઅ પ્રતિક્રમણની આ પૂર્વ તૈયારી છે. પડોશમાંથી પણ શ્રી અમીચંદભાઈ-કંચનબહેન, શ્રી વિનુભાઈ-શારદાબહેન કે મધુબેન-જમનભાઇ વગેરે આવવાનાં હજુ બાકી હોય ને ત્યાં જ ભાઈ શીવલાલનાં પહાડી અવાજમાં મોટેથી 'ઈચ્છામિ ખમાસમણો સુધર્મા સ્વામીની સ્થાપના સ્થાપું?' સંભળાય કે ફટાફટ કોરમ પૂરું થઇ જ ગયું હોય!

પ્રતિક્રમણ લગભગ આખ્ખું બહેન કંચન ભણાવે. ભાઈ શીવલાલ મોટાં સૂત્રો ને ક્યારેક વળી સજ્જાય-સ્તવનો ય બોલે. તિથિ પ્રમાણે ચૈત્યવંદન બોલાય. 'મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી...' જ્યારે ગવાતું હોય ત્યારે નીલુ, પીયૂષ, ભારતી ને નાનકડી ભાવના 'પહેલી તે પૂજા અમારી હોજો, ઉગમતે પ્રભાતે જી...' તે કડી મોટ્ટેથી ને બે વાર બોલે. છઠ્ઠા આરાની સજ્જાય બહેન કંચન બોલે તે વર્ણન સાંભળી નાના બાળકોનાં રુંવાડા ખડા થતાં જાય. 'કડવા ફળ છે ક્રોધનાં' સજ્જાય ગાતાં ગાતાં જ્યારે 'સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ્ય...' એ લીટી આવે કે બહુ ગુસ્સો કરીએ તો શું ગતિ થાય તે સમજાવાય. 'એક રે દિવસ એવો આવશે... કાઢો કાઢો એને સહુ કહે, જાણે જનમ્યો જ ન્હોતો ...' એ સજ્જાય ગવાય ત્યારે વૈરાગ્યનાં પરમાણુંઓથી ભાઈ શીવલાલનું મુખ અંજાઇ જતું જોવાય! છેલ્લે પૂરું થયે ૨૪ તીર્થંકરોની જય અને 'સમરો મંત્ર...' બધાં સાથે જ બોલે. આમ દર પર્યૂષણે સત્તરે-સત્તર પ્રતિક્રમણ અચૂક બધાએ સાથે જ કરવાનાં.

૧૯૭૨નાં જૂન મહિનાનાં પ્રથમ સપ્તાહનો એ સમય હતો. ૧૯૬૪થી ભાઈ ચીમનનાં દિપક ગ્રુપ સાથે જોડાઈને પોતાની સમ્યક્ પ્રણાલિથી કાર્યાન્વિત રહ્યાં પશ્ચાત્ હવે નિર્ણિત થયું હતું કે શીવલાલે સપરિવાર 'દિપક નાઈટ્રાઈટ' નામની નવી લિમિટેડ કંપનીની સ્થાપના તથા તેની સફળતા માટે માટુંગાથી વડોદરા જઈ સેટલ થવું.

'શીવુકાકા-કંચનકાકી હવે વડોદરા જઈને રહેનાર છે' એમ સમાચાર પ્રસરતાં જ હરકોરબા પરિવાર આજે મલાડનાં ઘરે સંમિલિત થયેલ. એક પણ સભ્ય આ વિદાય મેળાવડામાં ગેરહાજર નહીં! ખૂબ જ આનંદપૂર્વક પહેલાનાં દિવસોનું જમવાનું યાદ કરતાં-કરતાં આજે પણ 'હરખ જમણ' પૂર્ણ થયું. સૌ મોટા રૂમમાં સાથે બેઠા. પડોશીઓએ પણ જોયું કે દિપચંદ મૂળચંદ શાહ પરિવારનાં મલાડનાં ઘરે આજે મેળાવડો જામ્યો હતો. પાંચે ભાઈઓ તથા અનોપ બહેન અને સૌનાં બાળકો અહીં એકઠા થયેલાં. હિંમતકાકા તો રોજની જેમ અબોલ રહી ફક્ત સ્મિત આપ્યા કરે. શાંતિકાકાએ એક સ્તવન લલકારી બાળ-મંડળીનો કોલાહલ શાંત કરાવ્યો. સૌ બાળકોનાં આગ્રહથી એ પછી મનસુખદાદા તથા શીવલાલ બાપુજીની નિશ્રામાં ચંપકકાકાએ પહેલાંનાં દિવસોની વાતોનું વાવેતર શરૂ કર્યું:

''કરાંચીમાં દિપચંદદાદાની દુકાનમાં મુસલમાન બહેનો બુરખો ઢાંકીને કાપડ, સાડી, ટોપી, પહેરણ વગેરે ખરીદવા આવે. બે રૂપિયાની ખરીદી કરીને ફક્ત ચાર આના આપીને એમ કહે કે: હમણાં આટલા જમા કરો. પછી ધીમે-ધીમે આપી જઈશું. મોટાભાઈ, તમે તો ત્યારે કિશોરાવસ્થામાં. તો આ દ્રશ્ય જૂઓ ત્યારે શું વિચાર આવતો હશે?'' મનસુખલાલે ગંભીર અવાજે આ વાતને આગળ વધારી: ''હું જોઊં આ રોજનાં દ્રશ્યો. તમારા દિપચંદદાદાને પછી એકવાર મેં પૂછ્યું: આ બહેનોનાં નથી દેખાતાં મુખ કે નથી લખતાં તેઓનાં નામ-ઠામ તમે. તો આ બાકીનાં પૈસા કેવી રીતે પાછા આવશે? આપણે ઉઘરાણી કરવા કયાં જઈશું? ત્યારે વાત્સલ્યસભર અવાજે જવાબ મળે: 'દિકરા, વેપારમાં મુખ્ય નાણું હોય છે વિશ્વાસનું. આ બહેનો લાચાર હશે તો જ આમ કરતાં હશે ને? અને કદાચ ખોટા થયાં થોડાં પૈસા, તો એ છેતરામણ તો નહીં જ હોય તેની મને શ્રદ્ધા છે. આ નીતિ-રીતિને કારણે જ આપણો આ કાપડનો નિર્દોષ વ્યાપાર સરળતાથી

જામી ગયો છે. માટે હંમેશા બીજાની પરિસ્થિતિને સમજવી અને સૌને સહાય કરવી.' તમને બધાને મારામાં જે આ ગુણ દેખાય છે તેનાં સગડ પિતાજીનાં ઉચ્ચ ચારિત્ર્યમાંથી જ મળે છે. તેમની ખુદ્દારી અને ખમીર, તેમની ધર્મભાવના અને ઔદાર્યની જેટલી પણ પ્રશંસા કરું તેટલી ઓછી છે.'' માહોલમાં છવાઈ ગયેલી શાંતિ અને ગંભીરતાને તોડવા ટીખળીખોર ભાઈ ચંપકે વળી વાતને સાંધી: ''જો મારે પદ્મશ્રીનો ઈલ્કાબ આપવાનો હોય ને તો એક આપું હું હરકોરબાને - આપણાં ઘરમાં કળા, સંગીત, સાહિત્ય ઉપરાંત સંપ ને ઐકયનો વારસો આપવા બદલ. ને બીજો આપું હું મારા કંચનભાભીને કે જેમણે અનેક વાર ભીંડાનું શાક ખલાસ થઈ ગયું હોય અને હું રીસાયો હોઊં ત્યારે ફરીથી મારી માટે બનાવી દઈને મને જરૂરાજરૂર હસતો કર્યો છે!'' ...ને બાળકોમાં ખિલખિલાટ વ્યાપી ગયો.

મલાડની ભૂરાભાઈની વાડીમાં, રૂક્ષ્મણી નિવાસની પાછળ આવેલા ગૌતમનિવાસનાં ૨૬ નંબરનાં આ ઘરની બહારની ચાલીમાં પડોશીઓનાં બાળકો ય કૌતુકભરી આંખે જોયા કર્યા પરિવારનું આ હાસ્ય સંમેલન.

વળી ભાઈ ચંપક ઉવાચ: ''અહીં રહેવા આવ્યા પછી મારે મિત્રો સંગાથે ફિલમ જોવા જવું હોય પણ બા એવા ખોટા ખર્ચ કરવાની ના પાડી દે! એ પછી જ્યારે બા હોય દહેરાસરમાં પ્રભુપૂજા અને વ્યાખ્યાન વાણીમાં મસ્ત ત્યારે માતા સમાન કંચનભાભી જ અમને બા થી છાનાં મોકલી દે સવારે નવ થી બારનાં શૉમાં પિક્ચર જોવા.'' વાતનો દોર ઝીલી લીધો હવે બહેન કંચને: ''મોટાભાઈ વર્ષમાં એક-બે વાર લાવે દુકાનેથી એક સાથે આઠ સાડીઓ. પૂજ્ય બા ઉપરાંત પાંચ વહુઓ, અનોપબહેન ને રતીલાલકાકાનાં દિકરા નટુભાઈનાં પત્ની અને જયેન્દ્ર-પ્રતિભાનાં માતા દમયંતીકાકી માટે ય તેમાં સાડી હોય.

પસંદગી વેળાએ પૂજ્ય બા વહુઓનાં કોઈવાર ચડતાં અને કોઈવાર ઉતરતા ક્રમ પ્રમાણે કહે કે થપ્પીમાંથી જે રંગ-ડિઝાઈન પસંદ પડે તે પસંદ કરી લઈ લો. અને બે મિનિટમાં થપ્પી ઉકલી જાય! ના પડે કોઈનાં યે મનમાં ગાંઠ કે મડાગાંઠ! પોતાની માટે દુકાનમાં જઈ સાડી ખરીદી શકાય તેવો તો ખ્યાલ જ ન્હોતો તે વેળાએ! બસ, આનંદ-આનંદ પથરાઈ જાય અમારાં

સૌનાં મુખ ઉપર સાડી મેળવીને. રક્ષાબંધન ઉપર પાંચે ય ભાઈઓને રાખડી મોકલે પોતાનાં શ્વસુરગૃહેથી અનોપબહેન. સૌ સ્નહપૂર્વક બંધાવે. પરંતુ સદાને માટે તે રાખડી પોતાનાં કબાટનાં હેન્ડલ ઉપર જ બાંધી દે તમારા બાપુજી. કહે કે આખું ય વર્ષ તેને જોઊં અને મને મારા બહેનની રક્ષા મળ્યાં કરે! આખ્ખો ય દિવસ અમે બધાં ફરિયાદ વિણ કામ જ કર્યા કરીએ. પોતાને ભાઈ નહીં અને દિકરા ય નહીં પણ એ સમયમાં જ્યારે પુરુષ-પ્રધાન સમાજમાં સાસુઓ આ વિષયમાં બોલવા માટે વિવેક ચૂકી જતાં દેખાતાં, ત્યારે ય હરકોરબાએ આ ઈન્દુલાલમાં કયારેય તેનો વિષાદ કે વિવશતા જન્મવા દીધાં નહીં. વળી ત્રણે દિકરીઓને ય કયારેય ભાઈની ખોટ સાલવા દીધી નહીં. જગ્યાની વ્યવસ્થા માટે ભલે આ પરિવાર વિભક્ત થયો હોય - તેઓનાં હૃદય વચ્ચે તો દુનિયાની કોઈ દિવાલ આવી જ ન શકે તે સૌ કોઈ જોઈ શકે.

તમારાં વ્હાલાં આ મંજુલાકાકી લગ્ન કરીને આવ્યા પછી થયો અનેક બાળકોનો જન્મ. સવારે એક પછી એક બાળકો ઉઠતાં જાય તેમ-તેમ એક કાકી સૌને બ્રશ-ઉલ કરાવે, બીજા કાકી ન્હવડાવે, એક લૂછે, બીજા કપડાં પહેરાવે ત્યારે છેલ્લા કાકી સૌનાં ગરમ દૂધનાં વાડકા રસોડામાં તૈયાર કરીને પછી દફતર ગોઠવતાં દેખાય! સુગરીનાં માળા જેવો જ સુગઠીત હતો આપણો આ હરકોરબાનો પરિવારમાળો! કામ એટલું પહોંચે કે હવે મોટી પાઠશાળામાં મૂકવા-લઈ આવવા કોઈને નવરાશ ન મળે. આથી હું તમને બાળકોને શીખવું કે: ‘જૂઓ, બધા એકબીજાની આંગળી પકડીને ચાલતાં-ચાલતાં સ્ટેશન સુધી જજો. પછી ફાટક ઓળંગવાને બદલે પુલ ચડીને પેલે પાર જતાં જો ટિકીટચેકર તમને અટકાવે તો કહી દેવાનું કે:

હમ છોટા છોટા બચ્ચા લોગ કો મંદિરમેં પઢને કે લીયે જાના હૈ, તો રોજ યહીં સે જાના પડતા હૈ! હમ કભી ભી જૂઠ બોલતે નહીં હૈ... તો જાને દીજીયે.’ આટલા કામમાં ય મગજ ઉપરનો કાબુ ખોઈને અમે કોઈએ ય કયારેય બાળકો ઉપર હાથ ઉપાડયો નથી તે સૌનાં અપ્રતિમ ધૈર્યનાં દર્શન કરાવે છે. ઉલ્લાસ અને ઉર્જાયુક્ત પ્રેમિલાકાકી સૌમાં નાનાં ને ભરતગૂંથણ, સિવણમાં એક્કા. પદુ એટલે કે પ્રેમિલાને ૯ બહેનો. તમારા બાપુજી તેને જોવા ગયેલા સૌથી નાનાં શાંતીભાઈ માટે પસંદ કરવા. ઘરે આવી કહે કે:

પ્રેમિલા મેટ્રીક ભણેલા છે તેથી તેનું માન સચવાય તેવા જ કામ કરાવજો તેની પાસે! પરંતુ દિનાંક ૭ ફેબ્રુઆરી, ૧૯૬૪નાં દિવસે પરણીને આવેલી આ પ્રેમિલાએ કયારેય તેનું અભિમાન રાખ્યું નહીં અને બા એ વહેંચણી કરેલ દરેક કાર્યો આનંદથી કર્યા.

ચંપક-મંજુલાને ફરવા જતાં જોઈ મારે ઘણીવાર કહેવું પડતું કે: ‘એ ય શાન્તીયા, આમ ઘરમાં શું બેઠો છો? જા... પ્રેમિલાને ફિલમ બતાવી આઈસ્ક્રીમ ખવડાવી આવ.’ નવી વહુ પ્રેમિલા રસોઈ બનાવે ત્યારે હરકોરબાની નિગરાની સતત ચાલુ જ હોય. રાત્રે તમારા બાપુજી જમવા બેસે અને જો નિમક ઓછું લાગે તો મશ્કરીપૂર્વક પૂછે કે: ‘‘પ્રેમાલાલ, આજે શાકમાં નિમક ઓછું છે તો શું બા તમારે માથે ઉભા હતા?’’ વળી આગળ કહે કે ‘‘નાની-નાની વહુને માથે ૬-૬ સાસુનો ભાર છે, પણ અમારા પ્રેમાલાલ તો બધાને ખુશ રાખવામાં એક નંબર છે.’’

પ્રેમિલાને પોતાને તો બે દિકરા જ, પરંતુ રવિવાર આવે ને ઘરની તમે નાની-નાની બાલિકાઓ ભાનુ, નીલુ, દીપિકા, ભારતી, રાજુલ, હેમંતી, રૂપલ વગેરેમાં દાવ પકાવાનાં શરૂ થાય... કે આજે કોણ સૌનાં પ્યારાં પ્રેમિલાકાકી પાસે સૌથી પહેલાં ખજૂરી ચોટલા વળાવશે? એ કઠણ ચોટલા ખૂલે પાછાં ઠે...ઠ મંગળવારે સ્કૂલે જતાં પહેલાં જ... કારણકે સોમવારે તો તેમાં એક્કે ય વાાળ હલ્યો ય ન હોય!

પૂજ્ય જયાફૈબાની દીક્ષા વખતે સાવરકુંડલા ગયા ત્યારે મેળાવડામાં સૌ દંગ થઈ ગયેલાં એકસરખા વસ્ત્રપરિધાન કરેલ તમારા બાળકોની ટોળકીને જોઈને! ત્યારે શાઈનીંગવાળું ચમકતું ટવીંકલ કપડું રેડિયમવાળું કહેવાતું. તેનાં રસ્ટ કલરનાં એકસરખા ફ્રોક ને બુશકોટમાં શોભતી ગિલિંડરોની તમારી જમાતે જમાવટ કરેલી ત્યાં!’’ આટલું કહી બહેન કંચન સ્હેજ શ્વાસ ખાવા થંભ્યા. આજુબાજુનાં ઘરોમાં ય સૌને ખબર કે જમવાનું બનાવે જ્યારે હરકોરબાની વહુઓ, તેમાં સૌ પ્રથમ ગાયનું અને પછી ‘તાઈ’નું જમવાનું પહેલાં જ જૂદું કાઢી લે. તાઈ સાંજે તો કામ કરવા ન આવે છતાં વધેલું જમવાનું સાંજે તેનાં ઘરે ભાઈ ચંપક સ્વયં જઈને પહોંચાડી આવે. આજે પણ વાતમેળાની વચ્ચેથી ઉઠીને તે તાઈને ઘરે જમવાનું પહોંચાડી આવ્યા.

દેરાણી-જેઠાણીનાં સ્નેહને આલેખતી બે વાતો ત્યારે મલાડમાં બહુ પ્રસિદ્ધ થયેલી આ પરિવારની: એકવાર બહેન કંચન દેરાણી ઈન્દુમતી સાથે દેરાસર જઈ વળતાં શાક લેતા આવવાનાં વિચારે સાથે ઘરેથી નીકળેલા. મલાડ સ્ટેશનનું ફાટક હતું બંધ. વાહનો ઉભા રહી ગયેલા. પરંતુ આ બેલડી તો પોતાની વાતોમાં એટલી બનેલી મશગુલ કે નાનાં દરવાજામાંથી ચાલતાં પહોંચી ગયા પાટા ઉપર અને દોડી આવતી સામસામી બે ટ્રેનોની વ્હીસલ તરફ પણ ધ્યાન ન ગયું. એ જોઈ સાંધાવાળાએ દોટ મૂકી બંનેને બૂમો પાડી ચેતવી ઉભા રાખી દીધાં. તે જ ક્ષણે ધડાધડ પસાર થઈ સામસામી બે સુપરફાસ્ટ ટ્રેનો. ફાટકની બંને બાજુએ ઉભેલા લોકોનો શ્વાસ તો ત્યારે જ હેઠો બેઠો જ્યારે બંનેને સલામત રીતે એકબીજાનો હાથ કઠણ રીતે પકડીને ઉભેલા જોયા ટ્રેનોની વચ્ચોવચ્ચનાં સાંકડા ભાગમાં.

...અને બીજી વાત પ્રસિદ્ધ હતી એ સમયની, જ્યારે ભાઈ ચીમનનાં કહેવાથી ભાઈ શીવલાલનો પરિવાર માટુંગા રહેવા જવા માટે મલાડનું ઘર છોડતો હતો. હાથમાં હતાં પોતપોતાનાં કપડાનાં નાનાં-નાનાં થેલા, કારણકે સામાનમાં બીજું તો કાંઈ લઈ જવાનું હતું નહીં, પણ સૌનાં હૃદય ઉપર હતો જાણે સો મણ સમો ભાર! આ આકરી વાસ્તવિક્તાને ઝીલી શકવા સૌ હતાં અસમર્થ. પરંતુ ઈન્દુમતી જે રીતે મોટાં અવાજે 'કંચનભાભી, તમારા વગર હવે હું કઈ રીતે એકલી અહીં જીવીશ?' એમ કહીને ધ્રૂસકે-ધ્રૂસકે રોયેલાં તેમાં આખ્ખું ય ગૌતમ નિવાસ જાણે ભીંજાઈ ગયેલું! બાળકોનાં મંજુલાકાકીનાં ગળામાંથી તો આમે ય સા..વ ધીમો જ અવાજ નીકળે. તે તો થઈ ગયેલાં અવાચક્ જ અને પ્રેમિલાકાકી પોતાનાં હાથે ભરેલી થેલીઓ તથા બટવા લઈને આવ્યા અને તે આપતાં-આપતાં વહાલા બહેન સમા જેઠાણીજી કંચનભાભીને ભાવપૂર્વક ભેટી પડયાં! સરખેસરખી બહેનો છૂટ્ટી પડતી હોય તેવું અદ્ભૂત્ પ્રેમનાં પ્રતીક સમું આ આખ્ખું ય દ્રશ્ય કંડારાઈ ગયું સૌનાં દિલોં-દિમાગમાં અને તેનું જ પ્રતિબિંબ પડી રહ્યું હતું આજનાં આ ફરીથી ભેગા થયેલાં પ્રેમલ વાતમેળામાં!

વળી વાતોનો દોર સાંધ્યો હવે શીવલાલે ૩૦ જણાનાં ઉત્સુક કર્ણસંપૂટ માટે: ''અહીં આવ્યા પછી આજનાં પૂજ્યશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ એટલે કે ત્યારનાં કિશોરવયનાં રજની ઉપરાંત રજનીનાં ભાઈઓ પ્રવીણ-પ્રતાપ

સાથે થપ્પો રમે ભરત, પીયૂષ, ગટ્ટુ, બટુક, અધીશ, હર્નીશ, ચેતન, હસુ, મનુ અને મહેન્દ્ર. એમાં આપણો ભરત અને રજની તો એટલા ખેલાટ કે કોઈ પકડી જ ન શકે. વળી અડધી રમત પછી વારેવારે એકબીજાનાં ટીશર્ટ કે શર્ટ બદલીને પહેરી લે. તેથી કપડાં ઉપરથી થપ્પો કરવાનું કોઈ વિચારે તો તે ખોટો પડે અને તેને ફરી દાવ દેવો પડે. થપ્પો એકનો થાય અને નીકળે બીજો એવો ઘાટ ઘડાય.'' હવે હરકોરબાને થયું મન આ વાતમાં જોડાવાનું: ''ભરતનાં બા હીરાવહુની માંદગીનાં દિવસોમાં મારી બીજી વહુઓએ તેની ખૂબ સેવા કરી. વર્ષ હતું ૧૯૫૩ જ્યારે ભરત હતો ત્રણ વર્ષનો અને ભાનુ હતી સાતની. હીરાનાં છેલ્લા દિવસે તેની તબિયત ઘણી ખરાબ હતી પરંતુ સમતા ઘણી હતી. બંને છોકરાંઓને બાજુમાં રાખી તેના ઉપર હાથ પસવારતાં જાણે તે કોઈની રાહ જોતા હતાં. ત્યાં જ આવ્યો મારો શીવ.

ગૌતમનિવાસનાં ઘરે વાતમેળામાં મગ્ન ભાઈ શીવલાલ, ચંપકલાલ, અનોપબહેન તથા સર્વે



તેને અને કંચનને સાથે નજીક બોલાવી, આંખમાં આંખ મેળવી છેલ્લાં શબ્દો ભાઈ શીવલાલ સામે જોઈ બોલ્યા હીરાવહુ: ''મારા બંને બાળકો તમને સોંપું છું...'' અને શ્વાસ પૂરા થયા. ત્યારથી શીવલાલનો છે જાણે નિર્ણય અને નિયમ કે ભરત ગમે તેટલાં તોફાન કરે, તેને કોઈએ કાંઈ જ નહીં કહેવાનું. હા, જરૂર પડે તો પોતે ખીજાઈ લે. પરંતુ બીજા કોઈ જો ખીજાય તો ન ચાલે શીવલાલને! અરે, તેનું તો જાણે આવી જ બને!

પ્રેમાદરનું તીર્થ પુનિત,
ભાઈ શીવલાલ એટલે
પ્રકૃતિનું પાવન ગીત!

બાળકો, બીજે દિવસે ગણિતની પરીક્ષા હોય અને તમે રાત્રે ધાબળો ઓઢીને જો સૂવાનો ઢોંગ કરતા હો તો ત્યારે ય શીવુકાકા આવી તમારી પાસે બેસીને પૂછે: 'જાગો છો ને? ચાલો, સવાનાં ઘડીયાં બોલો.' આજે તમે સૌ ગણિતનાં દાખલાં પટોપટ સરળતાથી ઉકેલી શકો છો ને તેનાં મૂળમાં છે એ જ વાત!'' ખભા ઉપર નેપકીન



રાખી, દીવાન ઉપર બેસી, તકિયાને ટેકો દઈ, પગ ઉપર પગ ચડાવી તેને હલાવતાં-હલાવતાં શીવલાલ હસ્યાં મરક-મરક. આ હતી તેઓની લાક્ષણિક મુદ્રા. ત્યાં જ ઈન્દુમતીએ વળી નવી વાત યાદ કરી: ‘‘તમે બધાં આપણાં ઘરનાં ખૂણા ઉપર જ આવેલી લોકલ બોર્ડની નિશાળમાં ભણવા જતાં ત્યારે પહેલાં ધોરણમાં ભણતી ભારતીને દફતર ઉપાડવું ન ગમે. વળી પોતાની જગ્યાએ પાટલી ઉપર નહીં પરંતુ શિક્ષકની ખુરશીમાં જ તેણીને બેસવું હોય. તેથી પ્રેમિલાકાકી નિશાળે મૂકવા જાય ત્યારે દફતર તે જ ઉપાડે અને વર્ગમાં બહેનની ખુરશી ઉપરે ય બેસાડી જાય! જો કે શિક્ષકો સાથેની દર મહિને થતી મિટિંગો ભરવા ઘરમાંથી ફક્ત કંચનભાભી જ શાળાએ જાય. છ-સાત બાળકોનાં સર્વે વર્ગશિક્ષકોને મળે અને દરેકનાં વિકાસની નોંધ રાખે. ભરતનાં તોફાનની ફરિયાદ આવે તો કંચનભાભી તરત કહે: ‘‘ભોગીયા, રો’યાં... ભણ હવે ભણ!’’

ત્યાં પ્રેમિલાકાકીને યાદ આવી વળી એક નવી વાત: ‘‘તમારા વર્ગનાં બહેન માટે તમે કોઈવાર આ ગૌતમ નિવાસનાં આંબાની કેરી અને ઘરેથી નિમક લઈ ગયાં હશો. હવે તે એને એટલી તો સ્વાદિષ્ટ લાગી કે રોજ પછી તે કેરી લઈ આવવા ચાલુ વર્ગે ઘરે મોકલે. વળી ઉનાળામાં ઠંડું પાણી જોઈએ તેથી મજાનાં ઉટકેલાં પિત્તળનાં કળશામાં સાચવીને શાળાએ લઈ જાય તે દિપીકા કે નીલુ! એમાં યે કંચનભાભી જ નિશાળનાં બહેનને ફરિયાદ કરવા જાય કે તમે ભણવાનાં ચાલુ પીરીયડે અમારા બાળકોને મોકલો છો તેની બદલે રીસેસ સમયે મોકલશો તો જ અમે તે વસ્તુઓ આપીશું. અમારા બાળકોનું ભણતર બગડે તે કોઈ જ હિસાબે હું ચલાવી નહીં લઉં.’’

આ સાંભળી ચંપકકાકા વળી કૂદી પડયાં વાતોમાં વચ્ચે: ‘‘ઈન્દુભાભી, સારું થયું ને કે સાવરકુંડલામાં માંદગી વખતે મેં કંચનભાભીની ખૂબ સેવા કરી અને દુ:ખતા ઈન્જેકશન ઉપર ઘસવા પેલા શેરડીનાં સંચાવાળા પાસેથી બરફ પણ લઈ આવતો’તો ને કોઈવાર હાથ ઉપર ઘસી પણ દેતો’તો. જૂઓ, એ પછી આપણા બધાનાં બાળકોનાં ભણતરની બધી જ જવાબદારી ઉપાડી લીધી ને તેઓએ!’’ ઉત્તરમાં કંચનભાભી શીઘ્ર ઉવાચ: ‘‘પણ એ તો ઘર-રસોડાનાં કામકાજમાં આ મૌન તપસ્વીઓ સમા ઈન્દુમતી, મંજુલા ને પ્રેમિલા ન હોત તો?’’

ક્યારનાં ય ચૂપ રહેલાં નિર્મળાભાભી ટહુંક્યા: ''મને યાદ છે બાળકો, એ સમયે લાલ ઘઉં ને વસઈ ચોખા મળે. તે લેવા માટે રેશનીંગની લાઈનમાં ખૂબ લાંબો સમય અમે ઉભા રહીએ. વળી સામે જ આવેલી પેલી ગૌશાળામાં દુધ લેવા જવાની સાથે દર થોડાં દિવસે છાણાં, સગડી માટેનાં બદામી કોલસા વગેરે લાવવાનાં પણ અમારા વારા હોય. પ્રાયમસમાં ભરવા માટેના ઘાસલેટની લાઈન તો જાણે એક માઈલ લાંબી હોય! પણ એમાંથી જ થોડું ઘાસલેટ રાત પડે એક વાટકામાં લઈને રોજ રાત્રે હરકોરબા મોટાં રૂમમાં બેસે અને નાનાં-મોટા દરેકમાંથી જેને-જેને પગ દુ:ખતાં હોય તેને સ્નેહથી માર્દન કરી આપે. એ રીતે પગ ચોળાવવા માટે બાળકો તમે એકની પાછળ એક એમ હારમાં બેસી જતાં... એ યાદ છે? વળી મલાડથી ઠેઠ રાણીબાગ સુધી તમારા આ ચંપકકાકા તમને બધાં બાળકોને બસમાં કે ટ્રેનમાં લઇ જાય અને પછી બહારથી જ બતાડી દે કે આ પ્રાણીઘર ને આ માછલીઘર. ડોશીનાં ગુલાબી વાળ કે મલાઈકેન્ડી ખાઇને ત્રણ કલાકે પરત ઘરે પહોંચો ત્યારે તમે સૌ તો મનમાં આનંદનો ઢગલો ભેગો કરીને આવ્યા હો ને હોંશે હોંશે તેની વાત કરતા ન થાકો.

વળી મને તો બાળકોની અન્ય બે-ચાર વાતો પણ બહુ યાદ આવે છે કે મારી ભાનુને લઈને જ્યારે હું હનુમાન ગલીનાં કે બોરીવલીનાં ઘરેથી અહીં આવી હોઊં ત્યારે અચૂક પેલા ચનાચોરવાળા ભૈયાને બોલાવાય અને દરેક બાળકને પાંચ પૈસાની પૂડીની ભેટ મળે. વળી બધાને જ્યારે-જ્યારે બે પૈસા વાપરવા મળે ત્યારે આ દીપિકાનાં પૈસાનો ભાગ નીલુ જ લઈને ખાઈ જાય. દીપિકા રડયા કરે... પણ તો યે નીલુની પૂંછડી બની રહેવાનું તો ન જ છોડે.'' આવી જ વાત વધારી આગળ હવે મંજુલાકાકીએ:

''આપણાં ઘરમાં  બાળકો ઝાઝાં. એટલે ક્યારેય કોઈને આખું કેળું તો મળે જ નહીં. પણ એ  કેળાને અડધું કરીને કોણ-કોને આપશે તેની હોડ લાગે જાણે! 'મારા  કેળામાંથી અડધું કેળું કેમ તેં ન લીધું?' તે વાતે રીસામણાં ય ચાલે. રીસામણાંની વાત આવે ત્યારે જો કે બે નામ સૌથી ઉપર હોય: રાજુલ અને ભારતી. બંનેને એકબીજા વગર ઘડીકે ય ચાલે નહીં, પણ વાંકુ પડે ત્યારે અબોલા ય થાય. પણ એ અબોલા તોડાવવા પા-અડધો કલાક પછી અમે કોઈ તેઓ પાસે જઈએ, ત્યારે બહાર

ચાલીમાં બંને પાસે-પાસે બેસીને પોતપોતાની નોટબુકમાં કંઈક લખતા દેખાય. જોઈએ તો રાજુલની રફબુકમાં પાનાનાં પાનાં ભરીને ભારતીનું નામ લખેલું હોય અને ભારતીની નોટબુકમાં આ રાજલીનું!''

વાતમેળામાં આજે પોતાનાં મોટા થઈ રહેલાં બાળકો હસુમતી, જીતુ, અનીલ, ભારતી અને ભાવિતાને લઈને અનોપબહેન પણ સાસરેથી જોડાયેલાં. તેઓએ યાદ કરાવી આ વાત:

''શીવુભાઈ રવિવારે મંછુભાઈ રોડ ઉપરની ડોસાની દુકાનેથી મંગાવે ગરમ ગાંઠીયા પૂ...રા ૧૦૦ ગ્રામ. બધા બાળકોને બોલાવીને ૧-૧ ગાંઠીયો આપે. બાળકો આ ક્ષણની રાહ જ જોતાં હોય અને આનંદ પામે. પછી વારો આવે બધાનાં માથામાં તેલ નાંખવાનો. ફિલમનાં કોઈ દ્રશ્યમાં જોયું હોય તે જ રીતે એક કાકીની આગળ ભાનુ બેઠી હોય તેલ નંખાવી માથું ઓળાવવા. તેની આગળ બેઠી હોય નીલુ જેનાં વાળમાં તેલ નાંખતી હોય ભાનુ. નીલુની આગળ હોય દીપિકા. તેની આગળ હોય ભારતી. વળી તેની આગળ હોય રાજુલ, હેમંતી ને રૂપલ! બધાનાં વાળ એટલા બધા લાંબા કે બધાએ એકબીજાથી ખાસ્સું દૂર બેસવું પડે. આ રીતે એકબીજાનાં માથા ઓળાતા જોવા આજુબાજુવાળા ય જરૂર ડોકાય.''

મનસુખદાદાએ જોયું કે આ વાતમેળામાં મધ્યરાત્રિ થઈ જવા આવી છે, તેથી કહ્યું કે:''છોકરાઓ, આજે કેમ કોઈને ઊંઘ આવતી નથી? નહીંતર રાત્રે સાડા આઠ વાગે ત્યાં તો જગ્યા ગોતીને બધા ટપોટપ સૂવા જ માંડતા હો છો. મહેમાન હોય ત્યારે ય પલંગની નીચે ઘૂસીને સૂઈ જવાવાળા... હાલો, ઉઠો તો હવે સૌ.''

ત્યારે બાળકોનાં ચંપકકાકાએ કહ્યું: ''હવે છેલ્લે મારે મારી એક ગંભીર ભૂલનો એકરાર કરવો છે સૌ સમક્ષ. શરૂમાં તમારા આ શીવુકાકા મિલિટ્રીમાં કામ કરતાં ત્યારે પગાર ફક્ત રૂા.૧૨૫. તેથી ઘરમાં ય તે હરકોરબા પાસે ઓછા પૈસા જમા કરાવે. હું તેઓથી નાનો પણ મૂળજી જેઠા માર્કેટમાં કાપડનાં વેચાણથી કમાણી હું વધારું છું તેવું મને તે વખતે લાગતું. બધા ભાઈઓનાં બુશશર્ટ માટેનાં કટપીસ મારે જ દુકાનેથી લઈ આવી સીવડાવવાનાં હોય.

શીવુકાકા તો મેટ્રીક પછી મોટા ઑફિસર બની ગયેલાં અને વળી યુનીયનનાં પણ લીડર. છતાં યે જે કટપીસ લાવીને સીવડાવું, તે અંગે તેમણે ક્યારેય ફરિયાદ ન કરી. આજે થાય છે કે અમે તો ફક્ત માર્કેટની દુકાનમાં જ બેસતાં પણ તેઓને તો કેટલાં મોટા ઑફિસરોને રોજબરોજ મળવાનું હોય. વળી તેઓને ભાષણ આપવા માટે બહારગામ પણ કેટલીય ઑફિસોમાં બોલાવાયા હોય. પણ મને ક્યારેય કેમ એમ વિચાર ના આવ્યો કે તેઓ માટે હું વધેલા કટપીસને બદલે સારું શર્ટનું કાપડ લઈ સીવડાવી આપું? તેનો મને આજે હાડોહાડ રંજ છે. અરેરે... મારા ભાઈને મેં કેવા કપડામાં કેટલાંયે વર્ષો સુધી રાખ્યો! ભગવાન આજે મને માફ કરી દે!''

વાતાવરણમાં સોપો પડી ગયો! પોતાનાં મોટાભાઈ માટેનાં સન્માન અને પોતાની લાગતી ભૂલનો જાહેરમાં એકરાર કરતાં અશ્રુજળ સહિતનાં ચંપકકાકા આજે સૌ બાળકોને રોજ કરતાં યે વધારે રૂપાળા લાગ્યા!

શેરડીમાં જ્યાં ગાંઠ હોય ત્યાં રસ ક્યાં હોય છે? અને જ્યાં રસ હોય છે ત્યાં ગાંઠનું હોવું અસંભવ હોય છે... એ ઉક્તિને સત્ય ઠેરવતાં અને સંપ, સ્નેહ અને સરળતાની મીઠાશ વધુ પ્રસરી હોય તેમ તેજથી ચમકતી આંખો સહિતનાં થયેલા વડીલોએ ભીનાં થયેલાં ગાલને લૂછતાં આ પરિવારની એકતા અને વળી અખંડિતતા બરકરાર રહે તેવી પ્રાર્થના કરી, સૂવા માટે ગાદલા પાથરવા સૌને ઉભા કર્યા.

પ્રેમનો પંથ એક સેતુ સમાન હોય છે જેની નીચે એક સનાતન નદી સતત વહેતી હોય છે અને ઉપર વહે છે એક નૌકા પરિવારજનોનાં નામની. પછી તો પંખીનાં ટહૂકામાં પણ તે જ નામ અને વાદળનાં જળમાંથી નીતરતું પણ તે જ નામ સંભળાતું હોય છે. આ પરિવારનો સ્નેહ હતો તેવો જ સનાતન તે આજના આ વાતમેળામાંથી પુનઃ નિષ્પન્ન થયું.



જીવ ને શિવ વચ્ચેનો, આત્મા ને પરમાત્મા વચ્ચેનો સંબંધ એટલે પરબીડિયા અને એમાં બિડાયેલા લખાણ વચ્ચેનો સંબંધ. બહારનું આવરણ દૂર થાય ત્યારે જ પ્રતીતિ થાય કે પરમાત્મા આપણી અંદર જ છે.



ભાઈ રોહિત કે બહેન સરોજ-કલ્પનાનાં પરિણયપર્વમાં
દોડી-દોડીને વડોદરાથી મુંબઈ આવે શીવ-કાંચન પરિવાર.

પોતાનાં પરિવાર સાથેનાં વાતમેળામાંથી વ્હાલનાં નવનીતનું ભાથું બાંધી ૧૯, અરૂણોદય સોસાયટી, ‘છોટુભાઈ નિવાસ’, વડોદરામાં ઈ.સ.૧૯૭૨થી ભાઈ શીવલાલે વસવાટ શરૂ કર્યો. શરૂમાં તો બહેન કંચન સહિત તેના ચારે સંતાનોને ય મુંબઈનો વિયોગ વસમો લાગ્યો. પણ ધીમે-ધીમે શિક્ષણમાં બાળકો વ્યસ્ત અને વ્યકત થતાં ગયાં, મહિલા મંડળો અને અન્ય સેવાકીય સંસ્થાઓમાં બહેન કંચન મસ્ત રહેવા માંડયા અને ભાઇ શીવલાલ તો હતાં જ ફરજ પરસ્ત! સ્વકર્તવ્ય, સમાજ અને પોતાના આત્મા પ્રત્યે તેઓ રહે સદાકાળ જાગ્રત!

‘દિપક નાઈટ્રાઈટ’ ત્યારે ‘બાંગ્લા નાઈટ્રાઈટ’ તરીકે પણ ક્યારેક વડોદરામાં ઉલ્લેખાય. ઠે... ઠ કલકત્તા પરિસરથી સપરિવાર વડોદરા સ્થાયી થવા આવેલ અનેક નિપૂણ બંગાળી મેનેજરો અને ઑફિસરો તેમાં જોડાયેલ. શ્રી દાસગુપ્તા, મુખોપાધ્યાય, સેનગુપ્તાજી વગેરે સંચાલનકર્તાઓનાં પત્ની-બાળકોનાં હૃદયનાં મૂળીયાં અહીં વડોદરામાં સુચારુ રીતે જામી જાય તે અર્થેભાઈ શીવલાલને ઊંડી ઈચ્છા. એ જોઈ બહેન કંચન પણ તેઓ સર્વે સુપેરે ગોઠવાઈ જાય તે માટે પ્રયત્ન કરવામાં કોઈ મણાં ન રાખે! વળી અહીંના ડોક્ટર કૃષ્ણકાંત શેઠ સાથે પણ આ દંપતિનો પારિવારિક નાતો આત્મીય સ્તરે. તેઓનાં પુત્ર ડોક્ટર અશ્વિનભાઈ જ્યારે નવા-નવા ડોક્ટર થઈને આવ્યા ત્યારે બધા તેમની જ પાસે ચેક કરાવે તેવો પણ ભાઈ શીવલાલનો આગ્રહ. કંપનીનાં ડોક્ટર પણ ડોક્ટર શેઠ જ. આ ઋણાનુબંધ અકબંધ રહે તેવો પુરૂષાર્થ કરે તથા આ સંબંધનું ગૌરવ રાખે બંને એકમેક સંગે સદૈવ.

વડોદરા એટલે સંસ્કાર નગરી! સંસ્કૃતિ, સાહિત્ય, શિક્ષણ, કલામાં બેજોડ એવી તે નગરીની અગણિત સંસ્થાઓમાં ભાઈ શીવલાલે પોતાનાં સમયનું, વાક્-ચાતુર્યનું, વિચારોનું, કાર્ય-કૌશલ્યનું અનેકવિધ રીતિએ યોગદાન કર્યું. અનેક જૈનસંઘોનાં અપરિમિત પ્રશ્નોનાં નિરાકરણ લાવ્યા. તેમની ન્યાયસંપન્ન

મેધા સામે પ્રતિકારજનક કાંઈ રહેતું જ નહીં. મુંબઈ રહેતાં પરિવારોમાં અનેકાનેક સંતાનોનાં લગ્ન પ્રસંગે સૌ વડોદરાથી દોડીને જાય મહામોચીમાં અને ઉલ્લાસભેર ભાગ પણ લે. કોઈની માંદગી કે મૃત્યુ સમયે પણ તે પરિવારો સમીપ પહોંચવામાં ભૌગોલિક અંતર ક્યારેય આડું ન આવે શીવ-કાંચનને. બહેન કંચનનાં મોટા નિર્મળાબહેનને એક જ સંતાન-દિકરી હંસા. પોતાની માતાને અનુસરતી તેણીને પણ કોલેજનું ભણતાં-ભણતાં યે પ્રભુપૂજા ઉપરાંત તપ-ત્યાગ-સ્વાધ્યાય-શ્રમણ વૈયાવચ્ચ વગેરે અત્યંત રુચિકર લાગે. સમય વીતતાં પ્રવજ્યા લેવાનું પૂણ્ય ઉદયમાં આવ્યું. દીક્ષાનાં આગલા જ દિવસે ૬ ડિસેમ્બર,૧૯૭૫નાં રોજ મોટા રમણભાઈનાં દિકરી સરોજનાં લગ્નમાં સોળે શણગાર કરીને આવેલ બહેન હંસાને માતા-પિતા ઉપરાંત બંને મામા-મામીઓએ બીજે જ દિવસે અત્યંત હર્ષભેર દીક્ષા અપાવી. પોતાનાં શીવલાલમાસાનાં બહેન પૂજ્ય

નવદીક્ષિતા પૂજ્ય હિતધર્માશ્રીજી પોતાના ગુરુવર્ય સંગે... સંયમપંથે.



હર્ષપૂર્ણાશ્રીજી મહારાજનાં શિષ્યા ને બેનમહારાજશ્રી જયપ્રજ્ઞાશ્રીજીનાં તેઓ શિષ્યા બન્યા અને નામ મળ્યું: સાધ્વીજીશ્રી હિતધર્માશ્રીજી મહારાજ. પરિવાર સમસ્તને સંસારનાં રાગમાંથી વિરામ પામવાનું એક વધુ પૂજનીય સુસ્થાન પ્રાપ્ત થયું. તેઓનાં પત્રો આવે ત્યારે તેમાંથી નીતરતી વૈરાગ્યની પાવક ધારાઓમાં સૌનું હૈયું ભીંજાય અને ગૌરવ પણ અનુભવાય.

સન્ ૧૯૭૬માં નૈનિતાલથી અલ્મોડા અને રાણીખેત ગયા ત્યારે એકવાર શીરીષ અને કંચનગૌરી વચ્ચે થયેલા સંવાદો જ્યારે સંભળાયા સંતાનોને, ત્યારે બહુમાન હજુ વધી ગયું તેઓનાં આ જનક-જનની પરે.

‘‘મકુજે, રાગ અને વિરાગ બંનેથી અલિપ્ત રહીને કરેલી જીવનયાત્રા જ આપણને વીતરાગી બનાવી શકે. રાજકુમાર તરીકે જન્મીને, સંસાર-સુખ ભોગવીને, ત્રીસમા વર્ષની ભરયુવાનીમાં પ્રવજ્યા સ્વીકારી ૧૨ વર્ષ એકાકીપણે વનમાં રહીને પોતાની ૪૨ વર્ષની જ બાલી વયે ઋજુવાલિકા નદીને તટે પ્રભુ વીરનો આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતો હોય તે મહાવીરમાં ને આપણા આત્મામાં શો ફેર છે? અહિંસા-અપરિગ્રહ-સત્ય-અનેકાંતનો ઉપદેશ ૩૦ વર્ષ સુધી આપ્યા પછી દીક્ષાનાં બેંતાલીસમાં ચોમાસાની આસો માસની અમાવાસ્યાએ જો તે આત્માનું નિર્વાણ થઈ શકતું હોય તો આપણે કયા માઈલસ્ટોન પાસે અટકયાં છીએ? ક્ષણમાં જ સાક્ષાત્કાર થઈ શકે તેવી એકાદ ક્ષણ આ કાળમાં જ સમાયેલી છે. જરૂરત છે ફકત તેને સ્ફૂટ થવા દેવાની. આજની આપણી આ અવસ્થામાં તન-મન-ધનની જે શક્તિ મળી છે તે જગતનાં સર્વ જીવોનાં કલ્યાણ માટે વાપરી આપણો આત્મવિકાસ સાધીએ એ છે ધર્મ!’ આ સુણી પ્રિયા કંચનને થયું કે એમનાં નામમાં જ માત્ર ‘શિવ’ નથી, કિન્તુ તેઓનાં આચાર-વિચારોમાં પણ દરેક આત્માનું ‘કલ્યાણ’ જ સમાયેલું છે. ત્યાં તેઓનો ગંભીર ધ્વનિ ફરી સંભળાયો: ‘‘સંસારમાં નમવું તે દીનતા છે પણ ધર્મમાં નમવું તે વીરતા છે. એ વીરતાથી કરૂણાનો ને ક્ષમાનો દીવો પ્રગટાવીએ તે જ છે અધ્યાત્મ.’’

જીવન કેવું સુંદર, સુખદ અને સરળ છે. ‘શિવ’ નામનાં આ તરાપા ઉપર બેસીને શાશ્વતીનાં વહેણમાં હું શિવસુખ આપનાર પદ સુધી અવશ્ય પહોંચી શકીશ તેવી શ્રદ્ધા જન્મી એ ક્ષણે બહેન કંચનને! સ્થિર ઉભેલા

કદાચ પડી શકે, પણ ચાલતાં રહે તે સદા યે સ્થિર રહી શકે તેવું અનુભવાયું આજે બહેન કંચનને ઉમળકાભેર!

આમ વેકેશનમાં ફરવા ગયા હોય ત્યારે ભાઈ શીવલાલનાં પરિવાર માટે વર્ષે-બે વર્ષે એક સરપ્રાઈઝ રાહ જો'તું હોય! ઘર આખું રંગરોગાનયુક્ત નવુંનકોર થઈ હસતું હોય! સૌ વિચારે કે ભાઈ શીવલાલ ક્યારે પ્લાનીંગ કરી લેતાં હશે અને ક્યારે રંગારાને બોલાવી કહી દેતાં હશે? કલર તો લાઈટ પેસ્ટલ જ હોય અને ભાઈ શીવલાલની સૂચના મુજબ ઘર પાછું બધું જેમનું તેમ સરસ રીતે ગોઠવાઈ પણ ગયું હોય!

પ્રકૃતિનાં ખોળે ઝૂલે શીવ-કાંચન દિકરી ભારતી, વિલાસ, ભાવના સંગે.

દિકરી લગ્ન કરવા જેવડી થવાની હોય તેનાં ૨-૩ વર્ષ પૂર્વેથી જ બહેન કંચન પોતાની બચતમાંથી ધીરે-ધીરે તેને આપવાનાં કપડાં-દાગીનાની તૈયારી કરવા લાગે. વિચારે કે



છેલ્લે મારા શીરીષને ખેંચાવું ન પડે. મોટી દિકરી નલિની પરિણયલાયક વયની થઈ કે ત્વરિત જ તેનાં ચીમનમામા તથા કાંતામામીએ પોતાનાં ઘરે મુંબઈ રહેવા બોલાવી લીધી. યોગ્ય પાત્ર મળતાં જ ૨૫ જાન્યુઆરી, ૧૯૭૬નાં સુભગ દિને સાવરકુંડલાનાં ડૉ.બચુભાઈ તથા શ્રી શશીબહેનનાં મિકેનીકલ એન્જિનીયર પુત્ર પ્રફૂલ સાથે પરિણય ગાંઠે બંધાઈ ચિ.નીલુ. મોટી દિકરીની વિદાયે ઘર ખાલી થયું. પ્રફૂલકુમાર વાંસળી સરસ વગાડે. પિયૂષ વગાડે માઉથ ઓર્ગન ને સાથે તબલા તો ખરા જ. ડાઈનીંગ ટેબલ ને કયારેક તો વળી સ્ટીલની થાળી ઉપર પણ તાલબદ્ધતા ચાલુ જ હોય પીયૂષમલની! શીવ-કાંચન આપે નીલુ-કુમારને પ્રેમથી અવારનવાર આમંત્રણઃ આ દિવસોમાં રજા આવે છે તો નીકળી આવો. ...ને તેઓની હામી ભરાય ત્યારથી ઘરમાં ઉત્સવની ચમક આવી જાય.

પુત્ર પીયૂષને જ્યારે એથેન્સ-ઓહાયોમાંથી યુનિવર્સિટીનો પ્રવેશપત્ર આવ્યો ત્યારે ત્યાં સેમેસ્ટર શરૂ થવામાં ફકત દસ-બાર દિવસની જ વાર હતી. બહેન કંચન સહિત બધાં હાંફળા-ફાંફળા થઈ ગયા ને અવઢવમાં ય હતાં. પણ ભાઈ શીવલાલ મકકમ હતાં. તેમણે કહ્યુંઃ ''બધી તૈયારી થઇ જ જશે. પીયૂષે નીકળી જ જવાનું છે.'' અને બધી તૈયારી થઇ જ ગઇ. પોતાનો એકનો એક વહાલો દિકરો દૂર દેશાવર જાય તેનાથી ઉદાસ થવાને બદલે અમરેલી જેવા નાના ગામમાં ઉછરેલ એક માનો જીવ કઈ રીતે ચાલ્યો હશે તેમ ઘણાએ વિચાર્યું, કિન્તુ પુત્ર પીયૂષ બે વર્ષ માટે એમ.બી.એ.નું ભણવા ગયો એ પછી તો શીવ-કાંચનનાં માળાનો ચહેંકાટ દૂર-સુદૂર સુધી વિસ્તાર પામ્યો. ભાઈ પીયૂષને એક ગીત ગાવું ખૂબ ગમેઃ 'હંસલા હાલો ને હવે... મોતીડાં નહીં રે મળે...' તે અમેરિકા ગયો પછી એ ગીત રેડિયો ઉપર આવે ત્યારે પીયૂષને બધા વધારે યાદ કરે અને ત્રણેય બહેનોને તો પલ-પલ આંસુડા ય પડી જાય. પણ સૌથી વધુ ચિંતિત તો ત્યારે ય ભાઈ શીવલાલ જ રહે. પૂછેઃ 'ભાઈને પત્ર લખ્યો? એને જોઇતું બ્લુ જીન્સ લઇ આવ્યા? એને મોકલવાનાં આપણાં ફોટા ચંદ્રકાંતભાઇ પાસેથી મંગાવી લીધા? તારાબેનનાં દિકરા રાજુભાઈને ઓહાયો મોકલવાનો નાસ્તો તૈયાર થઇ ગયો? તેનાં મિત્રો વિવેક અને ગિરિશ માટે ય વધારે બધું મોકલાવો છો ને?' બહેન નીલુની ગર્ભાવસ્થાનાં સમાચાર આપતાં ભાઈ શીવલાલે ફોનમાં એકદા પીયૂષને બધાઈ આપતાં જણાવ્યું કેઃ ''તમે એક

સાથે બે ભાણેજનાં મામા થનાર છો.'' પીયૂષને ઝળહળ સફળતા મળી એમ.બી.એ. અભ્યાસમાં અમેરીકામાં ને અહીં ભારતમાં બે અવસરો આનંદનાં ઉપન્યાં. બહેન નીલુએ મુંબઈમાં બેલડાં સંતાનોને જન્મ આપ્યો અને ભારતીએ એમ.એસ.યુનિવર્સિટીમાં બી.કોમ.માં સુવર્ણચંદ્રક મેળવ્યો. આ પ્રસંગત્રિવેણી થકી ભાઈ શીવલાલનાં હૃદયનું આનંદકમળ સોળે કળાએ ખીલી ઉઠ્યું હોય તેમ તેમણે વડોદરા ઉપરાંત મુંબઈનાં સ્નેહીજનો માટે ચ ટ્રક ભરીને પેંડા મોકલાવ્યા. એમ.બી.એ. થઈ ભાઈ પીયૂષ પાછો આવી ગયો ત્યારે પોતાનું ભવિષ્ય નક્કી કરવા દોરવણી તથા સ્વતંત્રતા પણ આપી. તેને જ્યાં સેટલ થવું હોય-જે કામ કરવું હોય તેમાં જરૂર પડે મદદ કરી, પણ તેને પર-નિર્ભર ન બનવા દીધો તેના આદર્શ પિતાએ. આ હતી તેમની ઉદારતા તથા પુત્ર પ્રત્યેની શ્રદ્ધેયતા.

પ્રસંગ ત્રિવેણીની ખુશીમાં ઝૂલતાં શીવ-કાંચન.



એ પછી શ્રી નમસ્કાર મહામંત્રનાં પરમ આરાધક શ્રી શશીકાંતભાઈ મહેતા તથા શ્રી અનુપમાબહેનનાં પુત્ર દિપક સાથે ૧૦ ડિસેમ્બર, ૧૯૮૦ નાં દિને પુત્રી ભારતી રાજકોટમાં આજીવન જોડાઈ. તરત પાંચેક મહિના પછી જ ૧૬ મે, ૧૯૮૧નાં એકમાત્ર સુપુત્ર પીયૂષ પરિણયગાંઠે બંધાયો ગાંધીવિચારોનાં રંગે રંગાયેલ શ્રી હિંમતલાલભાઈ તથા લીલાબેનની આત્મજા જયશ્રી સંગે. જમાઈ દિપકને તો સાળાનાં આ લગ્ન અવસરે જ સૌ પ્રથમ વાર સસરાજીની કાર્યરીતિની કુશળતાનો ખ્યાલ આવ્યો. લગ્નને બીજે જ દિવસે ફરાસખાના, કેટરર્સ, વાડી, લાઈટ, ફૂલ, ડેકોરેશનવાળા, કંકોતરી વગેરે બધાને જ બીલ ચૂકવાઈ જતાં જોયાં અને કુટુંબમાં આપવાનાં ભેટકવર તો એક મહિના પહેલાં જ તૈયાર થઈ ગયેલા. ૭ ડિસેમ્બર, ૧૯૮૭નાં રોજ જોડાઈ ભાવના જમાઈ પિનાકીન સંગે ત્યારે બહેન કંચનને લાગ્યું કે આ નાનકડી 'હકુડી' ક્યારે આટલી મોટી થઈ ગઈ?

બહેન કંચન હરકોરબાની વહુ તરીકે જેટલાં આદર્શ ગણાયા તેટલાં જ આદર્શ પુત્રવધુ જયશ્રી ઉપરાંત જમાઈઓ પ્રફૂલ, દીપક તથા પિનાકીનનાં સાસુજી તરીકે ય ગણાયા. હજુ તો કરાંચી, કુંડલા કે કીડીવાળામાળાની સ્મૃતિઓમાં રાચતા શીવ-કાંચનને થયું કે આથી વધુ જિનેશ્વરકૃપા હોઈ પણ શું શકે કે આવા સુંવાળા વેવાઈ-ગણની પ્રાપ્તિ થકી પરિવારની ઉજ્જવલતામાં વૃદ્ધિ થાય! પોતાનાં સમધનો શશીબહેન, અનુપમાબહેન, લીલાબહેન અને શારદાબહેન સાથે તો બહેન કંચનને ઘનિષ્ઠ મૈત્રી થઈ ગઈ. સૌનું 'નિજરૂપ' નિખરે એ નિકટતામાં. શારદાબહેન વડોદરામાં જ હોવાથી તેઓ બંનેનાં સખીપણાં તો વડોદરાનાં લગભગ દરેક મંડળોમાં સુવિખ્યાત થયા. બહેન કંચન જીવનસફરમાં મળેલ આ સન્નારીઓમાંથી ઘણું શીખી છે-પામી છે તેવું સૌને કહેતા ક્યારેય સંકોચ ના પામે.

પીયૂષનાં લગ્ન પછી જયશ્રી દિકરીને શીવ-કાંચન 'તમે' જ કહે તથા ઘણું માન આપે. તેણી શ્વસુરજીનાં પહેલાંની કડપની વાતો સાંભળે ત્યારે તેને વિશ્વાસ ન આવે કે આ જ ડેડી પહેલાં આટલા કડક સ્વભાવનાં હોઈ શકે!

ઘણાં જ ઉમદા હેતુ માટે આપણો જન્મ થયો છે માટે માત્ર સંસાર તરફનો જ અનુરાગ રાખી જીવન પૂર્ણ થઈ જવા ન દેવું એમ વિચારનાર ભાઈ

શીવલાલે વડોદરાનાં સુભાનપુરા સંઘમાં નફા-નુકસાન વિના 'મેહુલ' તથા 'સુધનલક્ષ્મી' સોસાયટીઓ બંધાવવાનું વિચારબીજ રોપ્યું. પરોપકારનાં સમરસીયા એવા અન્ય ટ્રસ્ટીગણ તથા સંઘનાં આગેવાનોએ મળીને આ વાતને સહર્ષ વધાવી લીધી અને સાથે અનેક જૈન પરિવારોને તેમાં વસવાટ કરાવવા નાનું દેરાસર તથા ઉપાશ્રય પણ કરાવ્યાં. મેહુલનાં તે દહેરાસરમાં ભાઈ શીવલાલે પોતે પણ ચાંદીનાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજી તથા શ્રી નવપદજી ભગવાન ભેટ અર્પી સપરિવાર પ્રતિષ્ઠિત કરાવ્યાં.

સહધર્મચારિણી કંચનાને તે સમયે અન્ય બે વસ્તુની ઘણી ઝંખના, જે બંને ભાઈ શીવલાલને કારણે પ્રસન્નતાથી પૂર્ણતા પામી. એક તો ગિરિરાજ શત્રુંજયની ૧૦૮ યાત્રા કરવી તથા બીજું 'મારે ઘરનું ઘર હોય' તેની.

ઈ.સ.૧૯૮૩માં આગમમંદિર મુકામે વડોદરાનાં શ્રીમતિ તારાબહેન અમૃતલાલ શાહ પોતાનાં મંડળને લઈને ૯૯ યાત્રા કરવા જનાર હતાં તેઓ સંગે પોતાનાં મકુજીને મોકલવાની ભાઈ શીવલાલે સવલત ઉભી કરી દીધી. વિરહની તે વેળાએ દિકરી સમી જયશ્રીવહુ અને ભાવનાદેવીએ ઘરનું સુચારુ સંચાલન કર્યું. કિન્તુ તબિયત નાદુરસ્ત થતાં ફક્ત ૩૩ યાત્રા પછી જ પરત ફરવું પડયું બહેન કંચનને. જો કે બીજા જ વર્ષે ૧૯૮૪માં ૧૦૮ યાત્રામાં ની બાકી રહી ગયેલી ૬૫ યાત્રા કરવા હરકોરબા તથા ભત્રીજી હેમંતીને પાલીતાણા સાથે રહેવાનું ગોઠવી દઈને નિર્વિઘ્ને યાત્રા પૂરી કરાવી ભાઈ શીવલાલે. એ પછી પૂજ્ય આચાર્ય શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજીનું ચાતુર્માસ હતું પાલીતાણાનાં પન્નારૂપામાં. ત્યારે હરકોરબા, ચંપક-મંજુલા સાથે શીવ-કાંચને પણ વાપીવાળાની ધર્મશાળામાં રહીને સમસ્ત ચાતુર્માસ કર્યું. સૌનાં પૂર્વ પૂણ્યે એવી સુઆયોજના કરી આપી કે તેઓ સૌ આરાધનામાં ગુલતાન બની શક્યાં. વળી અહીં બહેન અનોપ તથા કાંતિલાલ પણ તેઓ સાથે એક મહિનો આરાધના કરવા જોડાયા.

'મારી કંચનનું પૂર્વ જીવન પરિવારની જવાબદારીઓને કારણે અનાત્મરતિમાં જ પસાર કરવું પડેલ છે' તેવો ડંખ જાણે આ રીતે સાથે જ ચાતુર્માસની આરાધના કરતાં-કરતાં શીળો લેપ પામતો હતો ભાઈ શીવલાલનાં મન ઉપર! વળી ત્યારે તેઓ સામાયિકમાં સાત્વિક વાંચન, મંત્રજાપ ઉપરાંત

પૂજાની ઢાળોનાં અર્થ સ-રસ માણે. 'ધાર્મિક પઠન-પાઠન કરાવવા સમર્થ બને એવા પંડિતો પાલીતાણામાં તૈયાર કરાવવા એક પાઠશાળા ખોલવાની મારી ભાવના ક્યારે સુસફળ થશે?' એમ પ્રણિધાન પણ કરે સામે જ દેખાતાં ગિરિરાજ સમક્ષ!

એ પછી ૧૯૮૬માં વડોદરાનાં સુંદર એવા સમા વિસ્તારમાં બંગલો બંધાવી પોતાની સહધર્મચારીણી કંચનની બીજી ઈચ્છા પણ ઉલ્લાસપૂર્વક પૂર્ણ કરી ભાઈ શીવલાલે. જેટલો બૃહદ હતો તેઓનો સ્નેહ તેટલો જ વિશાળ બંગલો બનાવ્યો 'કલ્પતરુ'. પોતાનાં વ્યક્તિત્વને અનુરૂપ શીવલાલે જીવનમાં બહુધા માત્ર સફેદ શર્ટ-પેન્ટ ધારણ કર્યા. તેને નવા જેવા ઉજળા રાખવાનું કાર્ય ઉપાડી લીધેલું બહેન કંચનાએ. દિકરીઓવાળું ઘર તેથી તેઓને તૈયાર કરવા માટે ઘરમાં રસોયા મહારાજ કે રાતનાં વાસણ ધોવા

નવ્યગૃહ 'કલ્પતરુ'માં પ્રભુજી પધરાવી ભક્તિમાં લીન પરિવાર સંગે શીવ-કાંચન.



માટે પણ કોઈને બોલાવાય નહીં. એ બધું જાતે જ કરવાનું, પરંતુ દિવસના સમયે કામ કરવા આવતી બાઈ પાસે પણ બહેન કંચન એ શુભ્ર-ધવલ કપડાં ધોવડાવે નહીં. જાતે જ ધૂએ. તેનાં શર્ટનાં કોલર ઉલટાવીને ત્યાં રહેલ સ્હેજ શ્યામલતા જ્યારે બ્રશથી કાઢવા મથતી હોય બહેન કંચન, ત્યારે હજુ એ કરાંચીની કિશોરી જ ભાસે શીરીષને.

મુંબઈથી સૌરાષ્ટ્રમાં યાત્રાર્થે કે કોઈ અન્ય કામે જતાં પરિવારજનોને ભાઈ શીવલાલની એવી વિનંતી કે વડોદરા ઉતરી, તેઓને આતિથ્ય સત્કારનો લાભ આપીને પછી જ આગળ જવું. તે અનુકૂળ ન હોય તો છેવટે સ્ટેશને ટિફિનો પહોંચાડવાનો આગ્રહ તો રાખે જ. વર્ષો પછી યે વડોદરામાં સંઘજનો યાદ કરે કે ભાઈ શીવલાલ બે બસમાં યાત્રાર્થે લઈ ગયા હતાં પૌષધ કરેલાં તપસ્વીઓને તથા સ્નેહીજનોને પ્રાચીન યાત્રાધામ લક્ષ્મણીજી, જ્યાં દહેરાસરનાં રંગમંડપમાં પંચકલ્યાણક પૂજા ભણાવતી વેળાએ દરેક પ્રભુજીનાં અંગમાંથી અખૂટ અમી ઝરેલા તે જાણે શીવ-કાંચનનાં અનન્ય ભાવોનું જ પરિણામ હતું. પરોલી, ડભોઈ, વણછરા, કાવી, ગાંધાર, ઝઘડીયા, ખંભાત કે હોયે શેરીસા-પાનસર, ભાઈ શીવલાલ દર રવિવારે જવા તૈયાર જ હોય યાત્રાર્થે. આગલે દિવસે ફક્ત પૂછેઃ ‘કોઈને સાથે આવવું છે?’ બાકી તેઓનો નિર્ણય તો અફર જ હોય.


સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનમાંથી હવે કયા તીર્થો જવા માટે બાકી રહ્યાં છે તે જોવા તીર્થનો ઈતિહાસ ખોલીને વારંવાર બેસે ભાઈ શીવલાલ, ત્યારે ચારે બાળકો ય ટોળું વળીને તેઓની આસપાસ વીંટળાઈ જાય અને હવે પછી જવા માટેનું તીર્થ થઈ જાય તરત નક્કી. જે યાત્રાનાં સ્થળે હવે જવાનું હોય તેનાં મૂળનાયક પ્રભુજી કોણ છે તે જાણી લઇ બહેન કંચન તેનાં સ્તવનો, સ્તુતિ, ચૈત્યવંદન વગેરે મોઢે કરી લેવાનો આગ્રહ રાખે. નીલુ ને ભારતી પોતાની માતાને દર બે-ચાર દિવસે ખાખરા બનાવવામાં મદદ કરાવતા હોય ત્યારે ભાવના તો નાની, તેથી શાળાકામ કરતાં-કરતાં જૂએ કે ભારતીબહેન અડધા વણે છે, મમ્મીજી પૂરા કરે છે અને નીલુબહેન પ્લેટફોર્મ ઉપર બેસીને, પધ્ધતિસરનો કપડાંનો ગોટો સરસ રીતે પકડીને ખાખરા શેકે છે ને પાસે સ્તવનની ચોપડી ખુલ્લી પડી છે. ખાખરા કરતાં કરતાં ખબરે ય ન રહે અને ચારે ય ભાવુકો સ્તુતિ-સ્તવનો મોઢે કરી લે.

જ્યારે યાત્રાનાં સ્થળે દહેરાસરમાં પ્રભુજી સમક્ષ એ સર્વે ગાય ત્યારે ભાઈ શીવલાલને બહુ જ આશ્ચર્ય તથા નિરવધિ આનંદ થાય.

કોઈપણ તીર્થયાત્રાએ ગયા હોય, ત્યાંનાં નાનાં વેપારીને ત્યાંથી કાંઈક તો ખરીદી કરવી જ તે ભાઈ શીવલાલનો અફર સિદ્ધાંત. વેપારીઓને બહારગામથી આવેલા યાત્રાળુઓ પાસેથી મોટી અપેક્ષા હોય જ, માટે કંઈક તો ખરીદવું જ એ વણલખેલ નિયમ. પછી કોઈ ગામમાં ચા પીવા કે પેટ્રોલ પુરાવવા ઉભા રહે તો પણ આજુબાજુમાંથી કંઈક તો ખરીદ કરવાનું જ. તેથી પછી તો બહેન કંચનનાં આયોજનમાં પણ એ વાત હોય જ.

ટુવાલ-નેપકીનો, લોઢી કે પૂજાનાં રૂમાલો આવી રીતે જ ઘર માટે બહેન કંચને ખરીદયાં હોય! વળી દરેક નાનાં-મોટાં તીર્થ સ્થળોએ મુનીમજી, પૂજારીઓ અને ભોજનશાળાનાં બધાં જ કર્મશીલોને માટે કપડા-મીઠાઈ લઈ જવા ઉપરાંત શીવ-કાંચન સારામાં સારી કંઈક ભેટ આપે જ અને બાળકોને ય સમજાવે કે: ''આપણાં દરેક મહાન પ્રાચીન તીર્થો અંતે તો આ લોકો જ સાચવીને બેઠાં છે તો આપણે આ લોકોને સાચવવા જ જોઈને ને? આ રીતે તીર્થરક્ષા જ થાય છે ને તેનો લાભ અખૂટ છે. તમે સૌ પણ મોટાં થઈને તીર્થયાત્રા કરજો અને ભવસાગર તરવામાં સહાયભૂત એવી તીર્થરક્ષા પણ અવશ્ય કરજો.''





શીવલાલ એટલે પૃથ્વી પરનો એક જબરદસ્ત ફરજપરસ્ત માનવી! અને તેથી જ હવે મુંબઈમાં શરૂ થનાર નવી કંપની ‘દિપક ફર્ટીલાઈઝર્સ ઍન્ડ પેટ્રોકેમીકલ્સ’ની સ્થાપના પૂર્વે ભાઈ ચીમને ફરી વિનંતી કરી ભાઈ શીવલાલને મુંબઈ આવી હવે તેને પણ પ્રસ્થાપિત કરાવી દેવાની. પણ ક્યાં અટકવું તેનો ખ્યાલ હતો ભાઈ શીવલાલને. સંખ્યાનાં વળગણમાં તો ક્યારેય અટવાયા હતાં જ નહીં તેઓ. તેઓ માને કે હવે આ એક પ્લાન્ટ સંભાળવાનું કાર્ય જ બસ છે જેમાં અત્યારે ૭૦૦ સહકર્મચારીઓ કામ કરે છે. વીતરાગનાં ધર્મનો મર્મ તો ગળથૂથીમાં જ પામેલ. સંસાર કાર્યોમાં હૃદય રેડ્યાં વિનાં અને લોકોત્તર ધર્મારાધનામાં હૃદય રેડીને ક્રિયાઓ કરેલી. ઉંમર બદલાતી ગઈ એમ અનેક બારીઓ બંધ થતી ગયેલી, કિન્તુ ખૂલ્લી બારીઓ તરફ જ દ્રષ્ટિ રાખી શ્રાવક કુળનાં નિર્મળ વ્યવહારમાં જ યોગદાન આપેલું. તેઓનાં તદ્ગત ચિત્તને આયુષ્યનાં સમય વિધાનનું વિસ્મરણ ક્યારેય ન્હોતું થયું. ભાવની સમૃદ્ધિપૂર્વક કરેલ અનેક સત્કૃત્યો તેમનાં ભવભયને મિટાવવાનાં કારણરૂપ હતાં. વિસ્મય ને પુલક રીતે અને પ્રમોદભાવે જ શાંત ને સ્થિર રહી જીવનસરણી એવી ગોઠવેલી કે જાણે સમગ્ર જીવન જ એક અમૃતક્રિયા સમું બની રહેલ. ને તેથી તેઓએ વડોદરા ના જ છોડ્યું.

૧૯૮૬નો એ સમય હતો. પ્રથમ ત્રણે સંતાનો તો પોતાનાં જીવનસાથી સંગે ઉત્કૃષ્ટ રીતે જીવન વ્યતીત કરી રહ્યાં છે તેનો તેમને હાર્દિક સંતોષ હતો. નીલુબહેનને ચિ.આનંદ-આરસી જોડલાં રૂપે જન્મેલાં તે પછી ચિ.અદિતિ તથા ચિ.કીર્તને તેઓને નાના તથા દાદાનો ઈલ્કાબ પુન: અપાવેલ. પોતાનાં અંતિમ સંતાન ભાવના માટે ઉત્તમ પરિવાર શોધાઈ રહ્યો હતો. તેવા સમયે છેલ્લા થોડાં સમયથી શીરીષનું વજન કેમ ઉતરે છે તેની વ્યગ્રતામાં હતી બહેન કંચન. તેમાંથી બહાર લાવવા જ જાણે તેનાં ભરથારે આયોજન કર્યું આબુ જઈ થોડા દિવસો નિવાસ કરવાનું. આબુ અને તારંગા તેઓનાં પ્રિય તીર્થસ્થાનો. આબુમાં પ્રાચીન આદિશ્વરદાદા અને તારંગે શ્રી અજીતનાથજી દાદા પાસે આ પરિવાર ખીલે અને ખૂલે!

પરોપકાર ઉપરાંત તીર્થભ્રમણ, વાંચન-લેખન, વાદન, ગાયન, પ્રકૃતિસેવન, ચલન ઈત્યાદીમાંથી જીવનરસ પી ને હળવા થવાય તેમ ભાઈ શીવલાલ શીખવે સંતાનોને. અહીં આવે ત્યારે સવારનાં ચા-દૂધ-ગરમ નાસ્તો બહેન કંચન બ્લોકમાં બનાવી પૂ.મ.સા.ને વ્હોરવા પણ બોલાવે. બપોરે વામકુક્ષિ બાદ ભાઈ શીવલાલ ઘરની કડક મજાની ચા પી ને જૈન સાહિત્ય ભંડારમાં ડૂબી જાય! સાંજે ચાલવા જાય. હાથમાં નેપકીન હોય, હોઠ પરે સ્તવનની કડી હોય, પગમાં બ્લુપટ્ટીવાળા બાટા હોય, હૃદયમાં આબુનો કેફ હોય, આંખોમાં નિસર્ગ હોય, મનમાં આત્માનંદ હોય! નજર સામે શ્રી આદિનાથજી હોય અને હોય હોઠ ઉપરે આનંદઘનજીનું પ્રિય પદ 'બેર બેર નહીં આવે રે અવસર...'! કાકાસાહેબ કાલેલકરનો 'હિમાલયનો પ્રવાસ', ગોવર્ધનરામ ત્રિપાઠીનાં સરસ્વતીચંદ્ર-કુમુદ-કુસુમ, ર.વ.દેસાઈનાં રમા-કોકિલા કે શરદબાબુની 'બાલિકાબધુ' કે 'પાથેર પંચાલી'નો સાથ યાત્રાર્થે કે ફરવા જાય ત્યારે ભાઈ શીવલાલ સાથે અચૂક હોય!

આ વખતે અહીં આવ્યા પછી એકવાર દેખાયું શીરીષનાં ગળફામાં લોહી! અત્યંત ચિંતાતુર વદને પ્રશ્નોની ઝડી વરસાવી દીધી તેનાં મકુજીએ, પરંતુ 'આ તો 'પાનપરાગ'નાં કારણે લાલ થૂંક આવ્યું છે માટે નિશ્ચિંત રહો' એમ કહી વાત વાળીને-ટાળીને-વિસ્મરાવી પણ દીધી ભાઈ શીવલાલે.

પણ તેઓ મિલિટ્રી મેન તો દેખાયા ભાવનાની સગાઈ પછી જ. તેઓનું વજન ઉતરવા તો માંડ્યું જ હતુ. ખબર પડતી ન્હોતી કે કેમ ઉતરે છે? નબળાઈ લાગતી. ઊંઘ વધુ આવતી. ડાયાબિટીસ, હાઈ-બીપી બધું જ સમયસર તપાસ કરાવતાં તેમાં ય ખાસ ફેર તો હતો નહીં. એમ થયું કે ભાવનાનાં લગ્નનાં કામનાં તણાવમાં છે. લગ્ન પછી આરામ કરશે તો બધું ફરી બરાબર થઈ જશે. પણ ત્યારે ખબર ન્હોતી કે લોખંડની છાતીવાળો આ ભડવીર માણસ દીપક મેડીકલ ફાઉન્ડેશન, નંદેસરીનાં ડૉક્ટરને લઈ એકલા જ અમદાવાદ જઈ તેનું પૂરું બોડી ચેક-અપ કરાવી આવ્યા છે અને ફેફસાનાં કેન્સર માટે બૉમ્બેની ટાટા હોસ્પિટલમાં તાત્કાલિક સારવારની સલાહ અપાઈ છે. પણ તેઓએ કોઈને ય કશું કહ્યું જ નહીં. અરે... તેનાં મકુજેને ય કશું ન કહ્યું. ૭ ડિસેમ્બર,'૮૬નાં દિવસે ભાવનાનાં લગ્ન ઉપર સૌને ભાઈ શીવલાલ અતિશય નબળા લાગ્યા. મોઢું એકદમ પતલું

ને નાનું. ગાલનાં ખાડાઓ જોઈ હૃદયમાં તિરાડ પડી ગઈ. આ શું? આવા આંખ નીચેનાં કુંડાળા તો ગમે તેવા સ્ટ્રેસ વખતે ય ન્હોતા. લગ્નનાં બીજે જ દિવસે મુંબઇ તપાસ કરાવવા ગયાં. બધી જ તપાસ થઇ અને સત્ય સામે આવ્યું ત્યારે ભાઈ ચીમન તથા કાંતાભાભીનાં શયનકક્ષમાં આ સાળો-બનેવી ધ્રૂસકે-ધ્રૂસકે ભેટીને રડયાં ત્યારે જાણે પહાડો ય ઓગળવા લાગ્યા! થોડા સ્વસ્થ થઈ ભાઈ ચીમને કહ્યું: ''હવે તો બધું જ મટી શકે છે, રોજ નવી શોધ થાય છે અને આપણે તો સારવાર માટે અમેરિકા જ જઈશું અને બધું તરત મટી જશે.'' ત્યારે ભાઈ શીવલાલે કહ્યું: ''મને થયેલા આ રોગની મને તો ક્યારની ય જાણ છે. આ અમદાવાદનાં મારાં ૩-૪ મહિના પહેલાનાં રીપોર્ટ્સ છે. મારે ભાવનાનાં લગ્નનો આનંદ કોઈ માટે ય જરા ય ઓછો થાય તેવું કરવું ન્હોતું ને થવા દેવું ન્હોતું. મને તો નોટીસ મળી જ ગઈ છે. હું તો આમ પણ બે-ચાર મહિનાથી વધારે તો જીવવાનો જ નથી, તો પરિવારનો આનંદ શા માટે જરીકે ય ન્યૂન કરું?''

જીવન-સાફલ્યની આનાથી વધુ ઉત્તમ ક્ષણ અન્ય કો' કઈ હોઈ જ શકે? પૂર્વ નિશ્ચિત ગણત્રીનાં શ્વાસોશ્વાસને પ્રેમથી સ્વીકારી, આવેલી નોટીસ માટે પોતાને પરમ પૂણ્યશાળી ગણાવતો એ આત્મા નર્યા વાત્સલ્ય અને પ્રભુ શ્રદ્ધાથી ભરપૂર જ હતો. આવા આત્મનિર્માણ માટે બહેન કંચનને ઘણીવાર ઈશ્વરને ય ધન્યવાદ આપવાનું મન થઈ જતું. સાથે-સાથે એ વિચાર પણ આવતો કે ફકત બાંસઠ જ વર્ષનું આયુષ્ય કેમ તેઓ પામ્યાં હશે? મારી આભ્યંતર પીડાનું શું? બહેન નીલુએ પણ જાણે હવે પોતાનો સંસાર ભૂલીને મુંબઈ-મામાનાં ઘરે જ રહેવા માડયું. એ પછી થોડા વખતે જ અમેરિકા જવાનું નકકી થયું એટલે વડોદરા ને રાજકોટથી સંતાનો મળવા માટે પેડર રોડ, મામાનાં ઘરે આવ્યા ને જોયું કે તેઓની આંખોની ચમકમાં કયાંયે ફેર નથી. જાણે થનાર નવસર્જનની ચમક તેમાં ઉમેરાઈ છે! કૃશ શરીર થયેલું. મનોબળ હજુ અતિ મજબૂત પણ સંતાનોને જોઈને ક્ષણેક આંખ ભીની અવશ્ય થઈ. બાળકોએ પૃચ્છા કરી કે કયાંય વેદના થાય છે? તો સ્હેજ ઊંડા ઉતરી ગયેલા અવાજમાં જવાબ આપતા કહે કે: ''નજીકમાં જ આવી રહેલાં તમારા હિંમતકાકા-ઈન્દુકાકીની સૌથી નાની દિકરી હેમંતીનાં લગ્નમાં નહીં જવાય તેની હૃદયમાં ઊંડી વેદના છે. પરંતુ મારી એ વ્હાલી દિકરીને હું આશીષ અહીંથી જ આપીશ.''

કેમોથેરાપી થઈ ગઈ હતી. હવે સારવારની લાઇન નક્કી કરવા જ અમેરીકા જવાનું હતું. ક્યારે પાછા અવાશે તે પણ નક્કી ન હતું. ચારે ય સંતાનોએ ઘણાં સ્તવનો સંભળાવ્યા. સાથે નવસ્મરણ, શત્રુંજય લઘુકલ્પ તથા પંચસૂત્ર આદિ સંભળાવ્યા. તેમને ખૂબ જ શાતા લાગતી હતી એ જોઈ પૂછ્યું: પપ્પા, શું ઇચ્છા હવે થાય છે અંદરથી? કોઇ તીવ્ર અભિપ્સા? તો કહે: ''એક જ. જો અહીંથી ઘરે વડોદરા પાછો જઇશ તો ફેક્ટરીનાં કાર્યાલયે તો નહીં જ જાઉં. થોડા સમય પછી પાલીતાણા એક ઘર લઈને ત્યાં એક પંડિત રાખીશું... અને ખૂબ શાસ્ત્રાભ્યાસ કરી અરિહંતના ચરણોમાં ત્યાં જ દેહ ત્યાગવાની એક માત્ર છેલ્લી ઈચ્છા છે. મારાં દરેક કાર્ય મેં આગવી રીતે સંતોષથી પૂર્ણ કરી જ લીધાં છે. બધી ફરજ પૂરી કરી છે, હવે કર્મ ખપાવી મોક્ષે જવાનાં કલ્યાણકારી માર્ગે જ્ઞાનયોગ અને ભક્તિયોગ સાધવો છે.''

કેટલી સમતા, સંતોષ ને શ્રદ્ધા! મનુષ્યભવનું સાર્થક થવું એટલે શું આ જ નહીં? જૈન શાસ્ત્રોનું પરિશીલન અને અનુશીલન તે આ વિચારધારાનું જ નામ ને? ઈચ્છારહિતતા અને આત્મબળથી છલોછલ, અંતરથી આર્દ્ર, અરિહંત આરાધક આત્મા જ દેહથી દુર્બળ થયો હોવા છતાં આમ નિઃસ્પૃહ અને અધ્યાત્મમૂર્તિ બની આમ વિચારી શકે ને?

સારવાર માટે અમેરીકા જવાનું નિર્ણીત થયું ત્યારે ભાઈ ચીમનની સાથે તેઓનાં ફેમીલી ડૉક્ટર શ્રી મનોજભાઈ પણ જોડાયા. ત્યાં પહોંચ્યા પછી રોગની પરિસ્થિતીનો પૂર્ણ ક્યાસ કાઢી ત્યાનાં ડૉક્ટરોએ કહ્યું કે મુંબઈમાં જે સારવાર ચાલે છે તે જ બરાબર છે. માટે તેઓ સૌ અઠવાડીયામાં જ પરત ફર્યા. પોતાનાં વ્હાલસોયાં પતિ, જેની દિન-રાતની ચાકરી પોતે ઘણાં વખતથી માતા બનીને કરતી હતી, તેની વધતી જતી માંદગીમાં બહેન કંચનને પળવારે ય નિષેધાત્મક વિચાર આવેલો નહીં. રોજ એમ જ વિચારે કે દવા, અમારી કાળજી અને પોતાનાં આત્મિક બળથી જરૂર ઉભા થઈ જશે મારા શીરીષ! અને ભાઈ ચીમન સંગેનાં મારા કેટલાં બધાં રૂડાં ઋણાનુબંધ હશે કે મારી અંતિમ ચાકરી પણ તેઓનાં જ ઘરે સર્વોત્તમ રીતે થઈ રહી છે તેમ વિચારતા ભાઈ શીવલાલ જીવનની સર્વ પ્રવૃત્તિઓમાંથી પછી તો નિવૃત્તિ લેતાં ચાલ્યા. પ્રભુ આસક્તિ દિન-બ-દિન વધતી ચાલી.

બધાં સ્નેહીઓ, મિત્રો અને મીલ કામદારોને મળવા ભાઈ શીવલાલ એકવાર મુંબઈથી ખાસ વડોદરા આવ્યા. સૌને અતિ આનંદથી, સ્નેહપૂર્વક મળતા જાય. બહેન કંચન સૌને દૂધ કોલ્ડ્રીંક પીવડાવે, નાસ્તો આપે અને સાથે વીતાવેલાં સમયના કોઈ પ્રસંગને યાદ કરી એ સમયને સજીવન કરે. ભાઈ શીવલાલ અંતે સૌને અંતઃકરણપૂર્વક ક્ષમાપના આપે અને માંગે. એ ચાર દિવસમાં તો તેમણે આત્માને સા...વ હળવોફૂલ કરી નાંખવાનું જ અતિ કઠીન અને દુર્લભ કાર્ય કરી નાંખ્યું. સૌ જોઈ શક્યાં કે આજે ય હજુ છે તેમનું હિમાલય જેવડું આત્મબળ. જીજીવિષા જરા પણ નહીં. સંતાનોમાં ય ખાસ હવે જીવ નહીં. સાથે હોય ત્યારે ય સ્તવન કે સ્તોત્ર સંભળાવવાનું જ કહે.

અતિશય નબળાઈ હોવા છતાં વડોદરામાં બધાને કહે ભાઈ શીવલાલ કેઃ ''મુંબઈમાં ચીમનભાઈ અને કાંતાબેનનું તો મૂલ્ય જ ન થાય. જીવનભરનાં અગણ્ય ઉપકાર છે તેઓનાં મારી ઉપર. મારી ટ્રીટમેન્ટ માટે ખડેપગે ઉભા રહેવું, ઘરમાં જ હોસ્પિટલ ખડી કરી દેવી, સમયે સમયે મને અનુકૂળ ખાન-પાન તૈયાર કરી પરાણે ને પ્રેમથી જમાડવાનો, રોજનાં ખબર પૂછવા આવનાર પરિવારજનોને આવકારી સત્કારવા, બધાને રોજેરોજ તબિયતનાં ખબર આપવા... કોઈ સાચ્ચા હૃદયથી ક્યારે આટલું કરી શકે? કેવા ઋણાનુબંધ હશે અમારા સાળા-બનેવી અને સાળાવેલીનાં? હું આમાંથી ક્યારે ઉઋણ થઈશ?''

વડોદરાથી સારવાર અર્થે ફરી લઈ જવાયા તેઓને મુંબઈ. તબીબોની ઈચ્છા હતી કે તેમની શાતા અર્થે થોડી વધુ લાઈટો અપાવી દેવી અને તેથી જ તેમનાં માથાનાં વાળ ઉતરાવી લેવાયા. તેઓને થયું આ તો દેવગુરુની કૃપાથી પ્રવજ્યા લેતા પૂર્વેની જ સ્થિતિ આવી ગઈ અને જાણે લોચ કરાવાયો હોય તેટલો હર્ષ અનુભવાયો. બીજે જ દિવસે રાજકોટથી વેવાઈ દંપતિ તેમની ખબર કાઢવા ખાસ મુંબઈ આવ્યા. તેઓને મળીને થોડીવારે કહ્યું ભાઈ શીવલાલેઃ ''મને ભક્તામર પૂજન કરાવવાનું મન છે. અહીં કાલે સવારે ફરીથી આવી શકો?'' રવિવાર, ૧ માર્ચ, ૧૯૮૭નાં દિને ભાઈ ચીમનને જ ઘરે પૂજ્ય શશીકાંતભાઈ તથા અનુપમાબહેને તેઓને સહર્ષ આરાધના કરાવી. આદિનાથ રત ને ગિરિરાજ લીન આત્માને જાણે

સ્થળ-કાળની મર્યાદા ભૂંસી, સાક્ષાત ગિરિરાજમાં હોય અને પ્રભુજીનું પૂજન કરતાં હોય તેવી ઝાંખી થઈ. ભાઈ શીવલાલની અંતિમ ઈચ્છા પણ આજે જાણે પૂર્ણ થઈ. અતિશય નબળાઈ છતાં દરેક ગાથા તેમણે સાથે જ ગાઈ અક્ષરશઃ શુદ્ધિપૂર્વકનાં ઉચ્ચારણ સહ. આત્મવિકાસને જ હવે અગ્રિમતા આપનાર આ ઉચ્ચાત્માને હવે આનાથી વધુ બીજી કોઈ સારવાર લેવી જ ન હતી.

થોડા સમયથી હૃદય તથા ફેફસાં નબળાં પડતાં જતાં હતાં. શ્વાસમાં મુશ્કેલી થતી હોવાથી ઓકિસજન પાસે જ રખાય. ૩ માર્ચ, ૧૯૮૭ના દિને પ્રફૂલકુમારે રાજકોટ ફોન કર્યો સવારે ૮.૦૦ વાગ્યેઃ 'ભારતી, અત્યારે નીકળીને તમે આવી જ જાવ. પપ્પાને અકુશળતા વધી છે.' તરત ૯.૨૦ વાગ્યાની ફ્લાઈટમાં ભારતી ને દિપક નીકળી ગયાં. પીયૂષ તો વડોદરાથી સવારે જ પહોંચી ગયેલો. ''આવી ગયો ભાઈ?'' કહેતાં ભાઈ શીવલાલ તો સવારથી જ ઉચ્ચ ને શુભ ચિંતવન શ્રેણીમાં હતાં. કાંતાબહેન દહેરાસરથી ખાસ સાથે લઈ આવેલા મહારાજ સાહેબને. તેમને પણ પોતાનાં સ્વહસ્તે ભાઈ શીવલાલે છેલ્લું વહોરાવી દીધું. સુપાત્રદાનની ચમક તેઓની આંખોમાં અંજાયેલી જોવાઈ! સ્વસ્થતાપૂર્વક માંગલિક પણ શ્રવણ કર્યું. શુકલપક્ષની આજની સુભગ સવારે કાંતાબહેન પ્રભુજીનું જે પ્રક્ષાલજળ લાવેલાં તેનાથી દેહને પવિત્ર કરી લીધો. બહેન નીલુને ત્યારે મનમાં ગુંજી બે પંક્તિઓઃ


'પાર્શ્વ શંખેશ્વરા, સાર કર સેવકાં, દેવ કાં એવડી વાર લાગે...?'

ભાઈ શીવલાલે ઑફિસે જવા માટે તૈયાર થઈ ગયેલા ભાઈ ચીમનને મિટિંગમાં જવાની ના પાડતાં તેઓ તરત જ તેમનો સુટ બદલી નવસ્મરણ તથા પંચસૂત્ર સંભળાવવા આવી ગયાં. ભાઈ શીવલાલે એ સુણતાં-સુણતાં બધું જ જાણે વોસિરાવી દીધું. આયુષ્યકર્મનાં નિમિત્તથી મળેલ દેહની સ્થિતિપૂર્ણ થયે તે કર્મનાં પુદ્‌ગલો નાશ પામશે તેમ વિચારી નવજન્મ પૂર્વે ૮૪ લાખ જીવાયોનિને ક્ષમાપના કરી. અરિહંતો, સિદ્ધો, સાધુ અને કેવલી ભગવંત કથિત ધર્મનાં મંગલ શરણા સ્વીકાર્યા. ભાઈ ચીમનની સાથે જ મોટેથી 'વોસિરાવું છું.' 'ખમાવું છું.' 'દુષ્કૃત્યોની ગર્હા ને સુકૃત્યોની અનુમોદના કરું છું.' વગેરે પૂર્ણ શુદ્ધિમાં, અત્યંત ભાવભીના સ્વરે કરીને મહાકર્મક્ષયનું કારણ અપનાવ્યું. સર્વ પરિગ્રહ, મોહ વિસારી વિશુદ્ધ બન્યા

અને દેખીતી શુદ્ધિ સરી પડી ત્યારે ખુરશી ઉપર બેઠાં બેઠાં બહેન કંચનની છાતી ઉપર જ માથું ઢાળી બેશુદ્ધ બન્યાં. શ્વાસની તકલીફ થોડી ક્ષણો રહેવાથી ઑક્સિજન ઉપર મૂકવા ડૉક્ટર બોલાવાયાં. પરંતુ તેઓ આવે તે પહેલાં જ સવારે ૯.૫૦ મિનિટે, ફાગણ શુક્લ ચતુર્થીનાં મંગળવારનાં ચડતાં પહોરે ભાઈ શીવલાલે આ જન્મ-મરણરૂપ મહાદુ:ખોનાં નાશ કરનારા શ્રી જિનેશ્વર દેવોનાં શરણે સ્વચૈતન્યને સોંપી દીધું. કોઈએ સમાધિ મૃત્યુ તો કોઈએ પંડિત મરણ કહ્યું. સંતાનોએ આવા મહાન પિતા સમીપ પ્રાર્થના કરી કે અમને પણ તમારી જેમ જ જ્ઞાન અને પરોપકારનું વ્યસન થાય, અરિહંતો પ્રત્યે લગની લાગે અને સિદ્ધોમાં સમાધિ લાગી જાય. વિદાય પૂર્વે આવા અંતિમ આશીર્વાદ તેમનાં નિશ્ચેતન દેહ પાસે માંગ્યા ત્યારે લાગ્યું, હમણાં જ ઉભા થઈ જાણે બોલશે: 'તથાસ્તુ!'

ભાઈ ચીમનનાં ઘરેથી તેમનાં પાર્થિવ શરીરની અંતિમ વિદાય વખતે માર્ચ મહીનામાં ય વર્ષા થઈ અને બાજુની શાળાનાં બાળકો અનાયાસે એ જ સમયે ગાતા સંભળાયાં: 'જન ગણ મન...' જાણે એક સાચા અધિનાયક અને મિલીટ્રી મેનને અપાતી કુદરતની એ છેલ્લી સલામી રૂપ ન હોય!

न जायते म्रियते वा कदाचिन् । नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो । न हन्यते हन्यमाने शरीरे ॥



NSM - 33/66)

# MES FORUM

THE ORGAN OF
THE M.E.S. EMPLOYEES' UNION, BOMBAY.
(Registered & Recognised)

IT IS YOUR DUTY AND MORAL OBLIGATION TO BECOME THE MEMBER OF THE UNION

FORUM SECRETARY
Shri. P. L. MORE

Vol. 25 No. 9 | 27 May 1987 | year 25

OBSERVE THIRD MONTHLY MOURNING DAY.

TRAYA MASIK SHRADH DIN OF

## LATE SHRI SHIVLAL D. SHAH.

All Branches are directed to pay homage on wednesday the 3rd June 1987 at 5-30 P. M. by garlanding his photo, kept at conspicuous place in the meeting, with "agarbatti candles burning" for narrating his valuable services to our Union refer to Forum issue of April 1965 and March 1987. His social and philanthropic works are narrated below.



Date of Birth
15-4-1925

Date of Demise
3-3-1987

## His Social Works

He was sick for last three months and was diagnosed lung cancer in the month of December 1986. He was taken to Bombay for treatment. He was taking treatment at Jaslok Hospital, Bombay.

But he was never admitted in the hospital. He was staying in Pedder Road, Bombay. The treatment lasted for three minutes per day and he used to visit the office regularly. For further checking, he was then taken to U. S. A. where he was also diagnosed for cancer spread in the brain. The Doctor was very hopeful that he was recovering fast from the treatment. He was brought from U. S. A. after one week. He died on Tuesday, the 3rd March 1987 at the residence of Shri C. K. Mehta, Pedder Road, Bombay in the morning hours at 9-30 a. m. due to massive cardiac arrest. This was his first attack. His funeral took place at Bombay on the same day evening.

With regard to his family, he survived by his wife Smt. Kanchanben, one son and three daughters. All the four are married. He had constructed his own house 'Kalpataru' on [illegible], Baroda-3 in the last year.

After leaving MES, he joined Deepak Trading Company, Bombay and thereafter M/s. Deepak Nitrite Limited since 1971 till he died. He served as Secretary and Adm. Manager and since last two years, he was promoted as Secretary & Corporate Adviser in the Company.

He was associated with various trade and industries associations and was the President of Nandesari Industries Association for many years. He was also a member of Advisory Board of a number of Govt. institutions. He was also the President of various social, religious institutions.

[Contd. on page No. 3]

પોતાનાં સમસ્ત પરિવારજનોને શત્રુંજય તીર્થાધિપતિની સમુહ યાત્રા કરાવી પિતાજીને અંતિમ અંજલી આપવા રૂપ સ્તુત્ય કાર્ય કરી ભાઈ પીયૂષનો પરિવાર હજુ હમણાં જ 'કલ્પતરુ'માં પરત ફરેલો. 'પોતાનાં શીરીષ વિના કેમ જીવવું તે શીખવાનું જ રહી ગયું...' તેવા વિચારમાં વિરહરત બહેન કંચન ક્યારેક એકલતાની ફરીયાદ કરે તેમનાં પિયુની તસ્વીર સમક્ષ, કિન્તુ બીજી ઘડીએ પોતાને સંભાળી પણ લે. દિકરીઓનાં ઘરે ક્યારેક જ રહેવા જતાં બહેન કંચનને પોતાનાં બનેવીનાં દેહાંત પશ્ચાત્ ભાઈ ચીમન કોઈ ને કોઈ બહાને પોતાનાં ઘરે મુંબઈ બોલાવીને દીર્ઘકાળ રાખે ત્યારે કાંતાભાભી સાથે નણંદ કંચનનાં સખીપણાં વધુ મજબૂત થતાં અનુભવાય. બંને સાથે ધર્મક્રિયા પણ કરે અને 'બાલિકા વધુ' સીરીયલ પણ જૂએ.

વર્ષો પૂર્વે અમેરીકા ગયેલ ભાઈ ચીમને ત્યાં એક બૉક્સ-ગેમ જોયેલી: રમીક્યૂબ. તે રમવાથી મગજ સતેજ રહે તેમ જાણ્યું એટલે એકલાં પણ રમી શકાય તેવી એ રમતનાં બે બૉક્સ લઈ આવ્યા. એક પોતે રાખ્યું અને બીજું આપ્યું પોતાની મોટી બહેન કંચનને. વડોદરામાં જ્યારે તે એકલાં પણ રમતાં હોય ત્યારે સામે રહેલ કાલ્પનિક ભાગીદારનું નામ રાખે: કાંતાભાભી. રમતમાં જરાયે અંચી ન થાય. ફેક્ટરીએથી સાંજે ઘરે આવી સૌ પ્રથમ પોતાનાં મમ્મીનાં રૂમમાં જઈ દિકરો પીયૂષ પૂછે: 'આજે કોણ જીત્યું?' તો તરત જવાબ મળે અત્યંત ખુશીભેર: 'આજે તો મારાં કાંતાભાભી જીતી ગયાં.'

બહેન કંચનનાં પલંગ સમીપ વાંચનક્ષમ્ય પુસ્તકો-સામાયિકોનો મોટો રાશિ પડેલો જ દેખાય! અડધી રાતે ય જો તેઓની ઊંઘ ઉડે તો સદા ય વાંચતા જ હોય! તેઓ પ્રાર્થે કે: 'હે પ્રભો! મને જાપ કરતી, વાંચતી અને હરતી-ફરતી જ ઉપાડી લેજે. કોઈની ય સેવા હવે વધુ ન લેવી પડે તેવી કૃપા કરજો દયાનિધિ!' મુંબઈ રહેવા જાય ત્યારે જો મલાડનાં ઘરે ન જઈ શકે તો ભાઈ ચંપકલાલ અને નાના દેરાણીઓ મંજુલા તથા પ્રેમિલા

તેઓનાં માનનીય કંચનભાભીને મળવા 'કેજરીવાલ હાઉસ' કાંતાભાભીનાં ઘરે આવી જાય. સૌ આનંદથી પૂર્વજીવન અને અત્યારની જીવનસરણીમાં આવેલા ફેરફારોની વાત માંડે ત્યારે હળવેકથી સરકી જાય કાંતાભાભી રસોડામાં મિઠાઈ-ફરસાણ બનાવવાની સૂચના આપવા અને પરત ફરે ત્યારે સંતરાનાં રસ ભરેલા ગ્લાસ સાથે હોય. સ્નેહનાં સમીકરણોમાં અહીં ફક્ત સરવાળા અને ગુણાકારને જ સ્થાન મળતું દેખાય. કાંતાભાભીની સાથે-સાથે આટલી મોટાઈમાં યે સદા નમ્ર બની રહેલી તેઓની ત્રણે ગરવી વહુઓ ઈલા, કવિતા તથા પારૂલનાં સદ્‌ગુણોથી પણ બહેન કંચન ઘણાં જ પ્રભાવિત. હૈયાને ટાઢક વળે તેવું દરેકનું વર્તન. પોતાનાં ગુણવંતા ભાઈનાં પરિવારનો પ્રબૃદ્ધ વિસ્તાર જોઈ થાયે સંતોષિત. એવું જ મોટા ભાઈ રમણભાઈની સંસ્કારી પુત્રવધુઓ હર્ષિદા અને પલ્લવીને જોઈને ય થાય બહેન કંચનને.

વર્ષો પૂર્વે અમેરીકા ગયેલ ભાઈ ચીમન લાવ્યા એક મજાની રમત નામે 'રમીક્યૂબ'.





જો કે ૧૯૮૬ થી ૧૯૯૮નાં ૧૨ વર્ષમાં પોતાનાં શ્વસુર પરિવારનાં ચાર ભાઈઓ, બે દીક્ષિત બહેનો અને હરકોરબા એમ સાત જણાં ચાલ્યા ગયાં તેનો અત્યંત વસવસો હતો બહેન કંચનને. પ્રિયજનોનાં આહ્લાદક્ સાંન્નિધ્યથી શોભતો પરિવાર આજે જાણે નાનો થતો જતો હતો. જો કે પરિવારને તો બહેન કંચનનું એક વડિલ તરીકે હોવું મોંઘી મિરાત સમું હતું. હરકોરબહેનની નવી પેઢીનાં નવા લોહીને પણ રસઐક્યથી પરસ્પરતામાં ઓળઘોળ થતાં જોવું તે બહેન કંચનને ઓવારણા લેવા જેવો અવસર લાગે. આ ઘરની પુત્રવધુઓ ચંદ્રિકા, જયશ્રી, દર્શના, હેમા, છાયા, બીના, પારૂલ, કાજલ વગેરેને જોઈને હરકોરબા પરિવાર મધ્યે પણ બહેન કંચનને ઘણો જ પરિતોષ થાયે.

ઈ.સ.૧૯૯૦માં ઉજાગર થયા જાણે પોતાનાં સુભાગ્ય કે રાજકોટ સ્થિત પોતાનાં વેવાણ-સખી અનુપમાબહેન, વેવાઈ શશીકાંતભાઈ તથા અન્ય ૧૪ ભાવુક યાત્રાર્થીઓ સંગે બહેન કંચન જવા પામ્યાં હિમાલય ઉત્તરાખંડનાં શ્રી બદરીનાથ, હરિદ્વાર, ઋષિકેશ આદિ અનેક પાવન તીર્થધામોએ. બહેન કંચન અત્યંત ભાગ્યશાળી માને પોતાને કે તેઓ વેવાઈ દંપતિ ઉપરાંત અમદાવાદથી જોડાયેલ દિપકભાઈ બારડોલીવાળા, શ્રી ચંદ્રકાંતભાઈ-પદ્માબેન-ગીતાબેન, મુંબઈથી શ્રી હિંમતમલજી બેડાવાળા, પ્રાણલાલભાઈ-કંચનબહેન, રાજકોટથી ડૉક્ટર કુસુમબહેન શેઠ વગેરેને પોતાની નિત્ય આરાધના કરતાં જોઈ શકયા. શ્રી સિદ્ધચક્રજીનું પૂજન તેઓ બધાએ ક્યારેક ચાલુ ટ્રેનમાં પણ કર્યું અને પ્રતિક્રમણ ક્યારેક કર્યું સર્વે સંગે કોઈ સ્ટેશનનાં પ્લેટફોર્મ ઉપર પણ! એથી પોતાની ધર્મદ્રઢતામાં અનેકગણી વૃદ્ધિ થઈ હોય તેવું બહેન કંચને અવશ્ય અનુભવ્યું. અહીં સ્મૃતિવંત થઈ તેનાં શીરીષની એક ઈચ્છા: હિમાલયમાં જઈને ક્યારેક વસવાની. તેથી જ ઘણીવાર પોતાની આજુબાજુમાં તેમની હાજરી પણ વરતાઈ. આજે તમારા વતી આ અડગ હિમાલયને ખોળે પાવન તીર્થોની યાત્રા કરી રહી છું તેમ મનમાં સતત સંવાદ અને સંવેદનો ચાલ્યા બહેન કંચનનાં મનોગત વિશ્વમાં આ પંદર દિવસોમાં.

કલકત્તાથી મુંબઈ સ્થાયી થયેલ ભાઈ ધીરુભાઈ કપાસી તથા સરોજભાભી તેઓનાં સંતાનો જાગૃતિ અને કેતન સાથે જ્યારે વડોદરામાં ઈ.સ.૧૯૯૩ પછી અવારનવાર આવે ત્યારે બહેન કંચન થાયે આનંદિત. વળી પોતાનાં

મનુકાકાનાં દિકરા શ્રી રમેશભાઈ તથા ઉષાભાભી જ્યારથી વડોદરામાં વસતાં થયા ત્યારથી તેનાં હરખની સીમા નહીં. અમરેલીનાં દુષ્કાળ કે વાવાઝોડા વખતે 'દિપક ફાઉન્ડેશન' તરફથી જે જબરદસ્ત સેવાકાર્ય ઉપાડાયેલું તેમાં ભાઈ શીવલાલની સાથે ખભેખભા મિલાવી કામ કરનાર હતાં શ્રી રમેશભાઈ જ. કુદરતે છીનવી લીધેલ હજારો ઘેંટા-બકરા-ગાય-ભેંસ આદિ અબોલ જીવો ખરીદીને જ્યારે પાછા અપાવેલા આ ફાઉન્ડેશને ત્યારે ભરવાડો ને ખેડૂતોની આંખોની ભીનાશનાં આશીષ પામ્યાં ચીમનભાઈ ને કાંતાબહેન.

દિનાંક ૧૨ જૂન, ૨૦૦૬નાં પોતાનાં 'દાદી' અને 'મોટાં મમ્મી'ની નિશ્રામાં ચારે ય ભાંડરડાનાં સંતાનોએ ગોઠવ્યું વડોદરામાં એક 'પરિવાર મિલન'. બહેન ભાવના-પિનાકીનભાઈનાં ૧૭-૧૮ વર્ષનાં સંતાનો ચિ.રચિત તથા ચિ.રાહિલ આજે વધુ મોજમાં હતાં, કારણકે એ મિલન સ્થળ હતું તેઓનું નંદનવન ઘર. આઠે ય બાળકોએ મળીને એક સુંદર સ્ક્રેપબુક તૈયાર કરી જેમાં દાદી-નાનીની અનેક તસ્વીરો સાથે પોતાનાં સંસ્મરણો પણ લખ્યા.

સૌથી મોટા દોહિત્ર આનંદે તેમાં લખ્યું: 'બળબળતાં તડકામાં વટવૃક્ષનો અસીમ છાંયડો એટલે મોટાં મમ્મી. મોટી વયે પણ હૃદય-ઊંડાણમાં જીવતું એક બાળક એટલે મોટાં મમ્મી.' તો પૌત્રી પૂજાએ આલેખ્યું: 'દાદીને જોઈને મને ટાઈમ મેનેજમેન્ટ અને પરફેક્ટ્લી કામ કરવાનું યાદ આવે. મને દાદીની પર્પલ સાડી પહેરવાની સ્ટાઈલ ખૂબ જ ગમે છે. દાદી મુંબઈથી આવે ત્યારે હું વેલકમ કાર્ડ તો આપું જ, આ મારા દાદી જેવા 'ઉત્સાહ'નું પરિણામ છે.' તો વળી પોતાનાં વ્હાલાં નાની માટે દોહિત્ર રચિતે તેમાં સ્ક્રીબલ કર્યું કે: 'તમે જે રીતે દરેક વ્યક્તિને ઈક્વલ ગણો છો તેમાંથી હું પ્રેરણા લઊં છું. તમારી વાર્તા કહેવાની રસપ્રદ છટા મને જકડી રાખે છે. તમને નાનાજીની ડિસિપ્લીનની વાતો ઉપર ખૂબ જ ગર્વ છે એ મેં જોયું છે. તમે લાકડી લઈને ચાલવાની આ સ્ટાઈલ ચાલુ રાખજો.' તો લિપિએ તેની મળેલી જગ્યામાં લખ્યું કે: 'મોટાં મમ્મી, મને યાદ છે કે તમે મારા ઘરે રાજકોટ આવીને મને પત્તા રમતાં શીખવ્યું. તેથી તમને હું મારા નાની કે મેન્ટોર ઉપરાંત ફ્રેન્ડ પણ ગણું છું. તમે હંમેશા હસતાં રહો છો તેથી જ જુવાન લાગો છો.' અને રાહિલબાબુએ તો વળી લખીને કહી જ દીધું કે: 'સી.કે.મામા કે તેનો ફોન પણ આવે ત્યારે તમારામાં

જે રીતે સ્ફૂર્તિનું વાવાઝોડું ફરી વળે તે અવિસ્મરણીય ઘટનાનાં સાક્ષી થવું મને ખૂબ ગમે છે. જમવામાં રોટલી તો તમારા હાથની જ. વળી તમારા હાથની લીસ્સી ચામડી અડી-અડીને તમને ખૂબ હેરાન કર્યા છે તો યે તમે હસતાં જ રહ્યાં છો.' તો રાજકોટની અદિતિ લખે છે તેમાં: 'મોટાં મમ્મી એટલે નિ:સ્વાર્થ પ્રેમ. અસીમ પ્રેમ. તમે અમારી સાથે કેરમ ને પત્તા રમ્યાં અને એકની એક વાર્તા દસ વાર પણ કરી. તમે યાદ આવો ત્યારે સાથે જ યાદ આવે ઉનાળામાં ગળા ઉપર વીંટાયેલો તમારો ભીનો ટુવાલ અને શિયાળા પહેલાંથી જ ઓઢાવા માંડેલી ગરમ શાલ! લવ યુ મોટા મમ્મી.' વળી તેણે એ સ્ક્રેપ બુકનાં છેલ્લા પાને આલેખ્યું કે:

'કલ્પરવ પ્રસ્તુત કરે છે પૂજ્ય મોટા મમ્મી માટે એક ગીત:

મોટા મમ્મી તો તેને રે કહીએ જે સહુને વહાલથી રાખે રે...
પરદુ:ખે ઉપકાર કરે તો યે, મન અભિમાન ન આણે રે.
બધા બાળકો તેને રે વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્છલ રાખે, તે મોટાં મમ્મી અમારા રે...
ભણે ભણાવે ને વંચાવે, ભણતરની કિંમત સમજે રે,
નીતિ-ગુણ-સંસ્કારથી રાખે, સંસારમાં નામ કાઢ્યું રે.
વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે,
વિશ્વાનંદ-આરસી-અદિતિ-લિપિ, કીર્તન-પૂજા-રાહિલ-રચિત થકી,
ગુણ એકોત્તેર તાર્યા રે! મોટા મમ્મી તો તેને રે કહીએ...

પણ વડોદરામાં એ જ દિવસે મોટા મનસુખભાઈનાં પુત્ર ધનંજયનું સરનામું ખોવાઈ ગયું. કમળામાંથી કમળી થઈ અને ઘડીભરમાં તો કસમયે આવી ગયા યમદેવતા શ્રી નંદિશ્વર દ્વીપ લઈ જવા. ૪૩ જ વર્ષનાં સૌથી નાનાં પુત્રની જીવનલીલા સંકેલાઈ જતાં સૌનાં જીવનદિપક ઝંખવાયા. સ્મૃતિવંત થયું કે તેનાં ૧૨-૫-'૬૩નાં શુભલગ્ને જન્મ્યાં પછીનાં ત્રીજા જ દિવસે નાનાં જયાબહેનની દીક્ષા થઈ હતી સાવરકુંડલામાં.

તેનાં આત્મબીજને એટલાં સંસ્કારવારિ સીંચાયેલા કે ધનંજય જરૂર ઉચ્ચગતિ પ્રતિ જ પ્રયાણ કરી ગયો હશે તેમ વિચારી સૌ વડિલોએ મન મનાવ્યું.

શીરીષ વિનાં જીવ્યા પૂરાં ૨૦ વર્ષ બહેન કંચન ખૂબ સ્વસ્થતા એવં સમતાપૂર્વક. પરંતુ સન્ ૨૦૦૭નાં અંતનાં છેલ્લાં થોડાં દિવસોથી બહેન કંચનને લાગતું હતું કે જીભ ઉપર એક જે ચાંદુ પડયું છે તે મટતું નથી. ઘરગથ્થુ ઉપચારથી ફેર ન પડતાં તેમણે જેવી ઘરમાં વાત કરી કે તરત જ ડૉકટરને બતાવાયું. શંકા જતાં બાયોપ્સી થઈ, જેનું પરિણામ પોઝીટીવ આવ્યું. પાંચે ય સંતાનોને તો 'જીભનું કેન્સર' નામ સાંભળીને જ અરેરાટી થઈ ગઈ! પ્રભો! હજુ કેટલું આ પાવન જીવને સહન કરવાનું બાકી રહ્યું છે? પણ કંચન જેનું નામ! આત્મબળની અડિખમ દિવાલો તેનું રક્ષણ કરતી જ હતી.

ભાઈ ચીમન અને કાંતાભાભીની સતત હાજરીમાં વડોદરામાં જ દિનાંક ૨૯ જાન્યુઆરી, ૨૦૦૮નાં દિને સર્જરી થઈ. ૩૩% જેટલી જીભ કાપી નાંખવી પડી હોવાથી અનેક જાતની તકલીફો શરૂ-શરૂમાં થઈ, પણ બોખું મોં અને નાનકડી જીભ સાથે જાણે તેમની તો નમણાશ ઑર વધી! પીયૂષ-જયશ્રી સંગાથે સંતાનો કીર્તન તથા પૂજાએ પણ સેવાયજ્ઞ આરંભ્યો અને થોડાં જ મહિનામાં ફરીથી તેમને હરતાં-ફરતાં કરી દીધાં. ખોરાકમાં મરચું તો ઘણાં વર્ષોથી બંધ હતું જ, કિન્તુ હવે તો બધું જ ગળેલું, ગાળેલું કે ક્રશ કરેલું જ આપવું પડે. બહેન કંચનની આવા સમયે પણ એક જ વાત હોય: મારાં કર્મોદય સાથે પૂણ્યોદય પણ જબરદસ્ત ઉદયમાં છે કે મારો પરિવાર મને કોઈ વાતની કમી રહેવા દેતો નથી. પોતાનાં જ અંગો પોતાનાં કહ્યામાં રહ્યાં નથી તેવું લાગે ત્યારે યાદ આવે શીરીષનાં એ શબ્દો:

'જીવનનાં આરોહ-અવરોહે રહેવું સદા સચ્ચિદાનંદમાં,
સ્વયં નિરાકુલ બની ખીલવતાં રહેવી ચારુતા.'

...ને ખળખળ વહેવા મંડે ફરીથી તેની પ્રસન્ન સુચિતાભરી સુંદર જીવનસરિતા. ૪૦ વર્ષોનાં સહજીવનની એ સાર્થક યાત્રા થકી જ તેઓનું જીવનપરોઢ આજ સુધી કયારેય વિલાયું નથી. સૌ તેનાં માધુર્યનો ભાવાત્મક વૈભવ પુનરપિપુનઃ માણી શકે છે. 'નાનપણથી અગણ્ય બિમારીઓ આવી, અનેક સ્વજનોની કાયમી વિદાયનાં ઘા પણ હળવાશથી સહ્યાં અને છતાં ય તમે કઈ રીતે ભગવાનનું નામ લેતાં અને સૌને પ્રેમ વહેંચતા

સમતાથી જીવન આગળ ધપાવી શકો છો?' એવા પ્રશ્નનાં ઉત્તરમાં મરક-મરક હસતાં બહેન કંચન કહે છેઃ 'પ્રભુવીરનું સર્વોત્તમ શાસન મળ્યું છે. સમરથમા ને હરકોરબાનાં ઉત્તમ પરિવારો મળ્યાં છે. શીરીષ સમા સ્નેહાળ ને નિષ્ઠાવાન જીવનસખામાંથી 'परार्थः सुखाय'નો ઉપદેશ મળ્યો છે પછી અન્યાશ્રયી શેને થવું? સંકીર્ણતા શેણે અનુભવવી? આવા સમયે જ વિકટ ભેદજ્ઞાન વધુ મુખરિત થાય છે તો એને વિશિષ્ટ યોગ ગણી નિરંતર પ્રભુસ્મરણમાં લીન શેણે ના બનવું? કળીયુગકવચ છે નવકારમંત્રનું સ્મરણ.સુખ-દુઃખ તો પડછાયાનો પંથવિહોણો પંથ, એની સાથે રમવાનો પણ કદીક આવશે અંત. સુખ દુઃખથી પર થઈ જઈને ચાલો આપણે ભવ-નિર્વાણની વાતો કરીએ!'' ...ને પારાવાર બહુમાન ઉમટે આ ઉત્તરનાં શ્રોતાઓને. શક્તિ ને સંસ્કૃતિની અડીખમ આકૃતિ વિચારવી હોય તો બહેન કંચનની પ્રતિકૃતિ દેખાય! એક કર્મશીલ સ્ત્રીની અડગ મૂર્તિ જોવી હોય તો તે નજરે પડે બહેન કંચનમાં જ.

બહેન કંચન જવા પામ્યાં હિમાલયનાં બદરીનાથ, હરિદ્વાર, ઋષિકેશ સમા અનેક પાવન તીર્થધામોએ.



રાજકોટમાં એકવાર દિકરી ભારતીને વિચાર આવ્યો કે તેણી જો તેની માતાની અવસ્થામાં આજે હોત તો? અને નક્કી કર્યું તેણીએ ૨૪ કલાક માટે પોતે જાણે કંચનબહેન હોય તેમ જીવવાનું. પ્રયોગ શરૂ થયો. રાતનાં ઊંઘ ન આવી ત્યારે બેસીને સતત નવકાર ગણ્યાં. સવારે ઉઠીને પ્રભુનું નામ લઈ લાકડી લઈ ડગુમગુ ચાલતાં બાથરૂમની અંદરનાં પેલા ત્રણે ય હેન્ડલ વાપરતાં-વાપરતાં નિત્યકર્મ સંપન્ન કર્યાં. નવકારશી વેળાએ દૂધ અને લોટની રાબમાં દરરોજની જેમ જ ખાખરા-બદામનો અત્યંત ઝીણો ભૂકો પલાળીને વાપર્યો. ડાઈનીંગ ટેબલ ઉપર સર્વે વાતો કરે છે અને પોતાને ખાસ સંભળાતું અથવા સમજાતું નથી તેવું પ્રતીત કર્યું, છતાં આનંદથી બધા સંગે કલાક બેસવાનો આનંદ માણ્યો. દરેકને વધુ વાપરવા ય આગ્રહ કર્યો. પછી બાઈ પાસે સ્નાન કરાવી, માથું ઓળાવી, તૈયાર થઈને નવસ્મરણ, ઋષિમંડલ, રોજની ૮ થી ૧૦

વ્હાલા નાના ભાઈ ચીમન તથા આરાધક કાંતાભાભીનો સલૂણો સમસ્ત પરિવાર.



બાધાપારાની નવકારવાળી, પંચસૂત્ર આદિ કરવા સામાયિક લીધી. પશ્ચાત્ થોડો થાક લાગતાં સૂઈ ગઈ. જમવામાં વળી બપોરે ગળેલું મોળું શાક, મોળી દાળ, એક રોટલીનો ઝીણો ભૂકો અને કૂકરનાં ખાનામાં બનાવેલા બેઠા મજાનાં ગળી ગયેલાં ભાત આરોગ્યાં. ન કોઈ ફરિયાદ-ના કોઈ સ્વાદ માટેની એષણા. ભારતીને થયું કે તેમને ચાવવાનું શું ક્યારેય મન જ નહીં થતું હોય? બપોર થતાંમાં તો ખબર પડી ગઈ કે હીંચકા ઉપરથી ઉભા થતાં-થતાં યે ત્રણવાર તો પાછા બેસી પડાય છે તેવી અવસ્થામાં તથા નિદ્રા, પગ, કાન, પાચનશક્તિ, યાદશક્તિ વગેરેએ જ્યારે રજા લેવા માંડી છે ત્યારે ય નબળાઈ સાથે હસતાં-હસતાં જીવન પસાર કરવું કે...ટલું કઠિન છે! અને આ પ્રયોગ ૨૪ કલાક ને બદલે ૬ કલાકમાં જ સમેટાઈ ગયો!

પોતાનાં મોટા જમાઈબાબુ પ્રફૂલકુમારનું સ્વાસ્થ્ય છેલ્લાં થોડાં દિવસોથી થયેલું અસ્વસ્થ. તેઓનાં જન્મદિવસ ૬ ડિસેમ્બર, ૨૦૧૨નાં રોજ સૌની વધામણી તેઓ હોસ્પીટલમાં પામ્યાં. હર પ્રસંગે હોંશિલા દેખાતા જમાઈનો અવાજ સ્હેજ ઊંડો ઉતરી ગયેલો લાગતાં બહેન કંચનને ખૂબ ચિંતા થઈ.

જો કે ભાઈ ચીમને તે પછી તરત જ બૉમ્બે હોસ્પિટલમાં બોલાવી લઈને સારવારનો દોર હાથમાં લઈ લીધો છે તે સાંભળી થોડી શાતા પણ વળી. વજન ઘટતું જતું હતું. ખોરાક લેવાતો નહીં. કરોડરજ્જુ અને પેટમાં દુખ્યા કરતું, પણ કોઈ જ કારણ પકડાય નહીં. હજુ તો બધી તપાસો જ ચાલતી હતી ત્યાં ચૌદમી તારીખે તબિયતમાં વધુ ગંભીર બદલાવ આવ્યો. ''નવકાર મારી આજુબાજુમાં ફરી રહ્યો છે. નીલુ, આ પુસ્તક 'સુનું બધું નવપદ વિનાં' હું વાચું છું. તું સાંભળ.'' એમ કહી અરિહંતપદ વાંચ્યું સ્વયં એ. પછી વધુ નબળાઈ લાગતાં નીલુનો હાથ પકડીને સાંભળ્યું પોતે તેમાંથી સિદ્ધપદ એકકાન થઈ. ''ભારતી, આ વખતે આપણે ઓળી કરવી જ છે. તું અહીં આવજે, આપણે સાથે જ કરીશું.'' આટલું કહેવા રાજકોટ ફોન કર્યો ત્યાં જ એમ.આર.આઈ.નાં ટેસ્ટનો સમય થઈ ગયો.

ત્યાં પણ શ્રી નવપદજીનાં ધ્યાનમાં જ હતાં પરંતુ તેઓને એકાએક જ શ્વાસની તકલીફ વધતાં રૂમમાં પરત ફરવું પડયું ને અનેક પ્રયત્નો છતાં શ્રી નમસ્કાર મહામંત્ર શ્રવણ કરતાં તેનાં જ શરણે વિરમી ગયાં. પળવારમાં

અચાનક હંસલો ઉડી ગયો તે જોઈ સૌ સ્તબ્ધ બન્યાં. બહેન કંચનનાં શિરે તો જાણે વીજળી પડી. 'આપણું રતન રોળાઈ ગયું...' નો આંતરવિલાપ કર્યો શીરીષની તસ્વીર સમીપ, જે કહેતી હતી જાણે:

॥ जातस्य हि ध्रुवो मृत्युः ॥

તેઓની અંતિમ કામના પૂર્ણ કરી બહેન નીલુનાં શશીબેન મહેતા પરિવારે એક અનુમોદનીય કાર્ય થકી. ચૈત્ર મહિનામાં આવતી શાશ્વતી આયંબીલની ઓળીમાં શ્રી શાંતિ-સુધાપાર્ક જૈન સંઘમાં 'ચૈત્રી-મૈત્રી પર્વ'નું અદ્‌ભૂત્ આયોજન કરી ૧૧૦૦ આયંબીલ કરાવવા ઉપરાંત પ્રભુજીની આંગી, સાંધ્યભક્તિ, સાંધ્ય પ્રવચનો તથા 'સમ્યક્ત્વ' ફિલ્મનો શૉ રાખીને શ્રી નવપદજીને નવાજ્યાં. તેમાં મમ્મીજીની અખંડ હાજરી હોવાનાં કારણે બહેન નીલુને ય એ સમય સ્હેવો સહેલો બન્યો. અંગ્રેજી લેખિકા મારવેલ




શીવ-કાંચનનાં મોટા દિકરી-જમાઈબાબુ નીલુ તથા પ્રફૂલકુમાર.

ઈ.ડેઈન્સનનો એક લેખ ધ્યાનમાં આવતાં તેનો અનુવાદ કરી નવનીતસમર્પણ સામયિકમાં મોકલતાં તે પ્રકાશિત થયેલ, 'વૈધવ્ય: વિકાસની વેળા' મથાળાં નીચે. માતા પછી પોતાની મોટીબહેનનું એ રૂપ નિહાળવું ખરે જ અઘરું હોય તેમ અનુભવાયું બહેન નલિનીનાં અન્ય ત્રણે ય ભાઈ-બહેનોને.

પોતાની ખુદની સોબતમાં ને અંદરનાં એકાંતમાં જ્યારે કેલેન્ડરનાં કાળની અને ઘડીયાળની ઘડીઓની બહારે જઈ ચડે છે આજે ક્યારેક કંચન, ત્યારે સંભળાઈ જાય છે હાક શીરીષની: 'મકુજે'. ક્યારેક ડાયરીમાં પત્ર લખાવો શરૂ થાય: 'પ્રિય શીરીષ...!' અને ત્યારે જ જો અલૌકિક સુગંધ પણ આવે તો લાગે કે આજે હું યુગલ મટીને એકલી તો થઈ છું, પણ શીવ-કાંચન ક્યારે વળી બે હતાં?

દિનાંક ૮-૯ ઑગષ્ટ, ૨૦૧૫નાં ક.શી.શાહનાં ચારે સંતાનોનાં પરિવારજનોની એક દ્વિદિવસીય સ્નેહમિલન ગોષ્ઠિ થઈ અમદાવાદ પાસેનાં ગુલમહોર ગ્રીન્સ કન્ટ્રીકલબમાં. છેલ્લા ધૂળીયા મારગે કન્ટ્રીસાઈડનો પણ અનુભવ કરાવ્યો. પહોંચ્યા ત્યારે બહેન કંચન ઉપરાંત પુત્ર-પુત્રીઓ-પુત્રવધુ-જમાઈઓ-પૌત્ર-પૌત્રી-દોહિત્રો-દોહિત્રીવહુ સહિત પૂ...રાં વીસ કંચનજાયા સૌ શોભી રહ્યાં એકસરખા લાલ ટીશર્ટમાં. બહેન કંચનને ભીની આંખે થયું સ્મરણ પોતાનાં પ્રાણપ્રિય શીરીષનું, જેની શાખા-પ્રશાખાઓની લીલ્લીછમ્મ છાંવમાં તેઓ વિહાર કરનાર હતાં આ બે દિવસ. પ્રસન્નતાનાં ઉત્તમ ચોઘડીયે પ્રારંભ થયેલ એ ગોષ્ઠિમાં પોતાનાં ગ્રાંડ ને ગ્રેટ ગ્રાંડ બાળકોની વર્તમાન કૌશલ્યભરી કરીઅરની વાતો સુણી ને બહેન કંચનને પોતાનાં રક્તે રંગાયેલ બાળકોનાં આ સુસફળ પ્રયાસો માટે ગરિમાનુભૂતિ થઈ.

પ્રેમશાસ્ત્રનાં પાઠ ભણાવતી બહેન કંચનની વિદ્યાપીઠની નિશ્રામાં સૌ એ આરપાર આનંદની મહેંક અનુભવી. એ પ્રેમભૂમિ ઉપરથી વિખૂટાં પડવું સૌ માટે વસમું બન્યું... અને બહેન કંચન તો સંતોષથી આ પ્રેમયાત્રા સંપન્ન કરી પહોંચ્યા 'કલ્પતરુ' અને શીરીષની તસ્વીર સમક્ષ કહ્યું:

'મને આટલા સુંદર ખિલખિલાટ કરતા આ પરિવારનાં ઉપહાર બદલ, આભાર શીરીષ. તમે સાંભળો તો છો ને?'

ગાર્ગી, મૈત્રેયી કે અરુંધતી સમાન તેજસ્વી, બુદ્ધિશાળી અને આદર્શ સ્ત્રીપાત્ર હોવા છતાં બહેન કંચને સમાધાનની વેદીમાં પોતાનું સ્વમાન અનેકવાર હોમ્યું છે તે સંતાનોને સમજાયું થોડાં સમર્થ થયાં પછી જ. સ્મૃતિશેષ પિતાનાં વિરહની ઋજુતાને ઢાંકીને રાખી છે માતાએ અશ્રુનાં પાલવની અંદર જ. સ્મિત-આંસુની જુગલબંદીમાં સ્મિતને જ દ્રવતું રાખ્યું છે તે પણ તેઓ સર્વેને સમજાયું ઘણાં બધા વિલંબ પછી. તેઓનાં વ્યાપક, ઊંડાણયુક્ત ને અકૃતક અનુરાગમાં દોરાભારે ય ફેર વરતાયો નથી આ ૮૫ વર્ષોમાં! સરળ, સંવેદનશીલ, નિશ્છલ, નિખાલસ અને ભીનાં ભીતરવાળી આ સંન્નારીને આવેલી મુસીબતો તો ઉઘાડી શકી છે તેમની બહિરંતર નિરામયતા જ! તકલીફોને આવકારવા કઈ રીતે નિત્ય તત્પર અને સજ્જ રહી શકાય તે શીખવાની વિદ્યાપીઠ છે તેઓ - તે ફલિત થતું જ રહ્યું.

શીવ-કાંચનનો હસતો-ખેલતો કળામય સમસ્ત પરિવાર.



૨૪ ડીગ્રી સેન્ટીગ્રેડમાં યે જાણે ૪ ડીગ્રી જેટલું ઠંડુ વાતાવરણ હોય તેવું બહેન કંચનનાં તનને લાગે છે ત્યારે પોતે જાણે કલાવીથિકામાં હોય તેવા ગરમ કપડામાં ગોટપોટ થઈ ૨૪ તીર્થંકરોનાં નામસ્મરણની હૂંફથી ફરી સજ્જ બને છે અને જાપ પૂર્ણ થયે કયારેક વિચારે છે કે શીરીષ એટલા તો વહેલા વિદાય પામ્યા કે ભાવનાનાં બાળકો રાહિલ-રચિત કે પીયૂષની દિકરી પૂજા ને ભારતીની દિકરી લિપિએ તો નાનાજી-દાદાજીની વાતો જ સાંભળવાની રહી પણ હું કેટલા સુદીર્ઘ આયુકર્મ સંગે અહીં આવી છું કે અમારા પૌત્ર કીર્તનનાં રળીયામણાં ને રાજવી રાજકોટની દિકરી રિદ્ધિ સાથે થનારા લગ્નની તૈયારી માટે ય આજે કેટલી સતેજ રહું છું અને સૌને રાખું છું!

મોટા મનસુખભાઈનાં જમાઈઓ રમેશકુમાર તથા હિતેનકુમાર, નાનાં ભાઈઓ ચંપકલાલ અને શાંતિલાલનાં સુપુત્રો ધર્મેન્દ્ર, તેજસ, નિમેષ, કુમારપાળ તથા હિંમતલાલનાં જમાઈબાબુ શ્રી હર્ષદકુમાર, અતુલભાઈ (દાઢી), રાજેશકુમાર વગેરેને જિનશાસનને ગૌરવવંતુ બનાવવાનાં અગણ્ય કાર્યોમાં જોડાયેલા જૂએ છે ત્યારે બહેન કંચનનું હૈયું આજે ગદ્‌ગદ્‌ બને છે. પૌત્ર કીર્તને વડોદરામાં જે અનોખું 'પ્રાર્થના સર્કલ' શરૂ કરેલ છે તેમાં પણ સૌ રાહ જૂએ કે કંચનબા આજે કયું ભક્તિપદ ગાશે? પરંતુ સૌને જાણ ન હોય કે તેમને તો સાંભળવા-જોવા હોય મૃદુ સ્વરે ગાતાં સુરીલાં જયશ્રી વહુ અને કીર્તન-પૂજાને જ. વળી મોટા મનસુખલાલનાં પૌત્ર-પૌત્રીઓને પણ જ્યારે ગાતાં અને ગીટાર વગાડતાં જૂએ ત્યારે બહેન કંચનને થાય કે અમારા હરકુંવરબાનો સુરીલો કંઠવારસો તેઓનાં દરેક ઘરે આજે ય સચવાયો છે.

બહેન કંચને આજે ચોથી પેઢી પણ જોઈ લીધી છે. બહેન નીલુની દિકરી આરસીનો ૧૧ વર્ષનો દિકરો હેત જ્યારે તેનાં મિત્રોને ઓળખાણ કરાવે કે આ મારાં મમ્મીનાં મમ્મીનાં મમ્મીજી છે ત્યારે બહેન કંચનની હવે સ્હેજ ઝાંખી પડેલી આંખો અને કરચલીયાળી ચામડીમાં ફરીથી હર્ષની ચમક ઉભરાઈ આવે છે. પણ હા, હવે તેઓને અધિક નિસ્બત છે નવકાર સાથે જ. ૪ ફેબ્રુઆરી, ૨૦૧૩નાં સુભગ દિને ૯ લાખ નવકારનાં જાપનો સંકલ્પ લઈને હમણાં જ ૧૯ જાન્યુઆરી, ૨૦૧૬નાં ૯ લાખ, ૫૨ હજાર, ૪૩૨ નવકાર પૂર્ણ કર્યા ત્યારે ગણત્રી એકદમ પાક્કી થઈ છે તેનો હર્ષ થયો. અમે ઉપબૃંહણા કરીએ તો તરત કહેશે: ''તમારા કાંતામામીએ તો જૂઓ,

અધધધ... ૬૮ લાખ નવકાર ગણ્યાં છે પૂર્ણ ભાવથી. તેમની વિસાતમાં તો કોઈ જ ન આવે. હવે નથી જવાતું દેરાસરે કે ઉપાશ્રયે તેનો અફસોસ છે મને તો. ઉંબરા આજે પાદર થયા છે ને પગથિયાં થયાં છે પહાડ, છતાં યે નવકાર તો મારો પરમ બેલી છે તેનો અનહદ આનંદ છે મને! રત્નજડિત પ્યાલો પણ તળિયા વગર નકામો છે. ધર્મરૂપી પાયા વગરની જીવન ઈમારતનું પણ તેવું જ છે. બાળકો, ભૂલતાં નહીં કે કર્મ જો સંયોગો આપે છે તો ધર્મ તે સંયોગોમાં કેમ જીવવું તેનો અભિગમ આપે છે.''

શીવ-કાંચનનાં બાળકોને જાણ છે કે તેઓનાં માતા-પિતાએ જન્મ તો આપ્યો પરંતુ મોક્ષની પગથાર ઉપર ચડાવવાની અવિરત જવાબદારી પણ તેઓએ જ નિભાવી છે. તેઓ બંનેના વાત્સલ્ય જલથી જ થયું છે સર્વેનાં જીવનનું સિંચન. તેઓનું સમગ્ર અસ્તિત્વ જ બન્યું છે તેઓનું સ્તુતિગાન. પૂરતું ક્યાંથી થાયે આમ શબ્દાંજલિનું દાન? નાડીઓમાં ફરી રહ્યું છે તેઓએ અર્પેલ સંસ્કાર રૂધિર, પૂરતું થઈ જ ન શકે આમ ભાવાંજલિનું સન્માન!

સ્નેહ-સંપના હિમાલયનાં ગૌરીશિખર ઉપર બિરાજમાન સમસ્ત પરિવારનાં મૂળમાં છે શીવ-કાંચનનો સંસ્કારવારસો જ. પારિવારિક મીઠાશને અકબંધ રાખવા તેઓએ લીધેલો જાણે ભેખ. ઠંડીમાં તાપણાંની હૂંફ અને ગરમીમાં કોયલની કૂક બનીને સમસ્ત પરિવાર એકમેકની પરિસર જે આજે ઊભો રહ્યો છે તે સર્વે વડીલોની નિ:સ્વાર્થ જીવનસારિણીને જ કારણે.

ધન્યપૂણ્યા છે આ પરિવારનાં સંતાનો કે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની તથા તત્વાર્થની અનેક વાતો પૂર્વજોએ સમજાવી છે અને સિદ્ધગતિ ભણી જ ગોઠવી આપ્યું છે દરેકનાં જીવનનું ટેલિસ્કોપ. એનાથી જ થયું છે સર્વેનું જતન એવં સંવર્ધન. શાસ્ત્રોમાં જેમ કહ્યું છે 'દુર્લભં જૈનકુલે જન્મ' તેમ લાગે છે તેઓને આજે જાણે 'દુર્લભં દિપચંદ મૂળચંદ શાહ પરિવારે જન્મ'.

હવે સંતાનો સૌની છે એક જ મનોકામના કે ગુર્વાશીષથી ફળે સર્વેની રૂડી પંચમંગલશ્રુતસ્કંધની સાધના અને પામીએ સૌ જ્યોતિર્મય પદ પાવના!



બહેન હેમંતીનાં લગ્નમાં શ્રી હરકુંવરબેન દિપચંદ મૂળચંદ શાહ
પરિવારજનો કહે છેઃ અમારા જીવનપૃષ્ઠોની વચ્ચેથી પસાર
થનાર દરેક યાત્રીને તેનાં પાને-પાને આ પરિવારનાં ઐક્યની
અલૌકિક સુગંધ મળે તેવી વિચારસરણીની શુચિતા પ્રગટાવીશું.

उपाध्यायाद् दशाचार्य आचार्याणां शतं पिता ।
सहस्त्रं तु पितृन्माता गौरवैणातिरिच्यते ।।

દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય ચડે,
સો આચાર્ય કરતાં એક પિતા ચડે,
અને સહસ્ત્ર પિતા કરતાં એક માતા ચડે
એમ શાસ્ત્રોમાં ગૌરવપૂર્વક કહેવાય છે.



**દિનાંક ૩ માર્ચ, ૨૦૧૭નાં રોજ ૩૦ વર્ષ પૂરાં થશે બહેન કંચનનાં પ્રિય હૃદયનાથ શીરીષની વિદાયને! શીરીષનો પત્ર આવે ત્યારે ઘેલી બની જનાર કંચન અને બીજો પત્ર ન આવે ત્યાં સુધી અગણિત વાર તે જ પત્ર વાંચ્યા કરતી કંચને શીખી લીધું છે હવે તેઓના વગર એકલું જીવતાં - તો યે હૃદય અને આંખોનાં કૂવા આજે ત્રણ દસકાં પછી ય તેને યાદ કરીને છલકાયા તો કરતાં જ હોય! 'કોઈનાં પ્રત્યે દ્વેષ નહીં અને આપણાં પૂરતો પ્રેમ નહીં' એ તત્વજ્ઞાનનાં પાયા ઉપર ઉભેલી તેમની જીવન ઈમારત આજે ૮૫ વર્ષની પૂર્ણાહૂતીએ પણ આત્મસંયમ, ધૈર્ય અને નિઃસ્વાર્થ સ્નેહનાં ત્રિભેટે અડીખમ ઉભી છે.**

જન્મનાં સૂર્યોદયની વેળાએ આભ જે રીતે કેસરી હતું તે જ રીતે હવે જીવનસંધ્યાએ પુનઃ કેસરી આભ થવા માંડયું છે એમ પ્રતીત થાય છે બહેન કંચનને. તો ય તેને 'ફાગણી વસંત આવી' એમ જ સમજીને કેસૂડાં સમું હાસ્ય વેરે અને સૌને થાય જાણે તેઓ ઉજવી રહ્યાં છે વસંતોત્સવ!

કદીક પોતાનાં કબાટમાં પડેલી પેલ્લી નાની કાળી થેલીમાં રહેલાં શીરીષનાં શતાધિક પત્રો તથા તેની ડાયરી સામે જૂએ અને સાહચર્યનાં એ સલૂણાં દિવસોની સ્મૃતિ સાંભરી આવે... કિન્તુ પરંતુ કેળવેલી નિઃસ્પૃહતાને કારણે તરત એમાં સમાધાન મળી જ જાય કેઃ 'હું કેવી પૂણ્યશાળી કે આવા ઉત્તમોત્તમ જીવનસખા પામી.' મનમાં હજુ યે તેનાં મનમીત સાથે સંવાદો તો ચાલુ જ હોય. ક્યારેક બે આંસુ ખાળી ન પણ શકે છતાં યે મજબૂત મનોબળનાં સહારે જીવનનૌકા આનંદથી સર્-સર્ સરકે છે તેનું મૂલ્ય ઘણું છે બહેન કંચનને. વાત્સલ્યમૂર્તિ, સંસ્કારદાત્રી ને કલ્યાણધાત્રી માતાનાં આંતરિક પડાવોને ઓળખીને અહર્નિશ તેઓનાં પૂણ્યની અનુમોદના કરે છે તેનાં સંતાનો આજે.

બહેન કંચનનું ધ્યાન રોજે એકવાર તો હજુ જાય જ છે શીવ-કાંચનની એ તસ્વીર ઉપર, જે ભાઈ ચીમને તેની ૧૫ વર્ષની

નટખટ ઉંમરે શીવ-કાંચન ક્યારેય પૂર્વે એકબીજાને જોયેલા-મળેલા ન હોવા છતાં બે અલગ-અલગ તસ્વીર લઈને તેને એ સમયમાં યે અમરેલીનાં એક સ્ટુડિયોમાં ભેગી કરાવી, તેને ફ્રેમમાં મઢાવી નીચે લખાવેલું:

'જુગ જુગો નવલ-નવલી સ્નેહબેલડી,
આનંદોમાં શીવ-કંચન જીવજો જુગ-જુગો !'

કેસર-બરાસની સુરભિ અને સુરખી સહિતનું બહેન કંચનનું મન જ્યારે ઢીલું પડે કે તરત હવામાં અનવરત ગૂંજી રહે છે એક અવ્યક્ત સ્વર શીરીષનો:


''મકુજે, આકાશ અગર તૂટે તુજ પર, પરવા ન કર!
હિંમત સે કામ લે ઔર કદમ-કદમ બઢાયે જા!''

શીવ-કાંચનનાં સંતાનોનાં હૃદયમાંથી જ્યારે ભીની સંવેદનાઓ ઝરે છે ત્યારે રક્તનો, દૂધનો, આંસુનો, નિઃસ્વાર્થ સ્નેહ આદિનો પ્રવાહ વહેવડાવનાર માતા-પિતા પરત્વે સન્માનનો પ્રવાહ વહે છે અને સહજ પ્રાર્થના થાય છે:

મળે શું ના વિશ્વે, માતૃ-પિતૃ કૃપા આશિષ બળે;
મહાવિદ્યા મંત્રો, સકલજનનાં વાંછિત ફળે,
અહો એ સૌભાગ્ય સુર પણ નમે આદર કરે...
પ્રભો! દેજો એવી જનક-જનની કૃપા દરેક ભવે!!

૬૮ તીર્થનો સાક્ષાત્કાર ક્યારેય મૃત્યુ ન પામી શકે.
જે જન્મ આપે છે તે અમર જ હોય છે!

॥ ॐ शांति शांति शांतिः ॥



જુગ જુગો નવલ-નવલી સ્નેહબેલડી,
આનંદોમાં શીવ-કંચન જીવજો જુગ-જુગો !

# શીવ-કાંચન કલ્પતરુ



માતા કંચનબેન તથા પિતા શીવલાલભાઈ
મોક્ષપર્યંત જન્મોજન્મ અમારી માર્ગશિલા તમે જ બનજો.

માતા સાથે 'શાતા'નો પ્રાસ મળે છે. ખરે જ, જન્મની ક્ષણથી તમે જ અમોને અર્પી છે વિવિધ પ્રકારે શાતા. પિતા સાથે 'ગીતા'નો પ્રાસ મળે છે. ખરે જ, જીવન કેમ જીવાય તેનું રહસ્ય અને ઉપદેશ પામ્યા છીએ તવ જીવનગીતામાંથી જ!

માતા પાહિણીદેવીને શ્રમણી બન્યાં પછીનાં અંતિમ સમયે પુત્રરત્ન કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ આપ્યા ૧ કરોડ નવકાર મંત્ર અને ૩ લાખ શ્લોકનું મબલખ પૂણ્ય!
અમે શું આપીશું?

www.fiestadesigns.in